વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૯મું
ઓગસ્ટ : ૨૦૨૪
અંક : ૫૫૫

મંગલ મંદિર ● ઓગસ્ટ-૨૦૨૪ ● ૧
(કુલ પાના : ૬૦)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર










: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org




# વિશ્વસનીયતા અનુભવો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

*તા. ૨૨-૦૭-૨૦૨૪*

## વાર્ષિક સામાન્ય સભાનો પરિપત્ર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની **૩૭મી વાર્ષિક સામાન્ય સભા, રવિવાર તા. ૨૫-૦૮-૨૦૨૪ ના રોજ સવારે ૯.૦૦ કલાકે** "શ્રી કચ્છી જૈન ભવન", પાલડી ખાતે સંસ્થાના કાર્યાલયમાં મળશે. આ સભામાં સંસ્થાના ***ફક્ત નોંધાયેલા*** સભ્યોને પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

## સામાન્ય સભાની કાર્યસૂચિ

૧. *સવારે ૯.૦૦ વાગ્યાથી જો જરૂરિયાત જણાશે તો નીચે મુજબ ચૂંટણી કરવામાં આવશે.*
બંધારણની કલમ-૫(૨) મુજબ નિવૃત્ત થતા ૩ (ત્રણ) દાતા ટ્રસ્ટીઓની તથા નિવૃત્ત થતા ૨ (બે) માનદ્ ટ્રસ્ટીઓની તથા નિવૃત્ત થતા ૧ (એક) સ્વજન ટ્રસ્ટીની ખાલી પડેલી જગ્યા ઉપર ચૂંટણી / વરણી કરવામાં આવશે. તથા બંધારણની કલમ-૫(૩) મુજબ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ (છ) સભ્યોની ખાલી પડેલી જગ્યા માટે ચૂંટણી/વરણી કરવામાં આવશે. જો ચૂંટણી થશે તો આ વખતે કોમ્પ્યુટર સિસ્ટમથી કરવામાં આવશે. જરૂર પડેથી આ અંગેની સમજ આપવામાં આવશે.

૨. ગત તા. ૩૦-૦૭-૨૦૨૩ના રોજ મળેલ સામાન્ય સભાની કાર્યવાહીની નોંધનું વાંચન અને બહાલી આપવા બાબત.

૩. ગત વર્ષ દરમિયાન થયેલ કાર્યવાહીનો અહેવાલ અને તેને બહાલી આપવા બાબત.

૪. વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના ઓડિટ થયેલ હિસાબો મંજુર કરવા બાબત.

૫. વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે ઓડિટરશ્રીની નિમણૂક કરવા બાબત.

૬. પ્રમુખશ્રીની સંમતિથી રજૂ થનાર અન્ય બાબતો અંગે યોગ્ય નિર્ણય લેવા બાબત.

**વિશાલ એમ. શાહ**
**સહમંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**<u>તા.ક.</u> :**

*(૧) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક બાદ ફરીથી તે જ સ્થળે મળશે ત્યારે તેને કોરમનો બાધ રહેશે નહીં.*

*(૨) વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના ઓડિટ થયેલ હિસાબો અંગે જેમણે જે કંઈ પૂછવાનું હોય તેમણે પોતાનાં સૂચનો, પત્ર દ્વારા તા. ૧૮-૦૮-૨૦૨૪ સુધીમાં પાલડી ઓફિસે સાંજના ૧૭.૦૦ કલાક સુધી મોકલી આપવા. વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના હિસાબો લખેલ ચોપડા જેમણે નિરીક્ષણ કરવાના હોય તેઓ તા. ૨૨-૦૮-૨૦૨૪ સુધી, ઓફિસ સમય દરમિયાન (રવિવાર તથા જાહેર રજાના દિવસ સિવાય) પાલડી ભવન પરની ઓફિસે, એકાઉન્ટન્ટ પાસેથી મેળવીને નિરીક્ષણ કરી શકશે તથા ખુલાસો મેળવી શકશે.*

***(૩) તા. ૨૫-૦૨-૨૦૨૪ બાદ નોંધાયેલ સભ્યો સભામાં હાજરી આપી શકશે, પરંતુ બંધારણ અનુસાર ઉમેદવારી કે મતદાન કરી શકશે નહીં.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

*તા. ૨૨-૦૭-૨૦૨૪*

## ચૂંટણી પંચની રચના

સામાન્ય સભાએ નક્કી કરેલ ચૂંટણીના નિયમ-૧ મુજબ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ટ્રસ્ટ મંડળના નિવૃત્ત થતા ૬ તેમજ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ સભ્યોની ખાલી થતી જગ્યા ઉપર વર્ષ ૨૦૨૪-૨૫ માટે ચૂંટણીનું કાર્ય નિયમ મુજબ ચલાવવા માટે નીચેના ત્રણ સભ્યોની ચૂંટણી પંચ તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| **પ્રદીપ સૂરજલાલ મહેતા** | **અશ્વિન હીરજી સાવલા** | **નરેન્દ્ર જયંતીલાલ કોઠારી** |
| સભ્ય – ચૂંટણી પંચ | કન્વીનર – ચૂંટણી પંચ | સભ્ય – ચૂંટણી પંચ |
| મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦ | મો. ૯૮૨૫૯ ૩૮૭૭૧ | મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫ |

*ટ્રસ્ટ મંડળ વતી,*

**પ્રતાપ નારાણજી દંડ**

*મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિ માટે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત

સંસ્થાના બંધારણ અનુસાર આ વર્ષે નિવૃત્ત થતા વિવિધ કેટેગરીના ૬ ટ્રસ્ટીઓ તેમજ ૬ કારોબારી સભ્યોની વર્ષ ૨૦૨૪-૨૦૨૭ માટે ચૂંટણી કરવાની નીચે પ્રમાણે અમો જાહેરાત કરીએ છીએ.

- **વિભાગ-૧ દાતા ટ્રસ્ટીઓ (૩ જગ્યા)**

બંધારણની કલમ-૫(૨) મુજબ આ વિભાગમાં મુરબ્બી સભ્યો, પેટ્રન સભ્યો અને ટ્રસ્ટના પ્રતિનિધિ સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય છે :

૧. શ્રી પ્રતાપ નારાણજી દંડ
૨. શ્રી હિરેન કુંવરજી શાહ
૩. શ્રી ગિરીશ હીરજી દેઢિયા

- **વિભાગ-૨ સામાન્ય ટ્રસ્ટીઓ (માનદ્ ગ્રુપ) - (૨ જગ્યા)**

બંધારણની કલમ-૫(૨) મુજબ આ વિભાગમાં માનદ્ સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય છે :

૧. શ્રી મુકેશ મૂળજી સાવલા
૨. શ્રી વિશાલ મહેન્દ્ર શાહ

- **વિભાગ-૩ સામાન્ય ટ્રસ્ટીઓ (સ્વજન ગ્રુપ) (૧ જગ્યા)**

બંધારણની કલમ-૫(૨) મુજબ આ વિભાગમાં સ્વજન સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટી નિવૃત્ત થાય છે.

૧. ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ

- **કારોબારી સભ્યો :**

બંધારણની કલમ-૫(૩) મુજબ કારોબારી સમિતિમાં સમાજના નોંધાયેલા સભ્યો ઉમેદવારી કરી શકશે.

આ વિભાગમાં નીચેના કારોબારી સભ્યો નિવૃત્ત થાય છે.

(૧) શ્રી મનીષ આણંદજી વીરા
(૨) શ્રી ધનરાજ રામજી દેઢિયા
(૩) શ્રી સંજય કીર્તિલાલ સંઘવી
(૪) કવિતા નવીનચંદ્ર સતરા
(૫) શ્રી રાજેશ ખીમચંદ ધરમશી
(૬) શ્રી દેવેશ દિલીપ દંડ

આ મુજબ ૬ ટ્રસ્ટીઓ અને ૬ કારોબારીના સભ્યોની ચૂંટણી કરવાની છે અને તે માટે ઉમેદવારી પત્રકો મંગાવવામાં આવે છે.

- **નોંધ :**
  1. નિવૃત્ત થતા સભ્યો ફરીથી ઉમેદવારી કરી શકશે.
  2. ટ્રસ્ટી તરીકે સ્વજન સભ્યો તેમજ ૩૫ વર્ષથી નીચેની ઉંમરના સભ્યો ઉમેદવારી કરી શકશે નહીં.
  3. સભ્યોએ અધિકૃત ફોર્મમાં માંગવામાં આવેલ પૂરી વિગત સાથે ઉમેદવારી પત્ર ભરીને આપવાનું રહેશે. અધૂરી વિગતવાળું પત્રક રદ થવાને પાત્ર ગણાશે.
  4. જે તે કેટેગરીના સભ્યો, ટ્રસ્ટીપદ માટે તે જ કેટેગરીમાં ઉમેદવારી કરી શકશે.

- **ચૂંટણી પ્રક્રિયાનો કાર્યક્રમ**
  1. ઉમેદવારી પત્રો સમાજની પાલડી ઓફિસેથી તા. ૦૧-૦૮-૨૦૨૪ ગુરૂવારથી તા. ૦૮-૦૮-૨૦૨૪ ગુરૂવાર દરમિયાન સવારના ૧૦થી સાંજના ૫ વાગ્યા સુધી મળશે.
  2. પૂરેપૂરાં ભરેલાં ઉમેદવારી પત્રકો બંધ કવરમાં તા. ૦૯-૦૮-૨૦૨૪, શુક્રવારના સાંજના ૫ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.
  3. ઉમેદવારી પત્રકોની ચકાસણી કરી ઉમેદવારોનાં નામ તા. ૧૦-૦૮-૨૦૨૪, શનિવારના સાંજે ઓફિસના નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.
  4. તા. ૧૬-૦૮-૨૦૨૪, શુક્રવારે સાંજના ૫ વાગ્યા સુધી ઉમેદવારો પોતાનાં ઉમેદવારી પત્રકો પાછાં ખેંચી શકશે.
  5. ઉમેદવારોની છેલ્લી પરિસ્થિતિની વિગતો તા. ૧૭-૦૮-૨૦૨૪, શનિવારે સાંજે સમાજની ઓફિસે નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.
  6. જરૂર પડ્યે ચૂંટણી તા. ૨૫-૦૮-૨૦૨૪, રવિવારની સામાન્ય સભામાં સવારના ૯.૦૦ વાગ્યાથી કરવામાં આવશે અથવા બિનહરીફ ચૂંટાયેલ ઉમેદવારનાં નામો જાહેર કરવામાં આવશે.
  7. સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. (સમય : સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ દરમ્યાન / હાજર રહેલા સભ્યો મતદાન કરી લે ત્યાં સુધી / ચૂંટણી પંચ મતદાન પૂરું થયેલ જાહેર કરે ત્યાં સુધીનો રહેશે.)
  8. કોઈપણ ઉમેદવાર સ્વેચ્છાએ ચૂંટણી પંચ સમક્ષ જાતે હાજર થઈને અથવા પત્ર દ્વારા છેલ્લા દિવસે પણ ઉમેદવારી પાછી ખેંચી શકશે. એ કારણે જો કોઈ અન્ય ઉમેદવાર બિનહરીફ થાય તો ચૂંટણીની જરૂરત નહીં રહે.

***નોંધ*** : (૧) તા. ૨૫-૦૨-૨૦૨૪ સુધી નોંધાયેલા સમાજના સભ્યો જ ઉમેદવારી કરી શકશે તેમજ મત આપી શકશે. (૨) ચૂંટણી અંગેની કોઈ કાર્યવાહી અંગે મતભેદ - વાદવિવાદ થાય તો તે અંગે ચૂંટણી પંચનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

| **અશ્વિન હીરજી સાવલા** | **પ્રદીપ સૂરજલાલ મહેતા** | **નરેન્દ્ર જયંતીલાલ કોઠારી** |
|---|---|---|
| **કન્વીનર – ચૂંટણી પંચ** | **સભ્ય – ચૂંટણી પંચ** | **સભ્ય – ચૂંટણી પંચ** |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ૭૮મો સ્વાતંત્ર્ય દિન – ધ્વજ વંદન કાર્યક્રમ

### જાહેર આમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવા જઈ રહ્યો છે. તે નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પટાંગણમાં તા. ૧૫-૦૮-૨૦૨૪ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ધ્વજવંદન કરવામાં આવનાર છે.

***આથી સમાજના દરેક સભ્ય પરિવારને ઉપરોક્ત કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.***

| **રજનીકાંત પારેખ** | **પ્રતાપ નારાણજી દંડ** |
|---|---|
| **માનદ્ મંત્રી** | **મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ** |

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

**મંગલ મંદિરને**

**સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની**

**હાર્દિક શુભેચ્છાઓ**

જીવશો ત્યાં લગી
ઠોકરો તો લાગ્યા જ કરશે
પણ ઉઠવું તો આપણે જાતે જ પડશે.
કેમ કે જ્યાં સુધી શ્વાસ ચાલે છે
ત્યાં સુધી કોઈ ખભો દેવા
નહીં આવે!

મોભી એટલે પરિવારને માથે લગાવેલો
એવો ટફન ગ્લાસ
કે જે મુશ્કેલીના સમયે ખૂદ તૂટી જશે
પણ પરિવારને
આંચ આવવા નહીં દે.

**સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર**

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

છેલ્લા ૪૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**

**કવર પેઇજ ડિઝાઇન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો વાર્ષિક સામાન્ય સભાનો પરિપત્ર ........ ૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૭૮મો સ્વાતંત્ર્ય દિન – ધ્વજ વંદન કાર્યક્રમ : જાહેર આમંત્રણ ........ ૫

**તંત્રી લેખ :**

- કચ્છ અને નર્મદાના ખેતી માટેના પાણી ........ **અશોક મહેતા** ....... ૯

**પ્રેરણાત્મક પ્રસંગો**

- મણકો-૧૩ : તેમણે સ્વપ્નમાં પણ નહીં વિચાર્યું હોય ........ **સંકલન : ડૉ. આશિષ ચોક્સી** ..... ૧૧
- મણકો-૧૪ : ગાંધીજીનો જવાબ ........ ૧૧

**સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો**

- મણકો-૮ : મહર્ષિ યોગી અરવિંદ ઘોષ ....... **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ** ..... ૧૨

**એરિસ્ટોક્રેટ્સ**

- પ્રકરણ-૫ : અંબાલાલ સારાભાઈ – ૫ ........ **દેવેન્દ્ર પટેલ** ..... ૧૩

**આઝાદીની લડત**

- ઓગસ્ટ ક્રાંતિ અને કચ્છ ........ **જગદીશચંદ્ર છાયા** ..... ૧૬

**અતીતની યાદો**

- ૧૯૪૪ના ગોદીના ધડાકાઓએ મુંબઈને હચમચાવી નાંખેલ કચ્છીઓ કચ્છમાં ભાગ્યા ........ **હીરાલાલ વી. ઉનડોઠવાલા** ..... ૧૯

**ક્રિકેટ**

- વિશ્વ વિજેતાની વાતો ........ **મયુર દેઢિયા** ..... ૨૧

**વિચારમંચ**

- કર્મનો સિદ્ધાંત પુનઃમૂલ્યાંકન માંગે છે ........ **ડૉ. નાનકભાઈ ભટ્ટ** ..... ૨૪

**વિવિધતા**

- જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો : લેખાંક-૫ ........ **દૃષ્ટિ મહેતા / ચેશા મહેતા** ..... ૨૬

**વિશિષ્ટ દિવસ**

- રાષ્ટ્રીય પેટ્રોલિયમ દિવસ ........ **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૨૭

**તંદુરસ્તી**

- "શરીરમાં તકલીફ થાય છે પરંતુ રીપોર્ટ બધા નોર્મલ છે." ...... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૨૯
  – શું માનસિક બીમારી છે? : ભાગ-૩ **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- શું માનસિક રોગ એટલે ગાંડપણ? ........ **ડૉ. હર્ષિલ શાહ** ..... ૩૧
- **Piles** – મસા વિશે કેમ જાણવું જરૂરી છે? ........ **ડૉ. તપન શાહ** ..... ૩૨
- ચક્કર – **Vertigo** ★ અંધારા – **Giddiness** ........ **ડૉ. કમલેશ એન. શાહ** ..... ૩૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## વિવિધ પ્રકારના ધાનો

● દ્વિદળ ........ **સંકલન : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૩૪

## તીર્થ દર્શન

● દર્શન-૫૮ : શ્રી જીરાવલા તીર્થ (શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન)
● દર્શન-૫૯ : શ્રી બામણવાડા તીર્થ (શ્રી મહાવીર ભગવાન) ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૩૬

## અન્ય સંસ્થાઓના સમાચાર

● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૩૭

## નિયમિત વિભાગો

● સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૧૬ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૪૦
● ઉડતી નજરે ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૨
● ***Nano Nine*** શબ્દ રમત-૨૦૯ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૩
● પ્રતિભાવ ........ ૪૪
● ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૬૭) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૫
● આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૧૩ : ડૉ. ચાર્મી શાહ ........ **અશોક મહેતા** ..... ૪૬
● દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા** ..... ૪૮
● જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૫૦

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર

● ૭૮મો સ્વાતંત્ર્ય દિન – ધ્વજ વંદન કાર્યક્રમ : જાહેર આમંત્રણ ........ ૫૨
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૫૨
● 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ........ ૫૭
● શ્રી કચ્છી જૈન સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ. - અમદાવાદ ........ ૫૭
● સરનામા ફેરફાર ● સાભાર સ્વીકાર ........ ૫૮
● સમાજનું ગૌરવ : કીર્તિ રાજેશભાઈ સંઘવી ........ ૫૮

## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો

● કાંટોલા ........ **કેતના છેડા 'કેતુ'** ..... ૨૫
● નડતા હતા ........ **અરવિંદ સોમૈયા** ..... ૩૧
● ઈશ – ઈન્સાનની ખીલી ........ **ધીરજલાલ ડી. તન્ના** ..... ૩૫

*આપણી આજુબાજુ જીવતા લોકોની સાથે થતી આપણી ચઢતી કે ઊતરતી તુલના અંતે તો દુઃખનું જ કારણ બને છે. કારણકે દરેકનું પ્રારબ્ધ અને પુરુષાર્થ જુદા જુદા જ હોય. એટલે વિચારો અને દૃષ્ટિકોણ સાથે પરિણામ પણ સ્વાભાવિક જ ભિન્ન રહેવાના.*

*દરેક સ્થિતિમાં કાં તો મન અને બુદ્ધિને સ્થિતિ અનુરૂપ સ્થિર રાખતા આવડી જાય અથવા તો દરેક વ્યક્તિ કે પરિસ્થિતિનો સહજ સ્વીકાર કરતા આવડી જાય, તો દુઃખ કે પીડા રહેવાની શક્યતા નહિંવત્ બની જાય છે.*

*સ્વીકારમાં સુખ, અસ્વીકારમાં દુઃખ.*

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# કચ્છ અને નર્મદાના ખેતી માટેના પાણી



અશોક મહેતા

## સોમવાર તા. ૨૨ જુલાઈ ૨૦૨૪ના વર્તમાન પત્રમાં સમાચાર :

**ભાજપના ધારાસભ્યોનો બળાપો :** અમારી સરકાર છતાં અમારા કામો થતા નથી. ૧૫ વખત રજૂઆત કરાઈ પણ સરકારી જમીન પર દબાણો દૂર કરાયા નથી. સરકારી બાબુઓ ધારાસભ્યોને ગાંઠતા નથી. તંત્ર એવું ફૂટેલું છે કે અમારી ફરિયાદનો પત્ર અધિકારીઓ આક્ષેપિત લોકોને બતાવે છે.

## રવિવાર, તા. ૨૧ જુલાઈ ૨૦૨૪ના વર્તમાન પત્રમાં સમાચાર :

નર્મદા નિગમના અધિક્ષક ઈજનેર જે. જે. પંડ્યાને ફરજિયાત નિવૃત્ત કરી દેવાયા... રાજ્ય સરકારના જાહેર સાહસો પણ ભ્રષ્ટાચારથી ખદબદી રહ્યા છે.

★

ઉપરોક્ત હકીકતના અનુસંધાને આપણે કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી અને વધારાના પાણીની વિગતોની સમીક્ષા કરીએ.

ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર વગેરે રાજ્યો વચ્ચે નર્મદા નદીના પાણીની ફાળવણીનો ઝઘડો હતો. એ પ્રશ્નનું નિરાકરણ લાવવા કેન્દ્ર સરકારે વર્ષ ૧૯૬૯માં જળપંચની રચના કરી. વર્ષ ૧૯૭૯માં આ જળપંચનો ચુકાદો આવ્યો. એ ચુકાદાના પરિણામે નર્મદા નદીના ૨૮ એમ.એ.એફ.પાણીમાંથી મધ્ય પ્રદેશને ફાળે ૧૮ એમ.એ.એફ, ગુજરાતને ફાળે ૯ એમ.એ.એફ. અને મહારાષ્ટ્ર તથા રાજસ્થાનના ફાળે અડધો-અડધો એમ.એ.એફ. પાણી આવ્યા.

ગુજરાતને ફાળવાયેલ ૯.૦ એમ.એ.એફ. પાણીમાંથી કચ્છને ભાગે ૦.૨ M.A.F. પાણી ફાળવાયા, કે જેનાથી ૯૫,૦૦૦ એકરમાં સિંચાઈના પાણીથી ખેતી થઈ શકે. આ પાણી કચ્છની ખેતી માટે પ્રમાણમાં ખૂબ ઓછા હોવાથી તે માટે કચ્છની જનતાએ ‘કચ્છ જળસંકટ નિવારણ સમિતિ’ દ્વારા લડત આપી અને સરવાળે આ પાણી ૦.૫ એમ.એ.એફ થયા કે જેનાથી કચ્છની ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં ખેતી થઈ શકે.

એજ રીતે વર્ષ ૨૦૦૬માં નર્મદા નદીના વધારાના પાણીમાંથી ૧.૦૦ એમ.એ.એફ પાણી કચ્છને ફાળવવામાં આવ્યા કે જે અનુસાર જળસિંચાઈ વિભાગે આયોજન કર્યા કે આ વધારાના પાણીથી ચોમાસું (ખરીફ) પાક, ૩,૧૦,૧૩૦ હેક્ટરમાં અને શિયાળુ (રવિ) પાક ૫૮,૧૧૦ હેક્ટરમાં થઈ શકશે. ટોટલ ૩,૬૮,૨૪૦ હેક્ટરમાં એટલે કે ૯,૨૦,૬૦૦ એકર જમીનમાં વધારાના પાણીથી ખેતી થઈ શકશે.

આમ નિયમિત પાણીથી ૨,૮૫,૦૦૦ એકર અને વધારાના પાણીથી ૯,૨૦,૬૦૦ એકર એટલે કે નર્મદા નદીના પાણીથી કચ્છમાં ટોટલ ૧૨,૦૫,૬૦૦ એકરમાં સિંચાઈ કરી વિવિધ પાકો મેળવી શકાશે. જો કે કચ્છમાં સિંચાઈ માટેની જમીન ૪૦ લાખ એકરથી પણ વધુની અંદાજવામાં આવે છે.

આ રીતે નર્મદા નદીના ૧૯૭૯ બાદ ફાળવાયેલ ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણી અને વર્ષ ૨૦૦૬માં ફાળવાયેલ ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી દ્વારા કચ્છની જમીનમાં જે ૧૨ લાખ એકરમાં સિંચાઈના પાણીથી ખેતી થઈ શકવાની હતી તે કાર્યની આજે એટલે કે ૧૯૭૯ બાદ વર્ષ ૨૦૨૪માં એટલે ૪૫ વર્ષ બાદ શું પરિસ્થિતિ છે તેની વિગતોમાં જઈએ.

નર્મદા નદીની ગુજરાત માટેની મેઈન કેનાલ નવાગામ ડેમથી રાજસ્થાનની સરહદ સુધી ૪૮૫ કિ.મી. લાંબી છે. આ મેઈન કેનાલના ૩૮૫ કિ.મી.ના અંતરે દિયોદર તાલુકાના હમીરપર ગામ પાસેથી કચ્છ બ્રાંચ કેનાલ શરૂ થાય છે કે જેની લંબાઈ હમીરપરથી માંડવી સુધી ૩૬૦ કિ.મી.ની છે અને આ કેનાલના કામો પૂર્ણ થઈ ગયેલ છે. પરંતુ એ કેનાલ એટલી તકલાદી બનેલ છે કે વારે ઘડીયે અનેક સ્થળેથી તે તૂટી જવા પામે છે.

આ મેઈન કેનાલમાંથી અનેક સ્થળેથી બ્રાંચ કેનાલ, સબ બ્રાંચ કેનાલ, માઈનોર કેનાલ, સબ માઈનોર કેનાલ બનાવવામાં આવે અને ત્યાર પછી એ જે-તે ગામની મંડળીઓને સોંપવામાં આવે કે જ્યાંથી જે-તે ગામના વિસ્તારના ખેતરોમાં પાણી પહોંચાડવામાં આવે.

આપણી કમનસીબી એ છે કે આ ૪૫ વર્ષ પછી પણ કચ્છના એક પણ ખેતરની એક પણ એકર જમીનમાં ન તો નર્મદા નિગમ દ્વારા નિયમિત પાણી પહોંચાડવામાં આવ્યા છે કે ન તો જળ સિંચાઈ વિભાગ દ્વારા વધારાના પાણી પહોંચાડવામાં આવ્યા છે. આ રીતે કચ્છના ૧૨ લાખ એકરના વિસ્તારમાં નર્મદા નદીના પાણીથી જે ખેતી થવાની હતી તે હજુ અધ્ધરતાલ લટકે છે.

આ માટે કચ્છના જાહેર જીવનના સેવકો નર્મદા નિગમ કે જળસિંચાઈ વિભાગની ઓફિસમાં જઈને તપાસ કરે છે તો તેમને એક જ જવાબ મળે છે કે કામો હજુ ચાલુ છે. ખેતરોમાં પાણી ક્યારે પહોંચશે, તો તેનો કોઈ જવાબ નથી.

આ લેખની ઉપરમાં લખ્યા મુજબ કચ્છના ધારાસભ્યો કે સંસદસભ્યોનું આ અધિકારીઓ પાસે કંઈ ઉપજતું નથી

અને લખ્યા મુજબના મુદ્દા પ્રમાણે નિગમના કે જળસિંચાઈ વિભાગના અધિકારીઓ ભ્રષ્ટાચાર કરી કોન્ટ્રાક્ટરોના ખૂબજ નબળા કામને મંજૂરી આપી આગળની કાર્યવાહી ચાલુ રાખે છે.

આ પ્રકારના આયોજન અને ભ્રષ્ટાચાર સામે કચ્છની જનતામાંથી એક સાથે જે અવાજ ઉઠવો જોઈએ તે ન ઉઠી શક્વા છતાં નીચે મુજબના કારણો અંગે ગંભીરતાપૂર્વક વિચારવું તો ખૂબ જ જરૂરી છે.

૧. કચ્છના વાગડ વિભાગ એટલે કે રાપર – ભચાઉ વિભાગ કે જેમને નિયમિત પાણી દ્વારા ૧,૬૦,૦૦૦ એકર ખેતીની જમીન માટે પાણી મળવાનું હતું, તેઓએ આ કેનાલ પર ઠેર ઠેર ડિઝલ પંપ મૂકી, પોતાના ખેતર સુધી પાઈપ લાઈન મૂકી, આ પાણીનો ગેરકાયદેસર વપરાશ (કોઈપણ જાતના પાણીના બીલના પેમેન્ટ કર્યા વગર) કરે છે કે જેથી તેમને જરૂરિયાત કરતાં પણ વધુ પાણી મળી રહે છે. તેથી તેઓ શાંતિથી બેઠા છે. બાકી રહેતા વિભાગના કચ્છના ખેડૂતો કે જેમને ૧,૨૦,૦૦૦ એકરની સિંચાઈ માટે પાણી મળવાના હતા તેઓ પણ લડત કરવાની હિંમત હારી ગયા છે.

૨. વધારાના પાણી માટેની કેટલીક બ્રાંચના કામ હજુ તો ચાલુ છે અથવા તો હજુ કેટલીક બ્રાંચના ટેન્ડર પણ નથી નીકળ્યા.

૩. ભ્રષ્ટાચારના કારણે કેનાલમાં ઠેર ઠેર ગાબડા પડે છે કે જે પાણી આજુબાજુની જમીનમાં જઈ ખૂબ જ નુકસાન પહોંચાડે છે.

૪. ગુજરાતના ૧૪ જિલ્લામાંથી માત્ર કચ્છ એક જ એવો જિલ્લો છે કે જ્યાંની એક પણ એકર જમીનમાં નર્મદા નદીના ખેતી માટેના પાણી પહોંચ્યા નથી.

ઉપરોક્ત ચારે મુદ્દામાં કચ્છને ખૂબ જ અન્યાય થતો હોવા છતાં કચ્છની પ્રજાનો અવાજ એટલે નહીં ઉઠી શકતો હોય કે ધરતીકંપ બાદ કચ્છમાં જે ઉદ્યોગો આવ્યા અને તેના કારણે ચારેબાજુ જે વ્યાપાર, ધંધા, રોજગાર ખીલી ઉઠ્યા તેનાથી કચ્છની પ્રજાએ સંતોષ મેળવી લીધેલ હોય.

કચ્છના રાજકીય તથા સામાજિક આગેવાનોએ આ પ્રશ્ન હાથ પર લઈ કચ્છની વિકાસકૂચમાં એક કલગી વધુ લગાડી શકે તો તેનાથી ઉત્તમ શું હોઈ શકે?

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો-૧૩ : તેમણે સ્વપ્નમાં પણ નહીં વિચાર્યું હોય
# મણકો-૧૪ : ગાંધીજીનો જવાબ

• સંકલન •
ડૉ. આશિષ ચોક્સી

## મણકો - ૧૩ : તેમણે સ્વપ્નમાં પણ નહીં વિચાર્યું હોય

★ આશરે ૨૭ વર્ષ પહેલા નવી દિલ્હીની ઈન્દ્રપ્રસ્થ એપોલો હૉસ્પિટલમાં બે વર્ષના સંજય કાંડાસ્વામીનું લીવર ટ્રાન્સપ્લાન્ટ થયું. ભારતમાં પહેલું લીવર ટ્રાન્સપ્લાન્ટ હતું. આજે સંજય હવે ડૉ. સંજય કાંડાસ્વામી થઈ ગયા છે. બેંગ્લોરની એપોલો હૉસ્પિટલમાં દર્દીઓની સંભાળ રાખે છે.

★ ૧૯૯૧ - ૧૯૯૨ના સમયની વાત છે. ફિલ્મ દુનિયામાં અક્ષયકુમાર નવા નવા હતા. કોઈક કારણસર રાજેશ ખન્નાને તેમના જુહુ સ્થિત 'આશીર્વાદ' બંગલોમાં મળવા ગયા હતા. બંગલામાં જ આવેલ રાજેશ ખન્નાની ઑફિસમાં બહાર વેઈટીંગમાં બેઠા બેઠા અક્ષયકુમારે વિચાર્યું પણ નહીં હોય કે થોડા વર્ષો પછી તેઓ રાજેશ ખન્નાના જ જમાઈ હશે અને આ જ બંગલાના માલીક પણ હશે.

★ જૂન ૨૦૨૧માં એક પ્રેસ કોન્ફરન્સમાં વિશ્વવિખ્યાત ફૂટબોલ ખેલાડી રોનાલ્ડોએ પોતાની સામે પડેલી કોકાકોલાની બોટલને પોતાના ડેસ્કથી થોડે દૂર મૂકી. તેની આ હરકતથી થોડી મિનિટોમાં જ કોકાકોલાના શેરનો ભાવ ઘટવા માંડયો અને કંપનીની વેલ્યુ ૩૦,૦૦૦ કરોડ જેટલી ઘટી ગઈ.

★ ૧૯૮૮માં કેટનજી બ્રાઉન જેક્શન નામની અશ્વેત વિદ્યાર્થિનીએ અમેરિકાની મિયામી પાલમેટો સ્કૂલની યર બુકમાં લખ્યું કે પોતે જજ બનવા માંગે છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં અમેરિકન પ્રમુખ બાઈડેને તેમની નિમણૂક USની સુપ્રીમ કોર્ટમાં મહિલા જજ તરીકે કરી. ૨૩૨ વર્ષના ઈતિહાસમાં USની સુપ્રીમ કોર્ટમાં પ્રથમ વખત કોઈ અશ્વેત મહિલાને સ્થાન મળ્યું.

★ ૧૯૮૦ના દાયકામાં સ્કોટલેન્ડના એડીનબરો શહેરમાં એડીનબરો ફિલ્મ ફેસ્ટીવલ યોજાયો હતો. અમેરિકાથી આવેલ એક અભિનેતા એડીનબરો શહેરની ગલીઓમાં એક સ્થાનિક ટેક્ષી ભાડે કરી ફરતા હતા. ટેક્ષીવાળાને રસ્તા, ગલીઓ નામ સાથે કહેતા તેને નવાઈ લાગી. તેણે આશ્ચર્ય સાથે પૂછ્યું, 'આ બધા સ્થળોને તમે કેવી રીતે જાણો છો?' અભિનેતાએ કહ્યું, 'આ રસ્તાઓ પર અને આ શહેરમાં એક સમયે સાઈકલ પર હું ઘરે ઘરે દૂધ આપવા જતો હતો.' ટેક્ષી ડ્રાઈવર એ અભિનેતાથી અજાણ હતો. તેણે પૂછ્યું, 'હાલ તમે ક્યા વ્યવસાય સાથે સંકળાયેલા છો?' અભિનેતાએ જવાબ આપ્યો, 'હું અભિનેતા છું, મારું નામ છે શોન કોનરી.'

## મણકો - ૧૪ : ગાંધીજીનો જવાબ

૧૯૧૫માં શાંતિ નિકેતનમાં દત્તાત્રેય (૩૦ વર્ષ) અને જીવતરામ (૨૭ વર્ષ) નામના બે નવયુવાનો ગાંધીજીને મળ્યા. બંને ખૂબ શિક્ષિત હતા. દત્તાત્રેય બી.એ. વિથ ફિલોસોફી સાથે શિક્ષક હતા. જીવતરામ મુઝફ્ફરપુરની કૉલેજમાં અંગ્રેજી અને ઈતિહાસના પ્રાધ્યાપક હતા. બંને જણાને અહિંસાની સફળતા વિશે શંકા હતી. દત્તાત્રેય એટલે કાકા સાહેબ કાલેલકર અને જીવતરામ એટલે આચાર્ય કૃપલાણી. ગાંધીજીએ તેમને કહ્યું, 'હું એક આશ્રમ અમદાવાદ ખાતે ખોલવાનો છું. તમે મારી સાથે રહો, મારી કાર્ય પદ્ધતિ સમજો. ભલે દુનિયામાં અહિંસકોની અલ્પ સંખ્યા છે પણ અહિંસામાં ખૂબ શક્તિ રહેલી છે. શસ્ત્રો વિના પણ સ્વતંત્રતા મેળવી શકાશે. મને તમારા જેવા સેવકની જરૂર છે. તમે મારી સાથે જોડાશો તો ખૂબ આનંદ થશે છતાં તમને વિશ્વાસ ન થાય તો મને છોડી દેજો.'

બંનેએ મહાત્માને ઘણા પ્રશ્નો પૂછ્યા, બંનેથી બે દાયકા મોટા ગાંધીજીએ તેમને સંતોષકારક જવાબો પણ આપ્યા. કાકાસાહેબ કાલેલકર તો ગાંધીજીના વિચારો સાથે સહમત થઈ ગયા પણ ઈતિહાસના પ્રોફેસર આચાર્ય કૃપલાણીના મનમાં હજુ અહિંસા થકી સફળતા વિશે ઘણી શંકા હતી. તેમનો અને ગાંધીજીનો ૧૦૭ વર્ષ પહેલાનો આ સંવાદ એ વખતે અને અત્યારના સંજોગો માટે સમગ્ર દુનિયાએ સમજવા જેવો હતો. કૃપલાણીજીએ ગાંધીજીને કહ્યું, 'હું ઈતિહાસનો અધ્યાપક છું. અહિંસા દ્વારા રાષ્ટ્ર સ્વતંત્ર થયાનો એક પણ દાખલો મને મનુષ્યજાતિના ઈતિહાસમાંથી મળ્યો નથી.' ગાંધીજીએ ખૂબ જ નમ્રતા અને આત્મવિશ્વાસથી કહ્યું, 'તમે ઈતિહાસ શીખવનારા છો. હું ઈતિહાસ ઘડનારો છું. અહિંસક પ્રતિકાર દ્વારા આપણે ભારતને સ્વરાજ મેળવી આપીશું. પછી ઈતિહાસના અધ્યાપકો તેના પર વ્યાખ્યાનો આપશે. ગાંધીજીનો જવાબ સાંભળી બંને જણા ગાંધીજીના થઈ ગયા. ■

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## મણકો - ૮ : મહર્ષિ યોગી અરવિંદ ઘોષ

● લેખક ●
રાજ ભાસ્કર /
અનંત શુક્લ /
મધુકાંત પ્રજાપતિ

### મહર્ષિ યોગી અરવિંદ ઘોષ

*જન્મ : ૧૫ ઓગસ્ટ, ૧૮૭૨*

*મહાપ્રયાણ : ૫ ડિસેમ્બર, ૧૯૫૦*

કૃષ્ણધવન બાબુને ત્યાં ૧૫ ઓગસ્ટ, ૧૮૭૨ના રોજ ત્રીજા પુત્ર તરીકે અરવિંદનો જન્મ થયો. આ જ અરવિંદ આગળ જતાં પ્રાધ્યાપક, પ્રાચાર્ય, દેશભક્ત બાબુ અરવિંદ, યોગી અરવિંદ, મહર્ષિ અરવિંદ તરીકે પ્રસિદ્ધ થયા. નાનપણમાં જ હિમાલયની ભવ્યતા અને ગિરિમાળાની નિસર્ગ શોભાએ અરવિંદના મન પર ઊંડી છાપ મૂકી દીધી હતી. કૃષ્ણધવન બાબુ શિક્ષણ માટે આખા પરિવારને જ ઇંગ્લેન્ડ લઈ ગયા. અરવિંદના શિક્ષણની જવાબદારી ડ્રિવેટ દંપતીને સોંપી. અરવિંદની ઉત્તમ સ્મરણશક્તિ અને ગ્રહણશક્તિનો અનુભવ ડ્રિવેટ દંપતીને આવ્યો. મહિનાનો અભ્યાસ અરવિંદ થોડા જ દિવસોમાં પતાવી દેતા. આ ગુણોથી પ્રભાવિત થયેલાં મિસિસ ડ્રિવેટે અરવિંદને ખ્રિસ્તી બનાવવાનું કારસ્તાન કર્યું. પણ એ ઉંમરમાં પણ ધર્મ વગેરેને સારી રીતે સમજતા અરવિંદની તીવ્ર બુદ્ધિને કારણે તે શક્ય ના બન્યું. એ પછી આઈ.સી.એસ. બનાવવાની પિતાની ઇચ્છાને ઠુકરાવીને અરવિંદ ક્રાંતિ તરફ વળ્યા. ‘કમળ અને કટાર’ નામની ગુપ્ત સંસ્થામાં તેઓ દાખલ થયા. એ પછી તેઓ ઇંગ્લેન્ડથી ભારતમાં પાછા ફર્યા. દેશભક્ત અને લોકસંગ્રાહક એવા વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમની નિમણૂક રાજ્યમાં કરી. અરવિંદને અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, સ્પેનિશ ભાષાઓ આવડતી હતી. ભારતમાં આવ્યા બાદ તેમણે બંગાળી, સંસ્કૃત ભાષા ઝડપથી શીખી લીધી. મરાઠી અને ગુજરાતી ભાષા કામ પૂરતી આત્મસાત્ કરી લીધી. નોકરી સાથે તે સક્રિય રાજકારણમાં ભાગ લેવા માંડ્યા. બાદમાં લોકમાન્ય ટીળકની સલાહથી નોકરીમાંથી રાજીનામું આપી દીધું. એ પછી તેમની ક્રાંતિકારી પ્રવૃત્તિઓએ જોર પકડ્યું. ‘વંદે માતરમ્’માં લેખ લખી દેશભક્તિના વિચાર ઘર-ઘરમાં પહોંચાડ્યા. બંગાળમાં ઝંઝાવાતી ફેરી કરી સેંકડો ભાષણો દઈ તેમણે સર્વત્ર સ્વાતંત્ર્યના વિચાર પ્રસરાવ્યા. અરવિંદના આ કાર્યથી છંછેડાઈને બ્રિટીશ સરકારે તેમના પર દાવાઓ કર્યા. તેમાંથી છૂટ્યા બાદ પણ અરવિંદ ફરીથી ‘ધર્મ’ અને ‘કર્મયોગિની’માં અંગ્રેજો વિરુદ્ધ લેખો લખવા માંડ્યા. તેમનાં લેખ અને ભાષણોનો લોકો પર ખૂબ પ્રભાવ પડવા લાગ્યો. તેથી તેમની ફરીથી અટક કરવાનું બ્રિટીશ સરકારે નક્કી કર્યું. પણ તે પહેલાં જ તેઓ લાપતા થઈ ગયા. થોડા દિવસ ચંદ્રનગરમાં રહી તેઓ પોંડિચેરી ગયા. ત્યાં પણ દેશભક્તોના વહેણ તેમની તરફ ધસી આવ્યાં. બાદમાં આ બધાથી અલિપ્ત થઈ, અખંડ ભારતની કલ્પના આપીને તેમણે ૫ ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ છેલ્લા શ્વાસ લીધા. ■

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | | |
|---|---|---|
| ■ *ખાતાનું નામ* | : | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ<br>**[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]** |
| ■ *બેંક* | : | કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ<br>**[Canara Bank, Paldi Branch - Ahmedabad]** |
| ■ *એકાઉન્ટ નંબર* | : | ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ **[70072010016032]** |
| ■ *IFSC કોડ* | : | **CNRB0017007** |

એરિસ્ટોક્રેટ્સ

એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૫

# અંબાલાલ સારાભાઈ – ૫

## ઇન્દિરાજીએ કિસીંજરને કહ્યું, 'ડૉ. વિક્રમ સારાભાઈને મળી લો'

● લેખક ●
દેવેન્દ્ર પટેલ

તા. ૧૨મી ઓગસ્ટ, ૧૯૧૯.

રક્ષાબંધનનો દિવસ હતો. સારાભાઈ પરિવારનાં બાળકો શાહીબાગ કેમ્પના મેદાનમાં ઘોડેસવારી કરતા હતા. સાંજનો સમય હતો. તેમના ઘોડારના એક સવારે દોડતા આવી શુભ સમાચાર આપ્યા કે, તેમના કુટુંબમાં એક પુત્રનો જન્મ થયો છે. બાળકોએ ઘોડા ઘર તરફ વાળ્યાં. બાળકોએ નવા ભાઈને જોવો હતો.

એનું નામ વિક્રમ પાડવામાં આવ્યું.

એક વાર રવીન્દ્રનાથ ટાગોર 'રીટ્રીટ' બંગલામાં રહેવા આવ્યા હતા. વિક્રમનું કપાળ જોઈ તેઓ બોલ્યા : 'કેવું ભવ્ય કપાળ છે એનું. આ બાળક તેજસ્વી બનશે.'

અને એ જ બાળક એક દિવસ દેશનો મહાન વૈજ્ઞાનિક બન્યો : 'ડૉ. વિક્રમ સારાભાઈ.' નોંધનીય વાત એ છે કે વિક્રમ જ્યારે બાળક હતો ત્યારે તેમણે કોઈ પ્રાથમિક, માધ્યમિક કે સાર્વજનિક શાળામાં અભ્યાસ કર્યો નહોતો. અંબાલાલ સારાભાઈનાં બાળકો માટે 'રીટ્રીટ' બંગલામાં જ ખાનગી શાળા શરૂ કરવામાં આવી હતી. તેમને લાગતું હતું કે એ વખતે દેશની ઉપલબ્ધ શૈક્ષણિક સંસ્થાઓ બાળકોના શિક્ષણ માટે યોગ્ય નહોતી. તે વખતે ઈંગ્લૅન્ડમાં ડૉ. મારિયા મોન્ટેસરીએ આધુનિક શિક્ષણ પર પુસ્તકો લખ્યાં હતાં. અંબાલાલ સારાભાઈને ત્યાં 'લંડન ટાઈમ્સ' અખબાર આવતું. તેમણે તેમાં ડૉ. મોન્ટેસરી વિશે વાંચ્યું હતું. અંબાલાલ સારાભાઈ અને સરલાદેવી પોતે જ ડૉ. મોન્ટેસરીને મળવા ઈંગ્લૅન્ડ ગયાં.

પાછળથી એમણે ડૉ. મોન્ટેસરીને અમદાવાદ બોલાવ્યાં. તેમની મદદથી જ 'રીટ્રીટ'માં ખાનગી શાળા શરૂ થઈ.

નાનકડા વિક્રમને યંત્રોમાં રસ હતો. બંગલામાં જ ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રની પ્રયોગશાળા ઊભી કરવામાં આવી. વિક્રમને ભાષાઓ, ગણિત અને કળાનું ભરપૂર જ્ઞાન હતું. ૧૯૩૭માં આર.સી. ટેકનિકલ હાઈસ્કૂલ દ્વારા મેટ્રિકની પરીક્ષા પાસ કરી વિક્રમે ગુજરાત કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. ત્યાર પછી ઈંગ્લૅન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીની સેન્ટ જ્હોન્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. અહીં તેઓ સ્નાતક થયા. ત્યારબાદ સી.વી. રામને વિક્રમને પોતાના વિદ્યાર્થી તરીકે સ્વીકાર્યો. તેમણે બ્રહ્માંડ કિરણો પર પોતાનો અનુસ્નાતક અભ્યાસ શરૂ કર્યો. બેંગ્લોરમાં શ્રીમતી અમ્મુ સ્વામિનાથનનાં સૌથી નાનાં પુત્રી મૃણાલિનીના પરિચયમાં આવ્યાં. તેઓ મૃણાલિનીનાં નૃત્ય જોઈ પ્રભાવિત થયા. છેવટે તેઓ મૃણાલિની સાથે પરિવારની સંમતિથી પરણી ગયાં. એ વખતે દેશમાં આઝાદીનો જંગ પરાકાષ્ઠાએ હોઈ દેશમાં ભાંગફોડ ચાલતી હતી. વિક્રમ એકલા જ મદ્રાસ જઈ લગ્ન કરી પાછા આવ્યા હતા. ૧૯૪૭માં કેમ્બ્રિજ યુનિવર્સિટીએ વિક્રમભાઈનો 'બ્રહ્માંડ કિરણો' પર શોધ મહાનિબંધ સ્વીકાર્યો અને 'કોસ્મિક રેઝ ઈન્વેસ્ટીગેશન ઈન ટ્રોપિકસ લેટીટ્યુડસ' વિષય પર પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરી. હવે તેઓ ડૉ. વિક્રમ સારાભાઈ બન્યા. બીજી બાજુ મૃણાલિનીએ તેમના નૃત્યના શોખ માટે 'દર્પણ' એકેડેમી શરૂ કરી. ડૉ. વિક્રમ સારાભાઈએ માત્ર ૨૩ વર્ષની વયે હિમાલય પર પરમેનન્ટ હાઈ ઓલ્ટીટયુડ લેબોરેટરી સ્થાપવાની ભલામણ કરી. ૧૯૪૭માં કેમ્બ્રિજમાં પાછા ફર્યા બાદ બ્રહ્માંડ કિરણો (કોસ્મિક રેઝ) અને વાતાવરણના ઉચ્ચ સ્તરીય અભ્યાસ માટે આધુનિક સંસ્થા સ્થાપવા પોતાના વિચારો અમલમાં મૂક્યા. **તેમાંથી અમદાવાદની ફિઝિકલ રીસર્ચ લેબોરેટરીનો જન્મ થયો.** ૧૯૪૭માં એમ.જી. સાયન્સ કૉલેજના બે ઓરડામાં જ આ લૅબોરેટરી શરૂ થઈ. ડૉ. કે. આર. રામનાથન જેવા વૈજ્ઞાનિક તેના પ્રથમ ડાયરેક્ટર બન્યા. વિક્રમભાઈ તેના સહ ડાયરેક્ટર હતા. **પીઆરએલ ઊભી થઈ ત્યારે તેના સ્થાપક ડો. વિક્રમ સારાભાઈની વય માત્ર ૨૮ વર્ષની હતી.** તેનો સતત વિકાસ થતો રહ્યો. ૧૯૫૪માં પીઆરએલના નવા મકાનનું ઉદ્ઘાટન તે વખતના વડાપ્રધાન જવાહરલાલ નેહરુના હસ્તે કરવામાં આવ્યું. ૧૯૪૭થી ૧૯૭૪ સુધીના ગાળામાં વિક્રમભાઈએ વૈજ્ઞાનિક સંશોધન ઉપરાંત રાષ્ટ્રઘડતરના કાર્યમાં પણ ઝંપલાવ્યું. **આ વર્ષો દરમિયાન તેમણે ૩૫થી વધારે સંસ્થાઓ સ્થાપી.** આ કાર્યમાં તેમને ઉદ્યોગપતિ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈનો સાથ સહકાર મળ્યો. વિક્રમભાઈ રત્ન હતા તો કસ્તુરભાઈ હિરાપારખુ હતા. તે વખતે અમદાવાદ

મિલોથી ધમધમતું શહેર હતું. **કાપડ ઉદ્યોગમાં ઉત્તમ ક્વોલિટીની જાતોના સંશોધન માટે કસ્તુરભાઈના સાથ સહકારથી 'અટીરા'ની સ્થાપના કરી.** 'અટીરા'ની કામચલાઉ લૅબોરેટરી પણ પહેલાં તો એમ.જી. સાયન્સ કૉલેજના 'પીઆરએલ'ના ઓરડાની બાજુના ઓરડામાં જ શરૂ થઈ હતી. ડૉ. વિક્રમ જ 'અટીરા'ના પહેલા નિયામક બન્યા.

ડૉ. સારાભાઈ આટલેથી અટક્યા નહીં. **ત્યારબાદ તેમણે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટની સ્થાપના કરી.** આઈઆઈએમના મકાનના ઉદ્‌ઘાટન માટે તેમણે વિશ્વવિખ્યાત સ્થપતિ લુઈ કહાનને નિમંત્ર્યા. આજે પણ અમદાવાદમાં આઈઆઈએમનું મકાન સ્થાપત્યનો અજોડ નમૂનો છે, જે ડૉ. સારાભાઈની ભેટ છે. **અમદાવાદનું કોમ્યુનિટી સાયન્સ સેન્ટર નેહરુ ફાઉન્ડેશન, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, ત્રિવેન્દ્રનમનું થુમ્બા રોકેટ લોન્ચિંગ સ્ટેશન, ઈસરો - અમદાવાદ, શ્રી હરિકોટા રોકેટ રેન્જ, એક્સપેરીમેન્ટલ સેટેલાઇટ કોમ્યુનિકેશન અર્થ સ્ટેશન, ઇલેક્ટ્રોનિક સિસ્ટમ ડિવિઝન, સેટેલાઇટ કમ્યુનિકેશન અર્થસ્ટેશન, અરવી, ફાસ્ટ બીડર રીએક્ટર્સ, કલ્પકમ, ન્યુક્લિયર સેન્ટર ફોર એગ્રીકલ્ચર - દિલ્હી જેવી અનેક સંશોધન સંસ્થાઓ ડો. વિક્રમ સારાભાઈએ સ્થાપી.** તેઓ ઈસરોના અધ્યક્ષ તરીકે રહ્યા. ઇન્દિરાજીએ હોમીભાભાના અવસાન પછી ડૉ. સારાભાઈને ભારતીય અણુપંચના અધ્યક્ષ બનાવ્યા. ૨૫ જેટલા વિદ્યાર્થીઓએ ડૉ. વિક્રમ સારાભાઈના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ૮૫ જેટલા વૈજ્ઞાનિક સંશોધન લેખો લખ્યા. ભારતના રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ 'મિસાઈલ મેન' ગણાય છે. પરંતુ ભારતે પોતાનો મિસાઈલ કાર્યક્રમ શરૂ કરવો જોઈએ તેવી પહેલી દરખાસ્ત ડૉ. વિક્રમ સારાભાઈએ રજૂ કરી હતી. તો ડૉ. કલામ પણ ડૉ. સારાભાઈને ભારતીય અવકાશ કાર્યક્રમ અને ભારતીય મિસાઈલ કાર્યક્રમના પિતા ગણાવે છે.

૧૯૭૧માં ભારત - પાકિસ્તાન યુદ્ધ વખતે તે વખતનાં વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીએ પાકિસ્તાનના ટુકડા કરી નાંખી બાંગ્લાદેશને આઝાદ કરવાની યોજના બનાવી હતી. તે વખતે પાકિસ્તાનને દહેશત હતી કે બાંગ્લાદેશમાં યુદ્ધની પરીસ્થિતિનો લાભ ઉઠાવી ભારત પશ્ચિમ પાકિસ્તાન પર આક્રમણ કરી દેશે. આમ ના થાય તે માટે પાકિસ્તાને અમેરિકાને ભારત પર દબાણ લાવવા વિનંતી કરી હતી. અમેરિકાના પ્રમુખ નિકસને તરત જ તેમના સલાહકાર કિંસીજરને ભારત મોકલ્યા હતા. કિસીંજર ઇન્દિરાજીને મળવા ગયા ત્યારે ઇન્દિરાજીએ કિસીંજરને કહ્યું : 'તમે ડૉ. વિક્રમ સારાભાઈને મળી લો.' ત્યારબાદ કિસીંજર ડૉ. વિક્રમ સારાભાઈને મળ્યા અને ડૉ. સારાભાઈએ વડાપ્રધાનના ખાસ પ્રતિનિધિ તરીકે કિસીંજર સાથે મંત્રણા કરી હતી. ડૉ. સારાભાઈએ કોણ જાણે શું કહ્યું કે કિસીંજર એક સંતોષ સાથે અમેરિકા જવા રવાના થઈ ગયા હતા. **યાદ રહે કે એ વખતે ડો. વિક્રમ સારાભાઈ અણુશક્તિ પંચના અધ્યક્ષ હતા.**

ઉપગ્રહ દ્વારા દેશના ખૂણે ખૂણે હજારો ગામડાંઓમાં સંદેશાવ્યવહાર અને ટીવી પ્રસારણ, એ ડૉ. સારાભાઈનું સ્વપ્ન હતું. આજે તે સાચું પડ્યું છે.

દરરોજ ૧૮થી ૨૦ કલાક સતત કાર્યરત રહેતા વિક્રમભાઈનું જીવન સમય સાથેની તીવ્ર સ્પર્ધા સમાન હતું. તેઓ માટે કોઈ પણ કાર્ય અશક્ય નહોતું. કહેવાતા અશક્ય કાર્યને હાથમાં લઈને તેને શક્યતામાં ફેરવવાની અખૂટ ધીરજ તથા આત્મવિશ્વાસ એ તેઓના વિરલ વ્યક્તિત્વનાં મહત્ત્વના પાસાં હતાં. **તેઓના સાથી પ્રો. પિશારીટી કહેતા, કે રાત્રે પણ ફક્ત તેઓની આંખો જ આરામ લેતી, મગજનું કાર્ય તો ચાલુ જ રહેતું.**

ડૉ. વિક્રમભાઈને શારીરિક રીતે કોઈ ગંભીર વ્યાધિ નહોતી, લોહીનું દબાણ થોડું વધુ જણાતું. આથી તેઓ તેની દવા લેતા હતા અને નિયમિત રીતે તબિયત તપાસાવતા હતા. તા. ૨૬-૧૨-૧૯૭૧ના દિવસે સાંજના પ્લેનમાં મુંબઈ ગયા ત્યારે સંદેશો મળ્યો કે તા. ૨૭-૧૨ના દિવસે મહત્ત્વની મીટિંગ માટે નવી દિલ્હી પહોંચવું. હજુ બે દિવસ પહેલાં જ દિલ્હી ગયા હતા ત્યારે આવી કોઈ મીટિંગ નક્કી નહોતી. તેઓ બીજે દિવસે થુમ્બા જવાનું રદ કરીને સવારે તા. ૨૭-૧૨ના દિવસે દિલ્હી ગયા. સાંજે ખૂબ જ થાકીને પાછા ફર્યા. તા. ૨૮-૧૨ના દિવસે થુમ્બા જવા વહેલી સવારે નીકળવાનું હતું. થુમ્બા રેલવે સ્ટેશનમાં શિલાન્યાસ કાર્યક્રમમાં રેલવે પ્રધાન શ્રી હનુમંતૈયા આવવાના હોવાથી ત્યાં જવું જ પડે એમ હતું. વળી તે વખતે તો ડાકોટા પ્રકારનાં નાનાં પ્લેન હતાં. આથી ત્રિવેન્દ્રમ જવા વાયા બેંગ્લોર થઈને જવું પડતું હતું. ત્રિવેન્દ્રમ પહોંચીને તુરત જ ખૂબ ઝડપે કારમાં નજીકની હોટલમાં જઈને કપડાં બદલાવ્યાં અને ઝડપથી ત્રિવેન્દ્રમના અવકાશ મથક નજીકના થુમ્બા રેલવે સ્ટેશનના સ્થળે પહોંચ્યા અને તે જ વખતે રેલવે પ્રધાન પણ પહોંચ્યા. થુમ્બા રેલવે સ્ટેશનની શિલાન્યાસ વિધિ સમયસર થઈ ગઈ. બાદમાં, નિયમ મુજબ સાથી વિજ્ઞાનીઓ સાથે મીટિંગો ચાલી. બીજા દિવસે તા. ૧૯-૧૨ના દિવસે ફરી મીટિંગો શરૂ થઈ. બીજા દિવસે મુંબઈ જવાનું હોવાથી, રાત્રે વિજ્ઞાનીઓને પોતાની સાથે જમવા માટે કોવાલમ હોટેલમાં બોલાવ્યા અને ચર્ચાનો દોર જમતાં જમતાં ચાલુ રહ્યો. લગભગ

૧ વાગે બધા છૂટા પડ્યા. વિક્રમભાઈ બધાને Good Night કહી સૂવા પોતાના રૂમમાં ગયા. સવારે ૫ વાગે હોટેલના બેરરે કોફી લઈને દરવાજો ખટખટાવ્યો. પણ જવાબ ન મળ્યો. આથી તેણે માન્યું કે રાત્રે મોડે સુધી જાગ્યા હોવાથી થોડીવાર પછી તેઓને ઉઠાડવા. ૧૫-૨૦ મિનિટ બાદ ફરીથી પ્રયત્ન કર્યો. પરંતુ જવાબ ન મળ્યો. આથી નજીકમાં રહેતા તેમના અંગત સચિવ તથા સાથીને તુરત જ બોલાવ્યા અને બધાએ સાથે મળીને દરવાજાના વેન્ટીલેશનમાં હાથ નાખીને દરવાજો ઉઘાડ્યો અને જોયું, કે પથારીમાં વિક્રમભાઈ ચીરનિદ્રામાં સૂતા હતા. તુરત જ ડૉક્ટરને બોલાવ્યા. ડૉક્ટરે તેઓને તપાસીને કહ્યું કે, 'છેલ્લા ૩-૪ કલાકમાં તેઓને હૃદયરોગનો હુમલો આવ્યો જેથી તેઓનું અવસાન થયું છે.'

સામાન્ય રીતે તેઓ સૂતા પહેલાં અખબાર લેતા. થોડીવાર વાંચીને ઘડિયાળ કાઢી બહારના ટેબલ પર મૂકતા, સાથે અખબાર મૂકતા. ત્યારબાદ પાણી પીને સૂઈ જતા. પરંતુ જ્યારે વિક્રમભાઈનો રૂમ ખોલવામાં આવ્યો ત્યારે ઘડિયાળ અને અખબાર પથારીમાં જ હતા પરંતુ લાઈટ બંધ હતી. વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીજીનું તાસ્કંદમાં હૃદયરોગના હુમલાના કારણે અવસાન થયું ત્યારે તેઓનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું નહીં જે વિશે અનેક ટીકા થઈ હતી. તેમ ડૉ. વિક્રમભાઈનું ઓચિંતું, કોઈ પણ રોગ ન હોવા છતાં, ઊંઘમાં અવસાન થયું તેમ છતાં તેમનું પણ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું નહીં અને તેઓને આ પ્રકારના અવસાને અનેક શંકાને જન્મ આપ્યો.

એમ માનવામાં આવે છે કે, જ્યારે ડૉ. ભાભાનું આકસ્મિક અવસાન થયું ત્યારે તેમનું સ્થાન અણુશક્તિ વિભાગના એક સિનિયર વિજ્ઞાની શ્રી શેઠનાને મળે તેમ શ્રી શેઠના ઈચ્છતા હતા. પરંતુ અણુશક્તિ પંચના અન્ય સભ્યો શ્રી ધર્મવીર, શ્રી એલ. કે. ઝા અને શ્રી જે.આર.ડી. તાતાએ આ સ્થાન માટે ડૉ. વિક્રમ સારાભાઈની તરફેણ કરી હતી. જોકે, ડૉ. વિક્રમ સારાભાઈએ તો જ્યારે તેઓને અણુશક્તિ પંચનું અધ્યક્ષપદ સ્વીકારવા ભારત સરકારે જણાવ્યું ત્યારે તેઓએ તો ભારતીય ખગોળ વિજ્ઞાની અમેરિકા સ્થિત ડૉ. એસ. ચંદ્રશેખરને આ પદ માટે ભલામણ કરી હતી પરંતુ ડૉ. ચંદ્રશેખર એક સંશોધક હતા અને તેઓ વહીવટી જવાબદારી સંભાળવા તૈયાર નહોતા. આથી બાદમાં ઈંદિરાજીએ ડૉ. વિક્રમ સારાભાઈને આ જવાબદારી સ્વીકારવા કહ્યું અને ડૉ. વિક્રમ સારાભાઈ ૪૯ વર્ષની વયે ભારતીય અણુશક્તિ પંચના અધ્યક્ષ બન્યા હતા.

તેઓએ કહ્યું હતું : 'મારા જીવનમાં મેં ત્રણ પ્રકારની ભૂમિકા ભજવી છે — વિજ્ઞાની, ઉદ્યોગપતિ અને સરકારી અધિકારી, હું ઈચ્છું છું કે, મારા જીવનની છેલ્લી ભૂમિકા શિક્ષક તરીકેની હોય.'

જ્યારે તેઓ અણુશક્તિ પંચના અધ્યક્ષ બન્યા ત્યારે અમદાવાદની વિવિધ સંસ્થાઓ તથા નાગરિકોએ તેઓનું સન્માન કર્યું હતું ત્યારે તેઓએ જણાવ્યું હતું : 'અમદાવાદની રચના જ એવી છે કે તે નવી વસ્તુને, નવા વિચારોને આવકારે છે, તક આપે છે. મતમતાંતરોને પણ આ શહેર અનુકૂળ રહે છે. મહાત્મા ગાંધીજી તદ્દન નવા વિચાર લઈને આવ્યા અને આ શહેરે તેમને પૂરતો સાથ આપ્યો. મારા પાયાના વિચારોને પોષનારું કોઈ હોય છે તો છે અમદાવાદે આપેલું આ નવા વિચારોને સમર્થન.'

ડૉ. વિક્રમ સારાભાઈને અમદાવાદ શહેર માટે અપાર પ્રેમ હતો. પરંતુ અત્રે નોંધનીય છે કે ગુજરાત યુનિવર્સિટીનું આધુનીકરણ કરવા ઈચ્છતા સ્વપ્નદૃષ્ટા ડૉ. વિક્રમ સારાભાઈને કુલપતિની ચૂંટણીમાં રાજકારણીઓએ હરાવી દીધા હતા. સ્વ. વિક્રમ સારાભાઈ થોડાંક વર્ષ માટે પણ કુલપતિ બન્યા હોત તો આજે ગુજરાત યુનિવર્સિટીનું સ્વરૂપ કેવું હોત? ■



આઝાદીની લડત

# ઓગસ્ટ ક્રાંતિ અને કચ્છ

જગદીશચંદ્ર છાયા

"હિંદ છોડો ચળવળે પ્રજામાં એકતા અને અખંડિતતાની ભાવના પ્રબળ બનાવી હતી. દેશના ખૂણે ખૂણે આઝાદી માટેની ફનાગીરીની અજબ ભાવના પ્રગટાવી હતી. દેશભરમાં સ્વાતંત્ર્યનો ટંકાર ગાજી ઉઠ્યો હતો. તેથી બ્રિટીશરોને પોતાની સલ્તનતના પાયા ડગમગી ઉઠ્યા હોવાનો અણસાર આવી ગયો હતો. દેશદાઝની પરાકાષ્ઠાએ અનેક બત્રીસ લક્ષણા યુવા શહીદોની કુરબાનીથી રક્તરંજીત બનેલી ભારતની વીરભૂમિ પર શાસન કરવાનું સામર્થ્ય બ્રિટનની શેતાની સલ્તનતમાં ન રહ્યું. સંજોગોની ઘટમાળ એવી તો ઝડપથી સર્જાઈ કે 'ભારત છોડો' ચળવળમના માત્ર પાંચ જ વર્ષમાં અંગ્રેજોને દેશમાંથી ઉચાળા ભરી જવા પડ્યા હતા."

આપણે ઇચ્છીએ, એ જ રીતે આ 'બીજી ક્રાંતિ' થકી આતંકવાદને દેશમાંથી ઉચાળા ભરવાનો વારો આવે અને દેશને એક નવું શાંત સ્વર્ગ મળે. એટલું જ નહીં, પાક. કબજાગ્રસ્ત કાશ્મીરની મુક્તિ હવે પછીનું ધ્યેય બની રહે એવી અપેક્ષા રાખીએ અને એમાં પણ સફળતા મળે. આપણા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સીમાચિહ્નરૂપ, અભૂતપૂર્વ કહી શકાય એવી એ લોકક્રાંતિના દેશ ભક્તિ, જન ચેતના, કોમી ઐક્ય જેવા ઉચ્ચ આદર્શોમાંથી નવી પેઢી પ્રેરણા મેળવે, રાષ્ટ્રીય મૂલ્યોમાં નવી ચેતના જાગે, દેશના ઉજજવળ ભવિષ્ય માટે સમર્પણ ભાવના કેળવવા જેવા ઉમદા હેતુઓ સિધ્ધ થાય એવી અપેક્ષા સહેજે રહે.

'ઓગસ્ટ ક્રાંતિ'માં કચ્છીઓનું પ્રદાન પણ નોંધપાત્ર છે. દેશમાં ક્રાંતિના બીજ પ્રથમ કચ્છમાં રોપાયાં હોવાનું કહેવાયું છે એમાં જરાય અતિશયોક્તિ નથી. કારણકે ઇ.સ. ૧૭૮૩માં કચ્છના ક્રાંતિવીર મેઘજી શેઠે, રાવ રાયધણ સામે માથું ઊંચક્યું હતું. અજબ હિંમતથી લોકક્રાંતિની આગેવાની લઈ રાજસત્તાને ઝુકાવી, રાજવીને કેદ કરી, કચ્છની એ પ્રથમ લોક ક્રાંતિને સફળ બનાવી હતી. તેમના પછી જમાદાર ફતેહ મામદને પણ આવી જ જવાબદારી અદા કરવાની ફરજ પડી હતી.

જ્યારે ગાંધીયુગનો પ્રભાવ ન હતો ત્યારે ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માએ અંગ્રેજ સત્તાને પડકારી હતી. પ્રજા જાગૃતિ માટે તેમણે શંખ ફુંક્યો હતો. તો 'ઓગસ્ટ ક્રાંતિ' વખતે કચ્છ જિલ્લો પાછળ રહે ખરો?

એ યુગ હતો આઝાદીની ઝંખના માટે સર્વત્ર લોકજુવાળનો. આપણા નેતાઓ જાણતા હતા કે જ્યાં સુધી આપણા દેશ પર બ્રિટીશ શાસન હશે, ત્યાં સુધી જાપાની આક્રમણનો ભય રહેશે. હિંદુ-મુસ્લિમ એકતા સ્થાપી શકાશે નહીં. પ્રજાએ પોતાનો 'જન્મ સિદ્ધ અધિકાર' મેળવવા માટે સ્વદેશી ચળવળ, હોમ રૂલ, ખિલાફત ચળવળ, સવિનય કાનૂન ભંગ, દાંડી કૂચ વગેરે કાર્યક્રમો કરી સરકારના દાંત ખાટા કરી નાખ્યા હતા. તેમ છતાં સરકારની શાન ઠેકાણે આવી ન હતી. ઉલટું સરકારે દમન નીતિ આચરી પ્રજા પર જુલમ વરસાવવામાં કંઈ કચાશ રાખી ન હતી. 'જલિયાંવાલા બાગ હત્યાકાંડ' એનું એક દૃષ્ટાંત છે.

છેવટે ૮મી ઓગસ્ટ, ૧૯૪૨ના મુંબઈના ગોવાળીયા ટેંક મેદાન (હાલના ઓગસ્ટ ક્રાંતિ મેદાન)માં પંદરેક હજારની માનવ મેદની વચ્ચે આપણા રાષ્ટ્રીય નેતાઓએ અંગ્રેજોને રોકડું પરખાવી દીધું : 'ભારત છોડો' 'ક્વિટ ઇન્ડિયા.'... સાથે મહાત્મા ગાંધીજીએ મંત્ર આપ્યો : 'કરેંગે યા મરેંગે.'

નવેમ્બર ૨૦૧૬માં અમે મુંબઈ 'માણવા' ગયા હતા. ત્યાં ગામદેવી સ્થિત સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવનમાં અમારો ઉતારો હતો. એની તદ્દન નજીક 'ઓગસ્ટ ક્રાંતિ મેદાન' હતું. એ સ્થળ પ્રત્યક્ષ નિહાળતા મને અત્યંત આનંદ થયો હતો. આ સ્થળે યોજાયેલ સભામાં મહાત્મા ગાંધીજીએ 'ભારત છોડો' સૂત્ર દ્વારા અંગ્રેજોને ભારત છોડી જવા આદેશ આપ્યો હતો.

કચ્છના દાનવીર શેઠ ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગના સદ્ભાગી મકાનમાં ઇ.સ. ૧૮૮૫ ડિસેમ્બરના અંતમાં જ્યાં 'ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ'ની સ્થાપના થઈ હતી, એ જ બોર્ડિંગના પ્રાંગણમાંથી અંગ્રેજોને પડકાર ફેંકાયો 'ભારત છોડો.' બીજા દિવસે ૯મી ઓગસ્ટે જે નેતાઓની ધરપકડ થઈ એમાં કચ્છી પ્રજાકીય પરિષદના પ્રમુખ અને મુંબઇના તત્કાલીન મેયર યુસુફ મહેરઅલી, મુંબઈ પ્રાંતીય મહાસભાના ખજાનચી ભવાનજી અરજણ ખીમજીનો પણ સમાવેશ થતો હતો.

**• 'ભારત છોડો' સૂત્ર કચ્છી નેતાનું પ્રદાન**

દેશમાં ક્રાંતિના બીજ પ્રથમ કચ્છમાં રોપાયાં હતાં. એમ ઓગસ્ટ ક્રાંતિનું વિચાર બીજ જ કચ્છમાંથી રોપાયું હતું! ઈતિહાસમાં ભલે આ વિગતની નોંધ ન લેવાઈ હોય, પણ હકીકત એ છે કે... દેશભરમાં ખળભળાટ મચાવનાર અને બ્રિટીશ સલ્તનતના પાયા હચમચાવી નાખવા સમર્થ સાબિત થયેલ આ ક્રાંતિકારી સૂત્ર 'ભારત છોડો' કચ્છી સપૂત યુસુફ મહેરઅલીના દિમાગની પેદાશ છે. (શ્રી યુસુફ મહેરઅલી મુંબઈના તત્કાલીન મેયર હતા. કચ્છી પ્રજાકીય પરિષદના પ્રમુખ હતા. ભુજમાં વાણિયાવાડ પાસે હંમેશાં ભરચક રહેતો 'મહેરઅલી ચોક' એમની સ્મૃતિને વાગોળતો રહે છે.)

તેમણે મહાત્મા ગાંધીજીને એ સૂત્ર સૂચવ્યું ને સાંભળતા જ ગાંધીજીને ગમી ગયું. આમ પણ ગાંધીજી ચળવળનાં અસરકારક સૂત્રની શોધમાં તો હતા જ. ત્યાં આ સુંદર પ્રેરક સૂત્ર મળી જતાં તેમણે ચળવળના મુખ્ય સૂત્ર તરીકે સહર્ષ સ્વીકારી લીધું. (આ વિગતને પ્રવીણભાઈ શેઠ અને સુભાષભાઈ સંપટે પણ એક સમયે પોતાની કૉલમમાં સ્થાન આપ્યું હતું અને એ રીતે કચ્છનું ગૌરવ વધાર્યું હતું.)

આઝાદી માટેની છેલ્લી સફળ રાષ્ટ્રીય ચળવળ માટે એક કચ્છીએ અસરકારક મુખ્ય સૂત્ર આપ્યું હતું એ જાણીને સૌની છાતી ગજગજ ફૂલે એમાં નવાઈ નથી. ચળવળને શક્તિશાળી બનાવવા કચ્છી સપૂત સૂરજી વલ્લભદાસનાં 'કચ્છ કેસલ' નામના મકાનમાં છૂપી સભાઓ પણ મળતી. કચ્છમાં પણ પ્રભાત ફેરીઓ, હડતાળ, જાહેરસભાઓ વગેરે કાર્યક્રમો યોજાતા. કચ્છના દાનવીર શેઠ ગોકળદાસ તેજપાળ બોર્ડિંગના પ્રાંગણમાંથી, કચ્છી સપૂત મુંબઈના મેયર યુસુફ મહેરઅલીએ મહાત્મા ગાંધીજીને સૂચવેલ આઝાદીની છેલ્લી લડતનું મુખ્ય સૂત્ર 'ભારત છોડો' યોગાનુયોગ કચ્છના દાનવીર શેઠ ગોકળદાસ તેજપાળ બોર્ડિંગના પ્રાંગણમાંથી અંગ્રેજ સરકારને આપવામાં આવ્યું હતું. બીજા દિવસે ૯મી ઓગસ્ટ, ૧૯૪૨ના, કચ્છના યુસુફ મહેરઅલી, ભવાનજી અરજણ ખીમજી સહિત ઘણા રાષ્ટ્રીય નેતાઓની ધરપકડ થઈ. એના વિરોધમાં દેશભરમાં લોકજુવાળ ભભૂકી ઉઠ્યો. સર્વત્ર તોફાનો ફાટી નીકળ્યા. લોકોએ સરકારી મિલ્કતોને નુકસાન પહોંચાડ્યું. ધરપકડના બીજા તબક્કામાં કચ્છી પ્રજાકીય પરિષદના મંત્રી નરભેરામ નરસિંહદાસ સંપટની પણ ધરપકડ થઈ. આઝાદીની ઉત્કટ ઝંખનાને વિખેરવા એ દિને મુંબઈમાં પ્રથમ વખત અશ્રુવાયુ છોડવામાં આવ્યો હતો. લાઠીચાર્જ પણ થયો હતો. વર્તમાન પત્રોની સ્વતંત્રતા ઝુંટવી લેવાતા કેટલાક વર્તમાનપત્રોને બંધ કરવાની ફરજ પડી હતી.

એ સમયે કચ્છનું સૌથી જૂનું અખબાર 'જય કચ્છ' મુંબઈથી પ્રસિદ્ધ થતું. એની વિગતો બહુ રસપ્રદ છે.

**• ઓગસ્ટ ક્રાંતિ અને જય કચ્છ :**

વર્તમાનપત્રોની સ્વતંત્રતા ઝુંટવાતા કેટલાક છાપા બંધ થઈ ગયા. કચ્છનું સૌથી જૂનું અખબાર 'જય કચ્છ' એ વખતે મુંબઈથી પ્રગટ થતું. પન્નાલાલ ટેરેસીસ, ગ્રાન્ટ રોડમાં એનું કાર્યાલય હતું. અખબારી સ્વાતંત્ર્ય પર તરાપ લાગતાં 'જય કચ્છ' બંધ તો ન થયું પણ એમાં મૌન વિરોધ પ્રગટ થતો રહ્યો. તા. ૧૫-૮-૧૯૪૨થી તા. ૩૧-૧૦-૧૯૪૨ સુધીના 'જય કચ્છ'ના તમામ અંકોના અગ્રલેખોમાં ફક્ત એક સરખું સૂચક વેધક લખાણ છપાતું...

*"નેતાઓની ગિરફતારી,*
*અખબારી સ્વાતંત્ર્ય પર તરાપ*
*કડકમાં કડક દમનના પગલાં"*

'જય કચ્છ'ને ઘણા મહિનાઓથી, યુદ્ધને લગતી આખા પાનાની જાહેરાતો મળતી હતી. તે તા. ૧૫-૮-૧૯૪૨થી 'જય કચ્છ'માં છાપવી બંધ કરી. પૈસાની લાલચને ઠુકરાવી ફૂલશંકરભાઈ પટ્ટણીએ પ્રજાનો જુસ્સો વધાર્યો. પત્રકારત્વની ગરીમા જાળવી રાખી.

**• ક્રાંતિમાં કચ્છનો ફાળો**

સ્થાનિકે કચ્છમાં ક્રાંતિનો પડઘો પડ્યો હતો. કચ્છમાં તો ૨૬મી જાન્યુઆરી, ૧૯૪૨નાં દિવસે જ 'જવાબદાર રાજતંત્ર દિન' ઉજવાયો હતો. ઓગસ્ટ ક્રાંતિમાં કચ્છના ફાળા સંદર્ભે આ ઘટના પણ ભૂલવા જેવી નથી. એ દિને ભુજમાં 'હરિજન છાત્રાલય' ચોકમાં કચ્છી પ્રજાકીય પરિષદ તરફથી શહેરીજનોની બહોળી સંખ્યા વચ્ચે મળેલ બેઠકનું પ્રમુખ સ્થાન ગુલાબશંકરભાઈ ધોળકિયાએ સંભાળ્યું હતું. તેમણે જુસ્સાદાર પ્રવચન આપ્યું હતું. 'જવાબદાર રાજતંત્ર'ની પ્રતિજ્ઞાનો ઠરાવ શ્રી તુલસીદાસ મૂળજી શેઠે રજૂ કરતાં, વકીલ ગોપાલજી ઉમરશી, ગોપાલજી શિણાઈ, મનસુખ ગઢવી વગેરેએ ટેકો આપ્યો હતો. કવિ અબ્દ 'ભક્ત કડવાજી'એ કચ્છી કવિતા દ્વારા ટેકો જાહેર કર્યો હતો.

*(સૌજન્ય : 'જય કચ્છ', તા. ૩૧-૧-૧૯૪૨)*

પરિષદના પાયાના પથ્થર કાંતિપ્રસાદ અંતાણીનું પ્રદાન નોંધપાત્ર હતું.

**• કચ્છમાં ઠેર ઠેર જાહેરસભા :**

મુંબઈમાં 'ક્રાંતિ'ના નેતાઓની ધરપકડ થઈ એના

વિરોધમાં ભુજમાં કચ્છી પ્રજાકીય પરિષદ અને વેપારીઓના સહયોગથી મહાદેવ નાકા પાસે સાંજે સાડા છ વાગે નગરશેઠ સાકરચંદ પાનાચંદના પ્રમુખપદે જનસભા મળી હતી. જેમાં ચારેક હજારની હાજરી હતી. મોહનલાલ શાહે પ્રમુખસ્થાન માટે મૂકેલી દરખાસ્તને જયરામ વિશ્રામે અનુમોદન આપ્યું હતું. સભામાં સર્વશ્રી ટી. એમ. શેઠ, ગુલાબશંકર ધોળકિયા, રસિકલાલ જે. જોશી, શૂરજી ઉમરશી ભાનુશાળી વગેરેએ જુસ્સાદાર વક્તવ્યો આપ્યા હતા અને જન જાગૃતિ આણી હતી. ભુજ ઉપરાંત અંજાર, મુંદ્રા, માંડવી સાથે ઘણા ગ્રામ્ય વિસ્તારોમાં પણ જાહેર સભાઓ, હડતાળ.... જેવા કાર્યક્રમો યોજાયા હતા.

- **ધ્યાનાકર્ષક ઘટનાઓ :**

અલબત્ત, એ ગાળામાં પ્રજા - રાજ્ય સંઘર્ષના મોટા બનાવો કચ્છમાં બન્યા ન હતા. છતાં બ્રિટીશ સલ્તનતે તો દેશનાં તમામ રાજ્યોને જરૂર જણાય ત્યારે આંદોલનકારીઓની સામૂહિક ધરપકડો કરવાનો આદેશ જાહેર કર્યો હતો. એ અન્વયે રાજકોટની વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ એજન્સી તરફથી તા. ૧૧-૮-૧૯૪૨ના લખાયેલ આદેશ કચ્છના દીવાન મિ. વેબને મળતાં એમણે કચ્છના મહારાવશ્રી અને ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી, કચ્છમાં ખાસ કોઈ મોટો અનિચ્છનીય બનાવ બન્યો ન હોવાની ખાતરી કરી લીધી હતી. પરંતુ છૂટાછવાયા બનાવોમાં અંજાર તેમજ મુંદ્રામાં બનેલી ઘટનાઓએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

- **અંજાર હાઈસ્કૂલમાં હાથ-બોંબ :**

અંજારના વિદ્યાર્થીઓ ભાંગફોડની પ્રવૃત્તિ તરફ વળ્યા હતા. હાઈસ્કૂલમાંથી દેશી બનાવટના હાથ બોમ્બ હાથ લાગ્યા હતા. તેથી હાઈસ્કૂલના કાર્યવાહક આચાર્ય છેલશંકર કે. વોરાએ તત્કાલિન કચ્છના શિક્ષણ નિયામક મિ. સ્મિથને નીચે મુજબ સંદેશો પાઠવ્યો હતો :

"સલામ સહ વિનંતી કે આજરોજ વિગતવાર પત્ર રેલવે પોસ્ટ દ્વારા આપને મોકલાવેલ છે. રોશન થશે કે આજરોજ સવારે દસ વાગે (પોષ વદ પાંચમ, સોમવાર સંવત ૧૯૯૯, ૨૫મી જાન્યુઆરી)ના હાઈસ્કૂલના સ્ટાન્ડર્ડ ફિફ્થના ક્લાસમાંથી એક દેશી બનાવટનો બોમ્બ હાથમાં આવેલ છે. કોઈપણ પ્રકારનું નુકસાન થયેલ નથી. ખાનગી તપાસ ચાલુ છે. આવતીકાલની બોમ્બની ધમકી નીચે પ્રમાણેની હાઈસ્કૂલના દરવાજા બહાર જોવા મળે છેઃ 'જો જાન્યુઆરી તા. ૨૬મીનાં સ્કૂલ બંધ નહીં હોય તો દેશી બનાવટનો બોમ્બ નાંખવામાં આવશે. (નવ વાગે) જે રોશન થાય.'"

- **મુંદ્રામાં વિદ્યાર્થીઓની ધરપકડ - સજા :**

મુંદ્રા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ પણ લડત ઉપાડી હતી. પરિણામે વિદ્યાર્થી નાનાલાલ ફોફળિયા અને બીજા એક વિદ્યાર્થીની ધરપકડ થઈ હતી. ગેરકાયદે પ્રવૃત્તિ કરવા બદલ એ વિદ્યાર્થીઓ પર કેસ ચાલ્યો હતો અને એ બંનેને નવ માસની સજા થઈ હતી. આમ, રાષ્ટ્રીય પ્રવાહથી કચ્છ જિલ્લો અળગો રહ્યો હોવાની છાપ આ લેખ થકી ખોટી પડે છે. 'હિંદ છોડો' ચળવળે પ્રજામાં એકતા અને અખંડિતતાની ભાવના પ્રબળ બનાવી હતી. દેશના ખૂણે ખૂણે આઝાદી માટેની ફનાગીરીની અજબ ભાવના પ્રગટાવી હતી. દેશભરમાં સ્વાતંત્ર્યનો ટંકાર ગાજી ઉઠ્યો હતો. તેથી બ્રિટીશરોને પોતાની સલ્તનતના પાયા ડગમગી ઉઠ્યા હોવાનો અણસાર આવી ગયો હતો. દેશદાઝની પરાકાષ્ટાએ અનેક બત્રીસ લક્ષણા યુવા શહીદોની કુરબાનીથી રક્તરંજિત બનેલી ભારતની વીરભૂમિ પર શાસન કરવાનું સામર્થ્ય બ્રિટનની શેતાની સલ્તનતમાં ન રહ્યું. સંજોગોની ઘટમાળ એવી તો ઝડપથી સર્જાઈ કે 'ભારત છોડો' ચળવળના માત્ર પાંચ જ વર્ષમાં અંગ્રેજોને દેશમાંથી ઉચાળા ભરી જવા પડ્યા હતા.

*સંદર્ભસૂચિ :*

(૧) 'જય કચ્છ' સાપ્તાહિકનાં ૧૯૪૧-૪૨ની ફાઈલ દિવાળી અંકો તેમજ તા. ૧૫-૮-૯૧નો અગ્ર લેખ. (૨) 'કચ્છમાં પ્રજા જાગૃતિનાં પાનાં' લે. રસિકલાલ જોષી (૩) સ્વ. ગુલાબશંકર ધોળકિયા સ્મૃતિ ગ્રંથ. (૪) 'કચ્છ અને લોક સંસ્કૃતિ' લે. ડૉ. ગોવર્ધન શર્મા - ડૉ. ભાવના મહેતા. (૫) કવિ અબ્દ 'ભક્ત કડવાજી' અને અન્ય મહાનુભાવો (૬) 'કચ્છ સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ' કાંતિપ્રસાદ અંતાણી.

*'મોજ', ધ્રુવ્યાંસી રેસિડેન્સી, મહાવીર નગર,*
*કૉલેજ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૦૮૭ ૩૧૬૯૩*

હાર્દિક શુભકામનાઓ સાથે...
**માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વારા) – અમદાવાદ**
**રસિકભાઈ – રજનીકાંત – હસમુખ ખીમજીભાઈ મહેતા**

અતીતની યાદો

# ૧૯૪૪નાં ગોદીના ધડાકાઓએ મુંબઈને હચમચાવી નાંખેલ. કચ્છીઓ દેશમાં ભાગ્યા...

હીરાલાલ વી. ઉનડોઠવાલા

મુંબઈના વિક્ટોરીયા ડૉકના ધડાકાઓએ દાણાબંદર, ચીંચબંદર અને ભાતબજાર તેમજ નજીકના એરીયાની હાલાકીને નુકસાનીની હદ વટાવી નાંખેલ. કોટથી શીવરી સુધી દેહના ટુકડા, શબના ફુરચે ફુરચા વેરાયા હતા. જેનો નીચે મુજબ અહેવાલ કંપારી ધ્રુજાવી દે તેવો વાંચો.

૧૪મી એપ્રિલ ૧૯૪૪નાં બપોરે ૧૨.૩૦ વાગે લાંગરેલ એસ.એસ. સ્ટીકન નામની ૭૦૦૦ ટનની સ્ટીમર લાંગરેલી હતી. બપોરે જમવા વખતે ધુમાડાથી શરૂઆત થઈને મોટા ધડાકા થતા રહ્યા. જેનો કેપ્ટન એ.જે. નાઈસ સ્મિથ હતો. એમાં ૧૨૦૦ ટન ગંધક-સલ્ફર, કપાસની ૯૦૦૦ ગાંસડીઓ, ૧૦૦૦ ક્રુડ તેલની ટાંકીઓ, લોખંડનો ભંગાર અને ૨૪૦ સોનાની ઈંટો હતી. એક ઈંટનું વજન ૨૪ શેર હતું. આ પ્રચંડ ધડાકાથી એક બોટ પચાસ ફુટ દૂર ગોડાઉન ઉપર ફેંકાઈ હતી. તેની આજુબાજુ ૨૪ જહાજો લાંગરેલા હતા. જેમાંથી ૧૧માં આગ લાગેલ હતી. ટોટલ ૧૦૦ એકરમાં તારાજી સર્જાઈ. ધડાકાના અવાજો ગીરગામ અને સાંતાક્રુઝ સુધી સંભળાયા હતા. દસથી બાર દિવસ આગ ચાલુ હતી. ૬-૭ દિવસ સુધી સૂર્યનો પ્રકાશ ધુમાડાને કારણે દેખાયો ન હતો. લોખંડના ધગધગતા ટુકડા ઉડવાને કારણે બાજુના ગોડાઉનમાં રાખેલ ૬૦૦૦ ટન ઘઉં બળી ગયેલ. અંદાજે રૂપિયા ૨૬ કરોડનું નુકસાન થયેલ. ૬૦૦૦ પેઢીઓને નુકસાન થયેલ; ૫૦,૦૦૦ લોકો બેઘર થયેલ; ૩૦૦૦નું સર્વસ્વ ગયું. ૨૪૦૦ લોકોને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ૧૩૭૬ લોકો મરણ પામેલ. જેમાં ૮૪ બંદરના કર્મચારીઓ, ૬૪ બંબાવાળાઓ, ૪૧ જહાજના કર્મચારીઓ, ૧૫ પોલીસ - સીપાઈઓ, ૭ નૌકાદળવાળા હતા. ઠેર ઠેર શબના, લોખંડના ટુકડા વેરાઈ પડેલ હતા. લોખંડનો એક ટુકડો ઉડીને મસ્જિદ બંદર પાસે રેલવેના પાટા ઉપર એટલે કે લાલજી પુનશી કું.ની બિલ્ડિંગ પાછળ પડ્યો હતો. હજારો લોકોએ ઘર, દુકાન, ઓફિસ છોડી રેલવે સ્ટેશનો પર કચ્છ જવા લાઈનો લગાવેલ. મલાડના જાદવજી ખેતશી રાંભિયા, જે મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાંચને અનાજ સપ્લાય કરતા હતા, તે વખતે બટલર નામના કમિશનર હતા. તેમને જાદવજીભાઈએ બધા લોકોને લઈ જઈ આજીજી કરેલ કે અમારા ઘરમાંથી જરૂરિયાતની ચીજો લેવા દો. જે વિનંતી મંજૂર થતાં ઘરમાંથી ચીજો લઈ, તાળુ મારીને કચ્છી લોકો કચ્છ રવાના થયા હતા. ફાયર બ્રિગેડના અધિકારી કુમ્બ હતા. તેનો ડ્રાઈવર મહમદ સીદ્દીક હતો. જેના માથા પર લોખંડનો ટુકડો પડતા મૃત્યુ પામેલ. હજારો લોકોને કાનમાં બહેરાશ આવી ગયેલ હતી. ૫૦/૬૦ ફુટ ઊંચી આગની જ્વાળાઓ લબકતી હતી. જે સોનાની ૨૪૦ ઈંટો હતી તેના પર Z13256 ની મહોર હતી – ઈંગ્લેન્ડ બેંકની. એ ઈંટો ઠેર ઠેર ઉડી હતી. કઈકોના ઘરોમાં કે આંગણમાં ઉડી હતી. એક ઈંટ ગીરગાંવ રોડના કુકાના હાઉસ પર રહેતા શ્રી બરજોરજી ખરશેદજી પારસીનાં ઘરમાં છત તોડીને આવી પડેલ હતી. જે ઈંટ પારસીએ પોલીસ ચોકીમાં જમા કરાવેલ. જેથી સરકારે રૂા. ૯૯૯/- બક્ષીસ આપેલ. પણ એ ભાઈએ, એ રૂપિયા માર્યા ગયેલા લોકો માટે ફંડમાં જમા કરાવી દીધેલ ને માનવતા બતાવેલ.

બેઘર બનેલાને વહારે આવેલ શ્રી અરજણ ખીમજીએ માટુંગા નારાણજી શામજી વાડીમાં રોજ ૩૦૦ને જમવા-સૂવાની વ્યવસ્થા કરી આપેલ હતી. અન્ય એક બહેને પણ આવી રીતે આશરો આપેલ, જેની નોંધ છે. કચ્છી સમાજમાં આવી કટોકટી કે ખુવારીભરી જિંદગી જોઈ ન હતી. આ ધડાકાને આજે અંદાજે ૮૦ વર્ષ થયા એવા હાજર વડીલો રોતા રોતા કથની કહે છે. વિશ્વયુદ્ધ કે જાપાને બોંબમારો કરેલ એવી વાતો વહેતી હતી. ભાતબજાર - ચીંચબંદર - દાણા બંદરના ગોડાઉનોમાં અનાજ - કઠોળ - છાલા - ચુની - ખોળ જેવી સંગ્રહેલ ચીજો લગભગ આગ - ધુમાડાથી ભરખાઈ ગઈ હતી. ત્યારબાદ જે હમણાં ઉભા છે તે કાળા પથ્થરના ગોડાઉનો ભરૂચ, સુરત, કુર્લા, અમદાવાદ વગેરે શેરી (સ્ટ્રીટમાં) ઊભા છે, જે યાદગીરી રૂપે છે. (ધડાકા વિશેના જૂના લેખો મારી પાસે છે.)

*૧૧૦, જય ભવાની, એ/૬૦૪, રાજશ્રી ક્લોવર,*
*તિલકનગર, ચેમ્બુર, મુંબઈ.*
*મો. ૯૮૬૯૬ ૭૭૭૮૯*

# વિવિધ વિષયનાં અને વિવિધ સ્વરૂપનાં આ પુસ્તકો આપને જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી થશે...










## માહિતી અધિકારનો કાયદો 2005

સંપાદક : શિવદાન ગઢવી, કિં. 200

આપણા બંધારણની કલમ 19- 1-એ-માં વાણીસ્વાતંત્ર્યનો અધિકાર છે. એની સાથેસાથે માહિતીનો અધિકાર પણ છે. વિવિધ સરકારી વિભાગોમાં ચાલતી કામગીરી બાબતે માહિતી માગવાનો અધિકાર પ્રજાને છે. એનો ઉપયોગ કઈ રીતે કરી શકાય અને સરકાર પાસેથી જરૂરી માહિતી કેવી રીતે મેળવી શકાય એનું માર્ગદર્શન આપતું આ પુસ્તક છે. એમાં ઠરાવો, કલમો અને સમજૂતી આપેલાં છે.

## સાંપ્રત સમયમાં નારી

લે. બેલા ઠાકર, કિં. 90

20મી સદીના અંત સાથે 21મી સદીમાં મહિલાઓનું જીવન કેવું પરિવર્તન પામ્યું છે અને એના આધારે આજની મહિલાઓએ કઈ રીતે પોતાની ભૂમિકા નિભાવવી જોઈએ, એનું માર્ગદર્શન આપતા 40 લેખો આ પુસ્તકમાં છે. તમામ ગુજરાતી મહિલાઓએ આ લેખો અચૂક વાંચવા જોઈએ.

## કદલીવન

લે. વિનોદિની નીલકંઠ, કિં. 80

નારીસંવેદનાની આ નવલકથા છે. યુગ કવિ નિરંજન ભગતે આ નવલકથા માટે કહ્યું છે કે, ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં આ નવલકથા પ્રશિષ્ટ ગ્રંથ તરીકે સ્થાન પામે એવી છે. આપણા રોજિંદા જીવનના સંઘર્ષોની વ્યથાકથા આલેખતી નવલકથા.

## લીલો ટહુકો

લે. લાલજીભાઈ પ્રજાપતિ, કિં. 70

જીવનપ્રેરક અને તાજગીસભર 43 લઘુલેખોના આ સંગ્રહ દ્વારા લેખક આપણી ભવ્ય અને દિવ્ય સંસ્કૃતિનો આદર કરે છે. કશુંક ઉમદા વૈચારિક પાથેય આપવાની મથામણ આ પુસ્તકમાં જોવા મળે છે.

## ગ્રાન્ડ રિહર્સલ

લે. દિલીપ રાણપુરા, કિં. 130

અભિનેત્રી હીરાબાઈના જીવનપ્રસંગો આધારિત આ નવલકથા નાટ્યપ્રેમીઓને તો ગમશે જ, સાથેસાથે સંવેદનશીલ કથારસ ધરાવતા વાચકોને પણ ગમશે. લગભગ 500 પૃષ્ઠની આ દળદાર નવલકથા આજે પ્રગટ કરીએ તો એની કિંમત લગભગ પાંચસો રૂપિયાથી વધુ થાય !

## વિસ્મય

લે. રજનીકાંત પટેલ કિં. 18

આ પુસ્તકમાં વિશ્વની વિસ્મયજનક ઘટનાઓ વિશે માહિતી છે. વસ્તુ, પદાર્થ, ઘટના, માનવસ્વભાવની વિચિત્રતા વગેરે બાબતો સાથે સંકળાયેલી વિસ્મયકારક હકીકતો જ્ઞાન-વિજ્ઞાનની વિવિધ દિશાઓ ખોલી આપે છે.

## પતંગિયાની પાંખો

સંપા. ગોપાલ મેઘાણી, મહેન્દ્ર મેઘાણી; કિં. 70

ગુજરાતી સાહિત્યમાં સાવ નોખી ભાત પાડતા આ પુસ્તકમાં અંગ્રેજી બાર મહિનાની કઈ તારીખે કોનો જન્મદિવસ અથવા કોની પુણ્યતિથિ છે તેની વિગતો ઉપરાંત જે તે મહિનામાં માણી શકાય એવાં કાવ્યો અને ચિંતનખંડો સમાવેલા છે. વિવિધ પ્રસંગે સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવું પુસ્તક.

## ગપ્પા ગપ્પા

લે. માલતી દેસાઈ, કિં. 32

આ પુસ્તકમાં હળવી શૈલીમાં અને જીવનને વિચાર સમૃદ્ધ કરે એવા 114 રમૂજી પ્રસંગોનું આલેખન છે. દરેક પ્રસંગનું પોત અલગ છે અને એની ભાત પણ અલગ છે. વાચકને રસ-તરબોળ કરે એવા પ્રસંગો વાંચવા માટે આ પુસ્તક જરૂર વસાવવું જોઈએ.

## શુભ મુહૂર્ત સાવધાન

લે. ડૉ. હર્ષિદા રામુ પંડિત, કિં. 80

લગ્નજીવન માટે પ્રેરક અને માર્ગદર્શક 29 લેખો આ પુસ્તકમાં છે. લોકસાહિત્યમાં લગ્નભાવના, લગ્નમાં જોવા મળતી કેટલીક પ્રથાઓ, લગ્ન માટે માતા-પિતાનો આગ્રહ, લગ્ન માટેની યોગ્ય વય કઈ ?

લગ્ન પૂર્વેનું માર્ગદર્શન, લગ્ન પૂર્વેનાં અરમાનો અને અજ્ઞાત ભયો, લગ્નની જાહેરાતો, લગ્ન માટેના ઇન્ટરવ્યૂ, જીવનસાથીની પસંદગી, લગ્નમાં છેતરપિંડી, તૂટતી સગાઈઓનાં થોડાંક કારણો જેવા વિષય પર લખાયેલા આ લેખો યુવક-યુવતીઓને ઉપયોગી બનશે.

## પસ્તીનાં પાનાં

લે. પ્ર. ચુ. વૈદ્ય, કિં. 85

આપણી સંસ્કૃતિ અને આપણા કૌટુંબિક સંસ્કાર સાથે સંબંધો જળવાઈ રહે તે માટે લેખકે અભ્યાસ માટે અમેરિકા ગયેલી દીકરીને લખેલા પત્રોનું સંકલન આ પુસ્તકમાં છે.

આ પુસ્તકમાં કેટલાક રસપ્રદ અને રોમાંચક પ્રસંગો છે તો કેટલીક યાદગાર ઘટનાઓનો ઉલ્લેખ પણ છે.

## ભારતના ટેસ્ટ ક્રિકેટ સિતારાઓ

લે. જગદીશ બિનીવાલે, કિં. 150

ગુજરાતી ભાષામાં કદાચ એકમાત્ર કહી શકાય એવા આ સંદર્ભગ્રંથમાં ટેસ્ટ ક્રિકેટના 237 ભારતીય ખેલાડીઓ ની પરિચયઝલક આપવામાં આવી છે. સાથેસાથે પ્રારંભે ભારતનો સંક્ષિપ્ત ટેસ્ટ ક્રિકેટ ઇતિહાસ પણ રજૂ કર્યો છે.

ક્રિકેટપ્રેમીઓ અને રમતગમત ક્ષેત્રે રુચિ ધરાવતા વાચકો માટે આ ગ્રંથ અણમોલ છે.

---

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com

ક્રિકેટ

# વિશ્વ વિજેતાની વાતો

મયુર દેઢિયા

અને આખરે એ ક્ષણ આવી ગઈ. જે અમે જીવ્યા છીએ ૧૯૮૩માં, ૨૦૦૭માં, ૨૦૧૧ માં અને હવે ૨૦૨૪માં....

ક્રિકેટ, એ સમગ્ર ભારત દેશને અને સર્વે ભારતીયોને જોડતી એક મહત્ત્વની બાબત છે. ભારતનો પ્રત્યેક નાગરિક એની જાતિ, ધર્મ, અને બીજા બધા ભેદભાવ ભૂલીને ક્રિકેટ માટે એક થાય છે. હું મારી જાતને નસીબદાર સમજુ છું, કે આ બધા જ વર્લ્ડ કપ મેં જોયા પણ છે અને માણ્યા પણ છે. ભારત માટે વિશ્વ કપ એટલે ઉન્માદ, ઉત્સાહ, ઉત્સવ અને ઉદ્દેશ પ્રાપ્તિનો અનેરો અવસર. પણ આજે આ વિશ્વ કપના રેકોર્ડસ અને તેની ભવ્યતાની કે એના સંઘર્ષની વાત નથી કરવી. આજે તો વાત કરવી છે આ જીત પછી દરેકે દરેક ખેલાડીના વક્તવ્યની, તેમની માનસિક સ્થિતિની અને તેમના પરિશ્રમની.... દરેક વાતો જે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેના એક ૪૦ મિનિટ્સના વીડિયોમાં રજૂ થઈ છે. આજના સોશિયલ મીડિયાના જમાનામાં લગભગ બધાએ આ વીડિયો હવે જોઈ લીધો હશે. કારણ કે જ્યારે આ લખવા બેઠો છું ત્યારે એ વીડિયો રીલીઝ થયે ચારથી પાંચ કલાક થઈ ગયા છે. આ વીડિયો ખાલી એક એન્ટરટેઈનમેન્ટ વીડિયો નહીં રહેતા, ખૂબ જ સુંદર અને માહિતીપૂર્ણ વીડિયો બની ગયો છે.

અમે ૧૯૮૩ના વર્લ્ડ કપ પછી તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીનો વિજેતા ટીમ સાથેનો વીડિયો જોયો છે. ત્યારે સોશિયલ મીડિયા આટલું એક્ટિવ ન હતું. પણ તેમ છતાં એવું લાગે છે કે તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી તેઓ સાથે ઘણી આત્મીયતાથી મળ્યાં હશે. ત્યાર પછીના ૨૦૦૭ અને ૨૦૧૧ ના વર્લ્ડ કપ વખતે મનમોહન સિંહ પ્રધાન મંત્રી હતા. પરંતુ તેમના કોઈ આવા વીડિયો ખાસ ઉપલબ્ધ નથી. મનમોહન સિંહ રમતગમતમાં કદાચ એટલી રૂચિ ના ધરાવતા હોય. પરંતુ પ્રધાનમંત્રીનો આ વખતનો જે વીડિયો છે, તે લીડરશીપ માટે કે મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે અથવા આધ્યાત્મિક ગુરૂઓ માટે ખાસ છે. આ વીડિયો ઘણું ઘણું શીખવી કે સમજાવી જાય છે.

આ વીડિયોની ચર્ચા પહેલાં ખાસ એક વાત કહી દઉં કે આ વીડિયો અંગે અહીં જે રજૂઆત કરી છે, તે ફક્ત મારા વિચારો છે. મારી થોડી ઘણી સમજ પર આધારિત છે.

તો ચાલો સફર શરૂ કરીએ... વીડિયોની શરૂઆત થાય છે વડાપ્રધાનશ્રી ના વિજેતાઓ સાથેના ફોટાથી. મને યાદ છે ૧૯૮૩માં ઈન્દિરા ગાંધી વર્લ્ડ કપ લઈને ઊભાં છે અને ત્યારબાદ તત્કાલીન રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંઘ આ કપ સાથે ઉભેલા હોય, તેવા ફોટા છાપામાં જોયા હતા. પણ જ્યારે તમે આ ફોટો જોશો, તો આ ફોટામાં કપ રોહિત શર્મા અને દ્રવિડના હાથમાં છે . પ્રધાન મંત્રી તેમના બેક ગ્રાઉન્ડમાં છે. તેમણે માત્ર રોહિત શર્મા અને રાહુલ દ્રવિડના હાથ જ પકડયા છે. તેમણે કપ લીધો નથી એટલે હું એવું નહીં કહું કે ઈન્દિરા ગાંધી કે જ્ઞાની ઝૈલસિંઘ ખોટા છે. પણ અહીં હું ધ્યાન દોરવા માગું છું, કે જે લોકો એમ.બી.એ. કે કોઈ લીડરશીપ પ્રોગ્રામ કરતા હોય, તેમને માટે ખાસ વાત એ છે કે આદર્શ લીડર એ જ છે, જે સફળતાનો જશ પોતાની ટીમને આપે અને તેમને આગળ કરે. મેં અત્યાર સુધી તો પ્રધાનમંત્રી નો એક પણ ફોટો વર્લ્ડ કપની ટ્રોફી સાથે જોયો નથી. આ એક ખૂબ નાની વાત છે, પણ વિચાર ઘણો મોટો છે. જીત ટીમ ઈન્ડિયાની છે, તો એની ક્રેડિટ તમે વડાપ્રધાન હોવ, તો પણ ન લઈ શકો. તેનો જશ માત્ર અને માત્ર ખેલાડીઓને જ મળવો જોઈએ.

સૌથી પહેલાં બોલવાનો મોકો રાહુલ દ્રવિડને મળે છે. આ એક વ્યક્તિ છે, કે જેણે વર્લ્ડ કપમાં પોતાની કેપ્ટન્સી હેઠળ સૌથી કારમી હાર જોઈ છે. ૨૦૦૭માં તેની કેપ્ટન્સીમાં આપણી ટીમ બાંગ્લાદેશ જેવી ઘણી નબળી ટીમ સામે હારી ગઈ હતી. અને આ જ કારણસર તેમને કેપ્ટન તરીકે રાજીનામું આપવું પડયું હતું. પણ આજે જ્યારે એમણે આખી ટીમને એક તાંતણે બાંધી અને જીતાડી છે, ત્યારે ફિલ્મ ચક દે ઈન્ડિયા નો શાહરૂખ ખાન યાદ આવે, જેણે નિષ્ફળતાનો ભાર સહી, બીજી નવી ટીમ બનાવી અને સાબિત કર્યું કે નિષ્ફળતા એના માટે નહોતી. રાહુલ દ્રવિડે પણ એવી ટીમમાં પ્રાણ પૂર્યા,

કે જે ટીમે હજી થોડા વખત પહેલાં જ ૧૪૦ કરોડ દેશવાસીઓને નારાજ કર્યા હતા. (વર્ષ ૨૦૨૩ નવેમ્બરના રોજ અમદાવાદમાં ઓસ્ટ્રેલિયા સામે રમાયેલ ફાઈનલ મેચ), છેક સુધી અજેય રહેલી ભારતીય ટીમ છેલ્લી મેચમાં હારી. આવી કારમી હારના આંચકા પછી, આવી એક જોરદાર ટીમ બનાવી, એનો જુસ્સો વધાર્યો. અને તેને જીતાડી પણ ખરી.. આ વર્લ્ડ કપમાં પણ ભારતીય ટીમ સતત બધી જ મેચ જીતી હતી. ફાઈનલમાં ખૂબ જ રસાકસી પણ થઈ. એક સમયે તો આપણી હાર નિશ્ચિત હતી. ૩૦ બોલમાં ૩૦ રનનું લક્ષ્ય કોઈ નબળી ટીમ પણ હાંસલ કરી નાંખે. એવી સ્થિતિમાંથી આપણે વિજેતા બની બહાર આવ્યા.. અને એ માટે ટીમના મુખ્ય કોચને શ્રેય આપવો જ પડે...

ઈન્ટરવ્યૂમાં આગળ અચાનક વડાપ્રધાન યુજવેન્દ્ર ચહલને સવાલ પછે છે કે તું ઇતના સિરીયસ ક્યું હૈ? અને તેઓ માહોલને એકદમ હળવો બનાવે છે. સાથે સાથે એ પણ કહે છે કે હરિયાણા કા આદમી હર બાત મેં ખુશ રહેતા હૈ.. સાચું કહો તો મને પોતાને એ ખબર નહોતી કે ચહલ હરિયાણાનો ખેલાડી છે. મેનેજમેન્ટ અને પર્સનાલિટી ડેવલપમેન્ટમાં એક ચીજ ખાસ શીખવવામાં આવે છે, કે તમારી કોઈપણ મીટિંગ કે પછી ડીલમાં, તમે સામેવાળી વ્યક્તિને નામથી અથવા તેના ગામથી ઓળખાણ આપો, તો કામ ત્વરીત થાય છે.

ત્યારબાદ વડાપ્રધાન રોહિત શર્માને પૂછે છે કે જીત્યા બાદ તે પીચની માટી કેમ ખાધી? અને રોહિત શર્માનો જવાબ ખૂબ જ વાઈરલ થયો છે. અહીં મુદ્દો બીજો છે. અહીં દેખાય છે એક પરંપરાની, સંસ્કૃતિની અને સંસ્કારની ધરોહર. આ પહેલાના એક વર્લ્ડ કપ વખતે વિજેતા ટીમના ખેલાડીઓને ટ્રોફી ઉપર પગ રાખીને ફોટા પડાવતા જોયા છે. જ્યારે અહીં વિજેતા ટીમનો કેપ્ટન, માટી ખાઈ અને તે માટીનું ઋણ અદા કરતો દેખાય છે. માટી વિશ્વ છે, માટી દાતાર છે, માટી શાશ્વત છે. તેને કોઈ દેશના સીમાડા ન હોય. માટે વિશ્વ વિજેતાનો અહંકાર દૂર કરી. તે માટીનું ઋણ અદા કરે છે. મને યાદ છે Wimbledon ફાઈનલમાં વિજેતા નોવાક જોકોવિચે વિમ્બલડન કોર્ટનું ઘાસ ખાધેલું. અને આ પરપરા એણે ચાલુ રાખેલી. આ એક દેશની, દેશના નાગરિક્તાની અને દેશની માનસિકતાની પહેચાન છે. ફરી એકવાર વડાપ્રધાન ટ્રોફી લેવા જતી વખતના રોહિત શર્માના નૃત્યના ઉલ્લેખ સાથે વાતાવરણ હળવું કરીને તેઓ ખૂબ જ હસીને વાત કરે છે.

વાત કરીએ આ વિજેતા ટીમના વિકેટ કીપર ઋષભ પંતની. એ હાલમાં જ એક ખૂબ ખતરનાક અકસ્માતમાંથી ઊભો થયો છે અને મોતના મુખમાંથી બહાર આવ્યો છે. ત્યાંથી તેણે મહેનત કરીને, ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પાછું સ્થાન મેળવ્યું છે. પણ અંદરની વાત જયારે ખબર પડી, ત્યારે ખૂબ જ નવાઈ લાગી. વાત એમ હતી કે જ્યારે અકસ્માત થયેલો, ત્યારે વડા પ્રધાને પોતે ઋષભ પંતની માતા સાથે વાત કરી અને તેમના હાલચાલ પૂછેલા. આટલા મોટા દેશના વડાપ્રધાન કે જેમણે આટલી બધી મોટી સમસ્યાઓ સામે જ ઝઝુમવાનું હોય, તેની વચ્ચે પણ આવો સમય કાઢીને તેઓ ખેલાડીનો રિપોર્ટ લેતા હોય, તબિયતની કાળજી લેતા હોય અને આટલી આત્મીયતા દાખવતા હોય!!! તો આપણે એમ કહેતા હોઈએ છીએ કે ભાઈ મારી પાસે તો સમય જ નથી.. તો આપણે કેટલું ખોટું બોલીએ છીએ!!! જીવનની એક એક પલ... એક એક સેકન્ડનો આ માણસ ઉપયોગ કરે છે. આ ઈન્ટરવ્યૂ જોનાર દરેક સામાન્ય વ્યક્તિને એવો અહેસાસ થશે કે મારી તકલીફના સમયમાં પણ આ વડાપ્રધાન સાથે ઊભા રહેશે.

એક ખાસ શીખવા જેવી વાત એ છે, કે આખા ઈન્ટરવ્યૂમાં વડાપ્રધાનશ્રી જ્યારે પણ ખેલાડીઓ સાથે વાત કરે છે, ત્યારે તેમનું સંબોધન ‘દોસ્ત’ નું છે. આજે વડાપ્રધાન લેવલની વ્યક્તિ એક ખેલાડીને દોસ્ત કહીને સંબોધે, ત્યારે ખેલાડીનું મોરલ ઘણું ઊંચું જાય. પછી આ ઈન્ટરવ્યૂમાં વિરાટ કોહલી સાથેનું જે વક્તવ્ય છે, તે આ ઈન્ટરવ્યૂને એક અલગ આયામ ઉપર લઈ જાય છે અને તે આયામ છે આધ્યાત્મિકતાનો.. વિરાટ કોહલી જે જવાબ આપે છે, તે ખૂબ જ ફિલોસોફીકલ અને આધ્યાત્મિક છે. તમારા જીવનમાં તમે ખૂબ જ સફળ થઈ જાવ. તમારી પાસે વૈભવ ધન કીર્તિ બધું જ હોય, પણ જો આધ્યાત્મિકતા સાથે ન હોય અને વિરાટ વિશ્વ સ્વરૂપ સામેની આપણી વામનતાનો ખ્યાલ ન હોય તો આપણે આ કાંઈ પણ પચાવી શકતા નથી. છેલ્લી મેચ સુધી જે નિષ્ફળ છે, તે એક એવો ખેલાડી છે, કે જેની પાસે આજના instagramમાં વિશ્વના બીજા કોઈ પણ ખેલાડી કરતા સૌથી વધારે ફૉલોઅર છે, આજે એની એક પોસ્ટ ઉપર એને કરોડો રૂપિયા મળે છે. પણ એ જ ખેલાડી જ્યારે વિશ્વ કપની મેચમાં છેલ્લી મેચ સુધી નિષ્ફળ રહ્યો હોય, ત્યારે તે કેટલો દબાણમાં હોઈ શકે, તે આપણી કલ્પના બહારની વાત છે. જીવનમાં જ્યારે આટલી બધી સફળતાની સાથે સાથે આટલી બધી નિષ્ફળતાઓ પચાવવી હોય તો આધ્યાત્મિક વિચારો સિવાય તમને કોઈ તારી નહીં શકે. એનું એક ઉદાહરણ પણ આપી દઉં કે વિશ્વવિખ્યાત સીંગર માઈકલ જેકસન પાસે સઘળું હતું, પરંતુ અધ્યાત્મનું ચિંતન ના હોવાથી છેલ્લા વર્ષોમાં તે ખૂબ

જ દુઃખી હતો. તેની સફળતા તેનુ ધન, તેનો વૈભવ બધુ જ રોળાઈ ગયેલું. અંતે વિરાટ કોહલી જે વાક્ય કહે છે, તે ચુમ્બેશ્વરી છે. તે કહે છે કે, 'આનાથી પહેલાની ગેમમાં હું કંઈ કરી રહ્યો છું એવા અહંકાર સાથે હું રમતો હતો. તેથી રમત મારાથી દૂર હતી. અને જે છેલ્લી ગેમ હતી તેમાં મારો અહંકાર ચૂર થઈ ગયો હતો. જેવો અહંકાર દૂર થયો, ગેમ મારી સાથે થઈ ગઈ. વાહ કોહલી વાહ!!! આ જે સમજ છે તે આત્મચિંતન વગર આવવી મુશ્કેલ છે. ત્યારબાદના ઈન્ટરવ્યૂમાં બુમરાહનો એક સુંદર જવાબ છે, જે મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ તેમજ આપણે પોતે પણ જીવનમાં ઉતારવુ જોઈએ. તે કહે છે કે જ્યારે મારી ઉપર ખૂબ જ પ્રેશર હોય છે, ત્યારે આજુબાજુના પરિબળોનો વિચાર કર્યા વગર હું કેટલું શ્રેષ્ઠ આપી શકીશ, એ વિચારીને પરફોર્મ કરું છું. ખરેખર ગમે એટલી તકલીફના સમયમાં પણ લોકો શું કહેશે એનો વિચાર કર્યા વગર, તમે તમારું શ્રેષ્ઠ પરફોર્મન્સ આપો, તો બધું જ સમુ સુતરૂ ઉતરી શકે..

હાર્દિક પંડ્યાની વાત શરૂ કરીએ એ પહેલા મને એક વાત યાદ આવે છે કે જ્યારે આપણી ટીમ ઓસ્ટ્રેલિયા ગઈ હતી, ત્યારે રવિ શાસ્ત્રીએ 'ઑડી' જીતી હતી અને ભારતીયોને આ ચાર બંગડીવાળી ગાડીની ઓળખ કરાવેલી. આ જ રવિ શાસ્ત્રી જ્યારે આ પ્રસિદ્ધિના શિખર ઉપરથી નીચે ગબડ્યો, ત્યારે આ લખનારે પ્રત્યક્ષ જોયું છે કે જ્યારે સ્ટેડિયમમાં એ રમવા આવતો, ત્યારે આખું સ્ટેડિયમ એને ગંદી ગાળો આપતું. દરેકે દરેક ખેલાડી કે કલાકારના જીવનમાં આવી પડતી આવે જ છે. જ્યારે ટૂંકા સમય માટે ટોચ ઉપર હોય અને ત્યાંથી તુરંત ગબડી જાય. આ વખતના આઈ.પી.એલ.માં આ વસ્તુ જોવા મળી કે ગત વર્ષનો ચેમ્પિયન કેપ્ટન જ્યારે આ વર્ષે નિષ્ફળ ગયો, ત્યારે આખા સ્ટેડિયમે તેનો હુરિયો બોલાવ્યો હતો. નિષ્ફળતાની આ ક્ષણ દરેક ખેલાડી કે કલાકાર ભોગવતા જ હોય છે. પણ જે કલાકાર અલગ ધાતુનો બનેલો હોય, તે જ આમાંથી ઉગરી શકે. આમાં અમિતાભ બચ્ચન પણ આવી જાય અને હાર્દિક પંડ્યા પણ આવી જાય. પોતાના વ્યક્તિગત ડામાડોળ જીવનથી પણ ઉપર આવીને દેશ માટે ખૂબ જ અગત્યની આખરી ઓવર નાંખી. આપણે સૌ વાતો કરીએ છીએ, સૂર્યકુમાર યાદવનો એ યાદગાર કેચ, કે જે મેચનો ટર્નિંગ પોઈન્ટ હતો. આપણે સૌ સફળ માણસની સફળતાને ટોચ ઉપર જોઈએ છીએ. પરંતુ તે ટોચ પર પહોંચવા માટેનો પરિશ્રમ જોતા નથી. આ રીતે કેચ પકડવા માટે તેણે ખૂબ જ આકરી ટ્રેઈનિંગ લીધી હતી અને ફાઈનલ મેચમાં એ કામ લાગી છે. ખરેખર કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.

હવે પછીની વાત પ્રધાનમંત્રી અક્ષર પટેલ સાથે કરે છે. તે મારા માટે પણ આશ્ચર્યની હતી. વડાપ્રધાન કહે છે કે તું જ્યારે સ્કૂલમાં હતો ત્યારે મેં તને એક ઍવોર્ડ આપેલો અને અક્ષર પટેલ કન્ફર્મ કરે છે કે ધોરણ ૮ માં હતો ત્યારે આપે મને ઍવોર્ડ આપેલો. ખરેખર જો વડાપ્રધાન આવી વાતો પણ યાદ રાખી શકતા હોય, તો તેમને ત્રણ સેલ્યુટ...

બાકી પણ ઘણા મુદ્દા છે. પણ આ લેખ ઘણો લાંબો થઈ જશે તેથી છેલ્લી અને ખાસ વાત અહીં કરી લઉં. નિષ્ફળતાનો ભાર એ એક એવી વસ્તુ છે, કે જે નિષ્ફળ થાય તે જ કહી શકે. આપણે સૌ નિષ્ફળ માણસની ટીકા કરવામાં એક્કા છીએ, પણ ક્યારેક આવી નિષ્ફળતા કલાકારને કે ખેલાડીને કેવી તોડી શકે તે આપણે નહીં સમજી શકીએ.

અહીં એક ખાસ વાતનો ઉલ્લેખ કરી દઉં કે હું બીજા ઘણા લોકો જેવો શ્રી નરેન્દ્ર મોદીનો અંધ ભક્ત નથી અને મારી આસપાસના મિત્રો અને સ્વજનો જાણે છે કે હું અમુક મુદ્દા ઉપર હું મોદી વિરૂધ્ધ કેટલી મજબૂત દલીલ કરું છું. પણ આજે આ વીડિયો માટે શ્રી નરેન્દ્ર મોદીને ખાસ અભિનંદન. મારી સમજ પ્રમાણે જ્યારે પણ કોઇ નિરાશામાં હોય અથવા દબાણમાં હોય, ત્યારે આ વીડિયો ખાસ જોવા જેવો છે.

**આખરી સિક્સર :**

***તુમ આજ ભલે હી મેરે રાસ્તો મેં ફૂલ બિછાતે હો***
***મુજ મેં તો કાંટો કા વો અહેસાસ બચે વો કાફી હૈ.***

*(નોંધ : ઉપરોક્ત ઉત્કૃષ્ટ પ્રકારનો લેખ વાંચ્યા પછી શ્રી મયુરભાઈને વિનંતી કરવામાં આવેલ છે કે હવે પછી તેઓ દર મહિને 'મંગલ મંદિર'ના વાચક વર્ગને આ પ્રકારના અભ્યાસપ્રદ લેખથી તરબોળ કરી દે... – મુખ્ય તંત્રી)*

KISHOR ROADWAYS
FLEET OWNER'S & TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
Pratik K. Lalka
M. : 98250 65844, 98986 58444, 88498 27053
BS-7, Radhe Business Empire, S.P. Ring Road, Opp. Fire Station, Aslali, Ahmedabad.

વિચાર મંચ

# કર્મનો સિદ્ધાંત પુનઃ મૂલ્યાંકન માંગે છે



ડૉ. નાનકભાઈ ભટ્ટ

માનવ ઉત્ક્રાંતિ સાથે વિકસેલ વૉકલકાંડમાંથી બહાર આવતા સ્વર-વ્યંજનની ભાષા જીવન વ્યવહારથી ઉપર ઉઠી માનવ મસ્તિષ્કની સંવેદનાઓ, વિચારો, ભાવનાઓનાં સાતત્યને વ્યક્ત કરવા સક્ષમ બની. માનવીય ચેતનાની ક્ષમતાને ભાષા દ્વારા અભિવ્યક્તિનો સહારો મળતા ક્રમશઃ ભાષા વધુ તાર્કિક બનતી ચાલી તે ઈસા પૂર્વે છઠ્ઠી સદીમાં સંસ્કૃત પ્રકાંડ પાણિનીએ ભાષાને વ્યાકરણનાં માધ્યમથી સુગ્રથિત કરી અને માનવ ઉત્ક્રાંતિના બીજા તબક્કામાં ભાષાના તર્કને વિજ્ઞાન તરીકે સ્વીકાર મળ્યો.

ભાષાએ વિકસાવેલ તર્કને વિજ્ઞાન જાણી જે તાર્કિક સિદ્ધાંત વિકસ્યા છે તેમાંનું એક ઉત્તમ ઉદાહરણ કર્મનો સિદ્ધાંત છે. સનાતન હિંદુ ધર્મ, જૈન અને બૌદ્ધ પરંપરામાં પણ માણસના વર્તમાન અસ્તિત્વને કર્મના તર્કથી યથાર્થ ઠરાવવાના ભરપૂર પ્રમાણ ઉપલબ્ધ છે. અલબત્ત બાઈબલના ન્યુ ટેસ્ટામિન કે કુરાનમાં કર્મના અનુબંધનો આધાર સ્વીકાર્ય નથી.

દેશના જાણીતા થિયોસોફીસ્ટ શ્રી હરજીવન કાળીદાસ મહેતા ૭ લાખ કરતા વધુ નકલમાં પ્રકાશિત 'કર્મનો નિયમ' પુસ્તિકામાં લખે છે, 'ગુરૂત્વાકર્ષણના નિયમની માફક પુનર્જન્મનો ક્રમ પ્રાકૃતિક નિયમ છે. કર્મને માનનારાં કે નહીં માનનારા લોકોને તે સમાન રીતે લાગુ પડે છે. કર્મ, પુનર્જન્મ અને વ્યકિતનાં વર્તમાન સ્થાનનાં વિશ્વવ્યાપી નિયમનો અભ્યાસ ધર્મની માન્યતા તરીકે નહીં પણ અસ્તિત્વના આધાર તરીકે સમજવાની જરૂર છે.'

'કરીએ તેવું પામીએ, વાવીએ તેવું લણીએ' – તેવા તાર્કિક સંકલન સાથે આશ્વાસનપાત્ર કર્મના સિદ્ધાંત ઉલ્લેખ વેદની ઋચાઓમાંથી પણ મળે છે. ઋગ્વેદ (૧૦.૧૬.૩)માં મૃત મનુષ્યની ચક્ષુને સૂર્ય પાસે અને આત્માને વાયુ પાસે સ્થાન મળે તેવી સ્તુતિ થઈ છે. વળી આત્માને પોતાના ધર્મ અનુસાર પૃથ્વીમાં, પાણીમાં કે વનસ્પતિમાં સ્થાન છે તેવો અતિ પ્રાચીન વિચાર સંકેત મળે છે. કઠોપનિષદ્ (૧.૧.૫-૬)માં નચિકેતા કહે છે કે, જેમ અનાજના દાણા પાકે છે, નાશ પામે છે, પુનઃ ઉત્પન્ન થાય છે તેમ મનુષ્ય પણ જીવે છે, મરે છે અને પુનઃ જન્મ લે છે. ભારતીય સંસ્કૃતિમાં જેમજેમ માનવ મસ્તિષ્કનું પ્રદાન વિસ્તરતું ગયુ છે તેમ તેમ ઉપલબ્ધ આધારોમાં કર્મના તર્ક પણ બદલાતા રહ્યાનું જોવા મળે છે. બૃહદારણ્યક (૪.૪.૩-૫) સારભૂત ઉપદેશ આપતા જણાવે છે કે, 'આત્મા જેવું કર્મ કરે છે, જેવું આચરણ કરે છે તેવો તે બને છે.' છંદોગ્ય (૫.૧૦.૭) કહે છે કે, 'પાપકર્મથી પાપી અને પુણ્ય કર્મથી અવતાર પુણ્યશાળી બને છે. મનુષ્યને સંકલ્પ આધારે કર્મ અને કર્મ આધારે શુભ-અશુભ યોનિમાં જન્મ મળે છે.' કર્મના તર્ક વિચારને કૌષિતકી ગ્રંથ (૧-૨) કર્મ અને મૃત શરીરમાં સ્થિત વિદ્યા પ્રમાણે આત્મા જળચર, વનચર કે ગગન આવૃત્તના ધારક તરીકે જુએ છે.

કર્મના તર્કને ભગવાન કૃષ્ણ એક નવો આયામ આપે છે. ગીતા (૩.૫)માં ભગવાન કહે છે, 'કોઈપણ મનુષ્ય ક્ષણવાર કર્મ વિના રહી શકતો નથી. આમ છતાં (૩.૮) કોઈ કર્મ સ્વયં બંધન કરતા નથી કર્મ ફળની આસક્તિ બંધનકર્તા છે.' એક યોગી તરીકે કૃષ્ણ સ્વયં વિશે જણાવતા (૪.૧૪) કહે છે, 'મને કર્મો લેપતા નથી કારણ મને કર્મ ફળમાં સ્પૃહા નથી.' કુરૂક્ષેત્રનાં સમરાંગણમાંથી ગાંડીવના ટંકારે કૃષ્ણ કહે છે (૪.૩૭) 'કર્મ કરવા જ મનુષ્ય અધિકારી છે પરંતુ ફળ બાબતમાં નહીં.' એક વર્તન વિજ્ઞાની તરીકે કૃષ્ણ કર્મ, અકર્મ અને વિકર્મ (૪.૧૭) તેવા ભેદ પણ સ્પષ્ટ કરી આપે છે. તે પછી ૨૭૦૦ વર્ષ બાદ ભગવાન બુદ્ધે પૂર્વ જન્મના સંસ્મરણોના તર્કથી જન્મ-જન્માંતર વચ્ચે અનુબંધ સ્થાપવા પ્રયત્ન મૂક્યો છે.

ભારતીય દર્શનમાં કર્મના સિદ્ધાંતની સમજ વેદ, ઉપનિષથી લઈ છેક ગરૂડપુરાણ સુધી વિસ્તરી છે. પાપ, પુણ્ય, સ્વર્ગ અને નર્ક કે પછી પૃથ્વી ઉપર સદેહે સુખ-દુઃખનો સહ સંબંધ બદલાતા પરિવેશમાં પણ જળવાયેલો જોવા મળે છે, આમ છતાં આધુનિક મનોજ્ઞાન અને ગીતકારનું સમાજદર્શન જે બિંદુ ઉપર એકત્ર થાય છે તે સ્થિતિમાં ફરી સ્પષ્ટ થાય છે કે, 'કર્મ પોતે બંધન કરતા નથી. કર્મથી નિર્લેપ વ્યક્તિ તેની પ્રતિ અસરથી પોતાના દેહને મુકત રાખી શકે છે.' મોર્ડન

ફિઝીક્સમાં જેને લૉ ઑફ એનર્જી તરીકે જાણવામાં આવે છે તે સિદ્ધાંતને આજથી ૬૭૧ વર્ષ પહેલા ભક્ત કવિ નરસિંહ મહેતાએ પદમાં મૂકી કહ્યું, 'બ્રહ્મ લટકો કરે બ્રહ્મ પાસે.' જીવ એકકોશીય હોય કે વાનર, માનવ પ્રકારે જૈવિક વિવિધતાથી સભર હોય પણ ખેલ ઉર્જાનો છે. જીવ; પૃથ્વી, જળ કે વાયુના આશ્રયે હોય પરંતુ જૈવિક વિજ્ઞાનના ગુણધર્મ અનુસાર તેના ડી.એન.એ.ના રંગસૂત્રોની રચના એકસરખા હોય છે. લોહી મનુષ્યનું હોય, પ્રાણીઓ, જળચર કે આકાશમાં ઉડતા પંખીઓનું હોય તેની મનોવૃત્તિ ભય-ભૂખ અને મૈથુન આસપાસ કેન્દ્રિત રહે છે. આ તમામ સંયોગો દર્શાવે છે કે પ્રકૃતિ સાથે અસ્તિત્વ ટકાવી રાખવા માગતા અવશેષોના કર્મ અને તેની ગતિ સમાન રીતે કાર્યાન્વિત હોય છે. ત્યારે પ્રશ્ન એ છે કે ગરૂડપુરાણ ૮૪ લાખ યોનિમાંથી માત્ર હિંદુ મનુષ્યને લાગુ પડે? કર્મના સિદ્ધાંતોના પુનઃ મૂલ્યાંકન માટેનો આ એક આયામ છે.

ભારતીય દર્શનમાં માનવ મનનું કોઈ નિશ્ચિત સ્થાન સ્પષ્ટ થયુ નથી. જયારે આધુનિક જીવ વિજ્ઞાન અને મનોવિજ્ઞાનના મતે મન એ મસ્તિષ્કમાં રહેલ સિંક્રોનાઈઝેશન મિકેનિઝમ છે. ઉદાહરણ તરીકે વ્યકિત વાહન ચલાવે છે ત્યારે દશ્ય-શ્રાવ્ય તેમ નવ પ્રકારની માહિતીનું સંકલન મસ્તિષ્કના મધ્યભાગે કોર્ટેકસથી સંભવિત થાય છે. એટલું જ નહીં પણ ચાલકના હાથ, પગ, આંખને ત્વરીત આદેશો મળતા રહે છે. આ પ્રક્રિયા મન છે.

ફેક મેડિસીન ઉપરના અભ્યાસો દર્શાવે છે કે વ્યકિત જયાં સુધી કાર્ય-કારણથી અજાણ હોય છે ત્યાં સુધી તેનું વર્તન સ્વાભાવિક રહે છે. અર્થાત મારા ખેતરમાં છાંટેલ જંતુનાશક દવાના લીધે શાકભાજી ખાનારનું મૃત્યુ થયું છે તેવી ખેડૂતને જાણ ન હોય તો તેના મનમાં કોઈ ઉદ્વેગ કે પશ્ચાતાપ નથી હોતો. બીજા વિશ્વયુદ્ધમાં બોમ્બાર્ડિંગ થકી હજારો યહૂદીઓનો ભોગ લેનાર પાઈલોટ પોતાને રાષ્ટ્રભક્ત ગૌરવવંત પુણ્યશાળી અને ભાગ્યવાન જાણી જીવનપર્યંત આનંદિત રહ્યાનું ઉદાહરણ ઈતિહાસમાં દર્જ છે. માનવ મૂલ્ય સ્વયં સાપેક્ષ છે અને માનવ મસ્તિષ્કમાં થતું ઘટનાઓનું અર્થઘટન સ્વયં સાપેક્ષ છે ત્યારે કર્મનો તર્ક પુનઃ મૂલ્યાંકન માગે છે.

ચારે વેદ પૂર્ણ થયા પછી ઋષિવર ત્રણ વાર 'નેતિ નેતિ નેતિ' પુકારે છે. આધુનિક વિજ્ઞાનના ઋષિ આઈન્સ્ટાઇન કહે છે, 'જગત એક સંયોગ છે.' ઉપનિષદ 'પૂર્ણમદઃ પૂર્ણમિદં' કહે છે, જયારે કોસ્મિક કેમેસ્ટ્રીની સમજ વિસ્તારનાર હોકીઝ કહે છે, 'બ્રહ્માંડમાં કશું પૂર્ણ નથી. આથી કશું અપૂર્ણ પણ નથી.' આથી ભૌતિકશાસ્ત્રના એક્શન – રીએકશનનો સિદ્ધાંત કે રસાયણ વિજ્ઞાનનો ઈફેક્ટ – સાઈડ ઈફેકટનો ખ્યાલ કર્મ અને ફળ સંબંધે જોડવામાં આવે છે જે પુનઃ મૂલ્યાંકન માંગતો વિચાર બને છે.

૨૧મી સદીમાં દીપ્તમાન જેનિટીકસ એન્જિનિયરનો ફેકચર જીન્સના અવલોકનો દર્શાવે છે. માણસની માતાના પક્ષે ૭, પિતાના પક્ષે ૭ અને પોતે – તેમ ૧૫ વ્યકિત એટલે લગભગ ૩૦૦ વર્ષની મેમરી તેના જીન્સમાં અકબંધ હોય છે. વિશ્વના અનેક નોબેલ પુરસ્કર્તાઓએ કબૂલ્યું છે કે રાત્રે જે વિચાર લઈને સૂતા હતા તેનું સમાધાન વહેલી સવારે મળી ગયુ હતું. આ પ્રકારની જૈવિક સ્થિતિને જૈન ધર્મમાં કેવળજ્ઞાન તરીકે જાણવામાં આવી છે. આથી પૂર્વ અવતાર જ્ઞાન અને કર્મ સ્થાનની કલ્પના ફેર વિચારણા માંગે છે.

બૌદ્ધિક માનવ વિકાસની વિચાર યાત્રાના આરંભે, તેમ આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સની વિકાસયાત્રાનાં પ્રારંભે અસ્તિત્વની સમજ બ્રહ્માંડની સમગ્રતાનાં સ્વીકારથી ચાલી છે. પરંતુ વચ્ચેના સમયગાળામાં ભાષામાં તર્કને વિજ્ઞાન સમજી કર્મનો નિયમ પ્રસ્થાપિત કરાયો છે. જેમાં અખૂટ શ્રદ્ધા રોપવામાં આવી છે. જે સ્વસ્થ સમાજ જીવન માટે માનસિક રાહતનો વિષય છે. પરંતુ એક અભ્યાસુ તરીકે કર્મનો સિદ્ધાંત પુનઃ મૂલ્યાંકનનો વિષય પણ બને છે.

***મો. ૯૮૯૮૪ ૬૩૪૮૯***

## કાંટોલા

મીં પૅ ભજારમેં ડિસજેં કાંટોલા
આસમાન ભાવે વિકજેં કાંટોલા

કચ્છમેં કણેં છમોછમ, નિરાછમ
કચડા ને તાજા ચુંઢાજે કાંટોલા

ચાર ડીંએ થિઇ રે ગઢા, પકલ
મોંઘા ત મોંઘા ખાવાજેં કાંટોલા

નિંઢી પિરજા કુર બુજેં ભનાંણ
તેલમેં રુસબુસ રધાજે કાંટોલા

છાય, માની ભેરો સુસવાડો સાગ
સરીરલા ગુણકારી ચૉવાજે કાંટોલા

'કેતુ', પનીર, ચીઝ, જીભજા સુઆડ
રજવાડી સાગ તુલેં તુરાજે કાંટોલા.

***કેતના છેડા 'કેતુ'***
***મો. ૯૮૧૯૮ ૪૨૫૩૦***

વિવિધતા

# જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો

લેખાંક-૫





દૃષ્ટિ મહેતા
યેશા મહેતા

બાળક થોડું મોટું થાય ત્યારે તે જીવનમાં ઘણી બાબતો સમજતું થાય છે. ત્યારે એક પ્રશ્ન ઉદ્‌ભવે છે.

***<u>પ્રશ્ન</u> : જીવનમાં યોગ્ય - અયોગ્ય બધી બાબતો સમજતો મનુષ્ય આ સમજણ આચરણમાં કેમ નથી લાવી શકતો? – વિસ્તારપૂર્વક લખો.***

"જે પોતાનાં વિચાર અનુસાર વ્યક્ત થઈ શકે, તે છે વ્યક્તિ."

આવી વ્યક્તિ જે વૈચારીક રીતે એટલો સક્ષમ છે કે જે યોગ્ય અને અયોગ્યનો ભેદ પારખી શકે, તે જાણી શકે છે કે તેના જીવનમાં કઈ બાબત યોગ્ય છે અને કઈ બાબત અયોગ્ય! છતાં પણ, આ તમામ બાબતો જાણતો હોવા છતાં, તે જરૂર પડે તે સમયે તેને યોગ્ય આચરણમાં લાવી શકતો નથી.

શાસ્ત્રો અને વેદ અનુસાર વ્યક્તિ બધું જ જાણતો હોવા છતાં, યોગ્ય બાબતને આચરણમાં લાવી શકતો નથી. તે માટે મુખ્યત્વે બે કારણો જવાબદાર છે : (૧) લાગણી, (૨) સ્વાર્થ.

દુર્યોધન અનિષ્ટનું આચરણ કરતો હતો. તે સમગ્ર બાબત ગાંધારી અને ધૃતરાષ્ટ્ર જાણતા હતા. છતાં તેઓ દુર્યોધનને રોકી નહોતા શકતા તેનું મુખ્ય કારણ હતું – 'મમત્વ, મોહ, લાગણી.' પોતાના સંતાન પ્રત્યેની લાગણીએ ગાંધારી અને ધૃતરાષ્ટ્રની સારા અને નરસાની સમજણ ઉપર એક મમત્વની પટ્ટી બાંધેલી હતી, કે જે તેઓને યોગ્યતાના આચરણથી દૂર કરી રહી હતી.

દુર્યોધન પણ તે બાબતથી વાકેફ હતો કે તેનું આચરણ અને કર્મો અનીતિપૂર્ણ હતા. છતાં પણ તે પોતાનું આચરણ બદલી શકતો ન હતો. તેનું મૂળ કારણ હતું – "સ્વાર્થ." કારણકે તેને હસ્તિનાપુરની ગાદીની મહત્ત્વાકાંક્ષા હતી અને તે ગાદી પર બેસવાની મહત્ત્વાકાંક્ષા સંતોષવા તે કાંઈ પણ કરવા તૈયાર હતો.

આમ, વ્યક્તિ યોગ્ય - અયોગ્ય બધું જ સમજવા છતાં આચરણમાં નથી લાવી શકતો. તેનું કારણ કે તે સતત લાગણી અને સ્વાર્થના કુંડાળામાં ફર્યા કરે છે. તો બીજી તરફ દૃષ્ટિ કરીએ તો 'લાગણી' અને 'સ્વાર્થ' બંને એક જ સિક્કાની બે બાજુઓ છે.

લાગણીને વ્યક્તિ સદૈવ હકારાત્મક દૃષ્ટિથી જ જોવાનો પ્રયત્ન કરે છે. પરંતુ લાગણીઓ વ્યક્તિની જિંદગીમાં નકારાત્મક બાબતો પણ ઊભી કરી શકે છે. જેમકે ખોટી વ્યક્તિ પરત્વેની સાચી લાગણી તમને પતનના માર્ગે પણ લઈ જાય છે. ઘણીવાર માતા-પિતાની બાળક પ્રત્યેની વધુ લાગણી તેમના સર્વાંગી વિકાસને રૂંધી નાંખે છે. લાગણીને જો વ્યવહારીકતાની ઉપયોગીતા સમજ્યા વિના વપરાશમાં લેવાય તો વ્યક્તિને સામાજિક કે આર્થિક જીવનમાં પણ પાછળ ધકેલી દે છે. 'નફરત' અને 'ક્રોધ'ની લાગણીનું સ્વરૂપ સદૈવ નકારાત્મક જ હોય છે. જેના કારણે ક્રોધ કે નફરતના આવેશમાં આવેલી વ્યક્તિ સારા-નરસાનું ભાન ભૂલી અવિચારી પગલું ભરી લે છે. પ્રેમ, દયા, હૂંફ એ પણ લાગણીના જ સ્વરૂપો છે. જો તે લાગણીના ભાવમાં અતિશયોક્તિ આવે તો વ્યક્તિ સાચું-ખોટું જાણતો હોવા છતાં પણ લાગણીના આવેશમાં આવીને અયોગ્ય આચરણ કરે છે.

સ્વાર્થને હંમેશાં નકારાત્મક દૃષ્ટિથી જ જોવામાં આવે છે. પરંતુ, આપણે આપણા વૈચારિક દૃષ્ટિકોણને ક્યારેય એટલો વિકસિત નથી કરતા કે તે વ્યક્તિ સ્વનું ભલું કરે છે અને આત્મસંતુષ્ટી પામ્યા બાદ તે અન્યનું પણ ભલું કરી જ શકે છે. ઉદાહરણ તરીકે, જો વ્યક્તિ પોતે જ આર્થિક રીતે સક્ષમ ન હોય તો તે અન્યની આર્થિક મદદ ન કરી શકે. તેના માટે તેમણે આર્થિક રીતે સક્ષમ બનવું જ પડે.

ઘણી વખત કંઈક સાચી વસ્તુ જાણતા હોવા છતાં, તેનો અમલ કરવાથી ધાર્યું પરિણામ ન મળતું હોય, પોતાનો સ્વાર્થ ન સધાતો હોય તો વ્યક્તિ આયોજનપૂર્વક જાણીબુઝીને અયોગ્ય વર્તન કે આચરણ કરે છે. ત્યારે તે પોતાની જાતને સ્વાર્થમુક્ત કરી શકતી નથી. આથી તમે સાચી વાત / યોગ્ય બાબતનું આચરણ કરી શકતા નથી.

માતા-પિતાની પોતાના બાળક પ્રત્યેની લાગણી પણ સ્વાર્થમુક્ત નથી. નિર્વ્યાજ અને નિઃસ્વાર્થ પ્રેમ એ કહેવતો અને લખાણ માટેની વાતો છે. પરંતુ તેમાં પણ હૃદયનાં કોઈ એક ખૂણે સ્વાર્થ હોય જ છે કે, 'હું સમાજમાં દોડધામ કરવા

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૮ ઉપર)

વિશિષ્ટ દિવસ

# રાષ્ટ્રીય પેટ્રોલિયમ દિવસ



ડૉ. મિહિર એમ. વોરા

રાષ્ટ્રીય પટ્રોલિયમ દિવસ દર વર્ષે ૨૭ ઓગસ્ટના રોજ ઉજવાય છે. પેટ્રોલિયમ ઉદ્યોગમાં કામગીરી કરતા લોકોને સન્માનિત કરવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

પેટ્રોલિયમ એટલે દુનિયાના મૂલ્યવાન કુદરતી સ્રોતો પૈકીનું એક તૈલી, જ્વલનશીલ પ્રવાહી. તેનું રસાયણ. તે ‘કાળા સોના’ અથવા ‘પ્રવાહી સોના’ તરીકે ઓળખાય છે. જોકે હાલ તે કાચા તેલ (crude-oil) તરીકે વધુ જાણીતું છે.

ઈ.સ.પૂ. છઠ્ઠી સદીમાં બૅબીલૉનમાં દીવાલો બાંધવા તથા રસ્તાઓ ઉપર પાથરવા ડામર (pitch)નો ઉપયોગ થતો હતો. ઈ.સ.પૂ. પાંચમી સદીમાં થઈ ગયેલા હીરૉડોટસ, પ્લૂટાર્ક, પ્લિની તથા ઈ.સ.પૂ.ની પ્રથમ સદીમાં થઈ ગયેલ માર્કસ વિટ્રુવિયસનાં લખાણોમાં ખડકોમાંથી મળી આવતા પેટ્રોલિયમ તથા વાયુઓનો ઉલ્લેખ છે. ઈ.સ.પૂ. ચોથી સદીમાં સિકંદરનાં આક્રમણો દરમિયાન કાસ્પિયન સમુદ્રને કિનારે (આજના આઝરબૈજાનમાં) આવું પ્રવાહી દીવાબત્તી માટે વપરાતું. આ પ્રવાહી પૃથ્વીની ચરબી (naphtha) તરીકે ઓળખાતું. સિસીલીમાં તે સિસીલિયન તેલ તરીકે ચિરાક નામના દીવાઓમાં વપરાતું.

રોમન સૈનિકોના આક્રમણ સામે બચાવ માટે લ્યુક્યુલા શહેરના નાગરિકોએ પેટ્રોલિયમ, ગંધક તથા પોટેશિયમ નાઈટ્રેટના સળગતા મિશ્રણને રોમનો પર વરસાવ્યું હતું તેમ પ્લિની નોંધે છે. પાણી ઉપર પણ સળગી શકતું આ મિશ્રણ ‘ગ્રીક’ કહેવાતું.

બારમી, તેરમી સદીમાં ચંગીઝખાનની સેનાએ પણ બુખારા ઉપર આવાં સળગતાં પાત્રો તીરો દ્વારા ફેંકી કિલ્લામાં અનેક સ્થળે આગ લગાવેલી. હજારેક વર્ષ અગાઉ અરબી વિદ્વાન અબુલ હસન મસૂદીએ જ્યારે બાકુની મુલાકાત લીધી ત્યારે તેણે તેલના કૂવાઓમાંથી પેટ્રોલિયમ ચામડાની મશકોમાં ભરી ઊંટો મારફતે અભ્યાસ માટે એકઠું કરેલું.

ત્યાં પર્શિયા, ભારત, અરબસ્તાન, સીરિયા વગેરે દેશોમાંથી લોકો પેટ્રોલિયમ ખરીદવા આવતા. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે દસમી સદીમાં બાકુમાંથી નીકળતા પેટ્રોલિયમના ઘરગથ્થુ વપરાશ ઉપરાંત તેની નિકાસ પણ કરવામાં આવતી. તેરમી સદીમાં ઇટાલિયન પ્રવાસી માર્કો પોલોએ કાસ્પિયન સમુદ્રના કાંઠે (જ્યૉર્જિયામાં) પેટ્રોલિયમ મેળવાતું હોવાનું નોંધ્યું છે.

ખડકોમાંથી નીકળતા કુદરતી વાયુને સળગાવતાં તે જ્યોત સાથે સળગતો હોવાથી અગ્નિપૂજકો આવા સ્થળોને પૂજાસ્થાન ગણતા. કૉકેસસ પર્વતમાં, કાસ્પિયન સમુદ્રને કાંઠે, ઉત્તર અમેરિકામાં એરી સરોવરને કાંઠે, મલેશિયાના આર્કિપેલાગો ટાપુ પર તથા ભારત, ચીન વગેરે સ્થળોએ આવા જ્વલનશીલ વાયુઓ તથા પેટ્રોલિયમ મળતાં હોવાનું નોંધાયેલું છે. કેટલાંક સ્થળોએ ખાડા ખોદતાં પાણીની માફક અર્ધઘન પ્રવાહી જેવું પેટ્રોલિયમ ઊભરાઈ આવતું.

સત્તરમી સદીમાં એસ્ફેરોન દ્વીપકલ્પના રહેવાસીઓ દ્વારા કૂવાઓમાંથી રોજના ૩૫ ટન જેટલું કાચું તેલ મેળવાતું. આ દ્વીપકલ્પ પર અગ્નિપૂજકોનું એક ખૂબ પ્રસિદ્ધ દેવળ હતું. ત્યાં યાત્રા અર્થે ભારત, અરબસ્તાન, ઈરાન વગેરે સ્થળોએથી મુલાકાતીઓ આવતા. આ મંદિર ૧૭૮૦ સુધી પૂજાના સ્થળ તરીકે જાણીતું હતું. હાલમાં તે મ્યુઝિયમ તરીકે ઉપયોગમાં લેવાય છે.

ત્રિનિદાદ ટાપુ (વેસ્ટ ઇન્ડિઝ)માં આજે પણ વિશ્વનું સૌથી મોટું આસ્ફાલ્ટ સરોવર (pitch lake) આવેલું છે. કેલિફૉર્નિયા, તુર્કેમેનિયા, રાતા સમુદ્રનો કાંઠો વગેરે સ્થળોએ પણ આવાં સરોવરો આવેલાં છે.

૧૮૦૬માં વેસ્ટ વર્જિનિયામાં ખારું પાણી મેળવવા કૂવા ખોદવામાં આવતા, તેમાં તેલ આવતું જણાયું. જેથી આ પાણી નમક પકવવા વાપરી શકાયું નહીં. ૧૮૫૫માં યેલ કૉલેજના પ્રો. બેન્જામિન સિલિમાને શોધી કાઢ્યું કે આ તેલ બળતણ તરીકે કોલસામાંથી મેળવાતા તેલ જેવું જ ઉપયોગી છે.

આમ આ તેલ વેચાવા લાગ્યું. તે પછી ટાઇટસવિલ મુકામે ધંધાકીય ધોરણે કૂવાઓનું શારકામ શરૂ થયું. આ માટે નિવૃત્ત રેલવે-ગાર્ડ એડવિન ડ્રેકને કામ સોંપાયું, જેણે તેના બે દીકરાઓ સાથે ૧૮૫૯માં પ્રથમ તેલ-કૂવો સફળતાથી ખોદ્યો. આ શોધ સાથે દુનિયામાં ‘તેલઉદ્યોગ’નો પાયો નંખાયો. આ શોધ પછી તો અનેક કંપનીઓ પૃથ્વી ઉપર ઘણે સ્થળે તેલના કૂવાઓ ખોદે છે અને પેટ્રોલ મેળવે છે.

ભારતમાં છેક ૧૮૨૫થી ઉત્તર આસામમાંથી તેલ મળતું; પણ સૌપ્રથમ તેલ કૂવો નાહોરપોંગ ખાતે ૧૮૬૬માં ખોદાયો અને તેમાંથી ૨૬ માર્ચ, ૧૮૬૭થી તેલ કાઢવાનું શરૂ થયું.

સપ્ટેમ્બર, ૧૮૬૭માં આસામ રેલવે અને ટ્રેડિંગ કંપની (ARTC) દ્વારા દિગ્બોઈ નજીક પ્રથમ કૂવો ખોદવાનો શરૂ થયો, જે નવેમ્બર ૧૮૯૦ માં પૂરો થયો. આ પછી ARTCએ આપણા દેશની પ્રથમ ઓઈલ રીફાઈનરી માર્ઘીટા મુકામે શરૂ કરી. દિગ્બોઈમાં આવેલા ૧૪ તેલકૂવાઓ ૧૮૯૯ માં આસામ ઓઈલ કંપનીએ પોતાને હસ્તક લઈ લીધા.

આ કંપનીએ દિગ્બોઈમાં રોજના ૬૮,૦૦૦થી ૮૦,૦૦૦ લિટરની ઉત્પાદન ક્ષમતાવાળી નવી ઓઈલ રીફાઈનરી સ્થાપી. બર્મા (હાલ મ્યાનમાર) તે વેળાએ ભારતનો જ ભાગ હોવાથી બર્મા ઓઈલ કંપનીએ આસામ ઓઈલ કંપનીનો વહીવટ સંભાળી લીધો. આ કંપનીએ બાદરપુરના તેલ કૂવાઓ પણ પોતાને હસ્તક લીધા તથા તેમાંથી ૧,૮૬,૪૦૦ બૅરલ તેલ કાઢ્યું. ૧૯૩૩ બાદ આ કૂવાઓ બિનકાર્યક્ષમ બની ગયા. બર્મા ઓઈલ કંપનીએ આસામમાં નવાં તેલક્ષેત્રો શોધવાનો કાર્યક્રમ શરૂ કર્યો અને ૧૯૨૫-૨૬ સુધીમાં નહારકોટિયા મુકામે તેલક્ષેત્ર શોધી કાઢ્યું.

૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયા બાદ ભારત સરકારે આ તેલક્ષેત્રોમાં સક્રિય રસ લેવા માંડ્યો અને તે માટે પરદેશની જુદી જુદી કંપનીના સહયોગ સાથે ઓઈલ ઍન્ડ નેચરલ ગેસ કમિશન (ONGC) તથા ઈન્ડિયન ઓઈલ કંપની (IOC) - એમ બે સંસ્થાઓની રચના કરી. તેમના દ્વારા આધુનિક રીતો વડે સર્વેક્ષણ કરાતાં અનેક સ્થળોએ જ્યાં અગાઉ તેલ મળવાની શકયતા નહોતી ત્યાં તેલક્ષેત્રો શોધી શકાયાં છે. આસામ ઉપરાંત હવે તો રાજસ્થાન તથા ગુજરાતમાં પણ તેલક્ષેત્રો શોધાયાં છે.

પેટ્રોલ પર લાગતો ટેક્સ દરેક રાજ્યોમાં અલગ-અલગ છે. પેટ્રોલ અને ડીઝલ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર – બંને માટે કમાણીનો મોટો સ્રોત હોય છે.

ઑપેક (તેલ નિકાસ કરતા દેશોનું સંગઠન) અનુસાર **ભારત વિશ્વનો ત્રીજો સૌથી વધુ પેટ્રોલ આયાત કરતો દેશ છે, જ્યાં ૩૦ લાખ બૅરલ ક્રૂડ પ્રતિ દિવસ આયાત કરવામાં આવે છે.** આર્થિક કારણસર આ માગ ગત છ વર્ષમાં સૌથી ઓછી છે.

પેટ્રોલને જીએસટીના અમલીકરણથી બહાર રખાયું છે. એટલે તેના પર જીએસટી નથી લાગતો. આથી તેના પર લાગતો ટેક્સ દરેક રાજ્યોમાં અલગ અલગ છે. સાથે જ દરેક દિવસે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમતો વધતી-ઘટતી રહે છે. આથી દરરોજ તેના ભાવ બદલાતા રહે છે.

સૌથી પહેલા એ સમજવું જરૂરી છે કે ઈંધણની કિંમતો ચાર સ્તરે નક્કી થાય છે : આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવ, રીફાઈનરી સુધી પહોંચવામાં લાગેલો કર, ડીલરનો નફો અને પેટ્રોલ પંપ સુધી પહોંચવાની સફર. જ્યારે પેટ્રોલ પંપ પર પહોંચે છે તો અહીં કેન્દ્ર સરકાર દ્વારા નક્કી એક્સાઈઝ ડ્યુટી જોડવામાં આવે છે. સાથે જ રાજ્ય સરકારો દ્વારા વસૂલવામાં આવતો વેલ્યૂ એડેડ ટેક્સ એટલે કે વેટ પણ તેમાં સામેલ હોય છે.

*સંદર્ભ : વિકીપીડિયા, વિવિધ અખબારી અહેવાલો.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો : લેખાંક-૫

**(અનુસંધાન : પાના નં. – ૨૬ ઉપરથી ચાલુ)**

સક્ષમ નહીં હોઉં, ત્યારે મારા છોકરાઓ મારું નામ રાખશે.' આવા કારણોસર તેઓ ઘણીવાર બાળ ઉછેરમાં બાંધછોડ કરી દેતા હોય છે.

દરેક પુખ્તવયનો વ્યક્તિ એ બાબત જાણે છે કે તેણે પોતાની માનસિક શાંતિ જાળવવી જ જોઈએ. છતાં તે ઘણીવાર પોતાના અંગત સ્વાર્થ ખાતર પોતાનાં પરિવારના લોકો સાથે, અંગત મિત્રો સાથે, સહકર્મચારી સાથે અનિચ્છાએ પણ ઝઘડી કે લડી લેતો હોય છે. ત્યારે સ્વાર્થ, એ માત્ર પૈસા કે કાર્યની વહેંચણી જેટલો મામૂલી હોય છે. પરંતુ તેની માટે તે મહામૂલ્યવાન સંબંધો ગુમાવી બેસતો હોય છે.

*આમ,*

***"લાગણી અને સ્વાર્થ એ કહેવતાનુસાર માત્ર 'ભાવ' છે, પરંતુ તેની હાજરી, એ યોગ્ય આચરણયુક્ત જીવનનો 'અભાવ' છે.***

***આથી***

"ये जीवन बहेता पानी, पलभर नहीं रुक सकता" – ઉક્તિ અનુસાર જીવનનો પ્રવાહ સતત વહેતો રહે છે. તેમાં જ્યારે સ્વાર્થ, લોભ કે મોહરૂપી માટી ભળે છે, ત્યારે સારા-નરસાનું જ્ઞાન હોવા છતાં માણસ જાણી જોઈને આંખ આડા કાન કરીને યોગ્ય - અયોગ્યતાની સમજણને આચરણમાં લાવી શકતો નથી.

● **સાર :**

***વ્યક્તિએ જીવનમાં યોગ્યતા પ્રાપ્ત કરવી હોય તો લાગણી અને સ્વાર્થનાં અતિરેકને ટાળવું જોઈએ.***

***૨૦૪, કળશ (સી.એન.) કો.ઓ. હાઉ. સોસાયટી, સી. એન. વિદ્યાલય ગેટ નં.-૧ની સામે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. સંપર્ક : ૯૯૭૪૩ ૭૯૮૫૮***

તંદુરસ્તી

# "શરીરમાં તકલીફ થાય છે પરંતુ રીપોર્ટ બધા નોર્મલ છે" – શું માનસિક બીમારી છે? : ભાગ-૩



ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)


ગયા બે લેખોમાં આપણે જાણ્યું કે મુંબઈમાં થયેલ સર્વેક્ષણ પ્રમાણે ફેમિલી ડૉક્ટરો પાસે આવનાર દર્દીઓમાં શારીરિક લક્ષણો તો હોય છે પરંતુ ત્રીજા ભાગના દર્દીઓમાં (૩૭%) રીપોર્ટ બધા જ નોર્મલ હોય છે.

આપણે જાણ્યું કે મેડિકલ સાયન્સ પ્રમાણે કોઈપણ બીમારીના (શારીરિક તથા માનસિક બીમારીઓ) નિદાન માટે નીચેના ત્રણ મુદ્દાઓ મહત્ત્વના છે.

૧. લક્ષણો, દર્દીની ફરિયાદો.
૨. વૈદ્યકીય તપાસ (ધબકારા, બ્લડ પ્રેસર, સ્ટેથોસ્કોપ વડે તપાસ વગેરે)
૩. લેબોરેટરી તપાસ (લોહીની તપાસ, એક્સ-રે, કાર્ડિયોગ્રામ, સોનોગ્રાફી, સીટી સ્કેન વગેરે)

## માનસિક રોગોના નિદાનની પ્રક્રિયા

ગયા લેખમાં જણાવ્યા મુજબ માનસિક રોગોના નિદાનની પ્રક્રિયા પણ આ જ છે.

### ૧. લક્ષણો - દર્દીની ફરિયાદો :

દર્દીની ફરિયાદોની નોંધ કર્યા બાદ ડૉક્ટર સામેથી ફરિયાદોને લગતી બીજી જાણકારી મેળવે છે. આ મુદ્દો ખૂબ જ અગત્યનો છે.

સામાન્ય રીતે દર્દી મનના કાર્યોને જેવા કે વિચારો, લાગણી, કામકાજ, એકાગ્રતા, ગ્રહણ શક્તિ, યાદશક્તિ વિશેના લક્ષણોની ફરિયાદો કરતા નથી. દરેક ડૉક્ટરે દરેક દર્દીના આ લક્ષણો વિશે જાણકારી મેળવવી જોઈએ. આથી રોગના નિદાનની પ્રક્રિયા સરળ બને છે.

આગળના લેખમાં જણાવેલ કિસ્સા (હિતેશનો કિસ્સો) માનસિક લક્ષણો વિશેની જાણકારી લેખકે મેળવી (જે અન્ય ડૉક્ટરોએ નહોતી મેળવી). જેથી બીમારીનું યોગ્ય નિદાન કરી શકાયું.

### ૨. વૈદ્યકીય તપાસ (મેન્ટલ સ્ટેટસ એક્ઝામિનેશન - M.S.E.)

માનસિક રોગના નિદાન માટે મેન્ટલ સ્ટેટસ એક્ઝામિનેશન કરવામાં આવે છે. જેમાં મનના કાર્યો (વિચારો, મુડ, યાદશક્તિ, જવાબો આપવાની રીત, એકાગ્રતા વગેરે) વિશે તપાસ કરાય છે.

### ૩. સાયકોલોજીકલ ટેસ્ટ :

લેબોરેટરી તપાસની સાથે માનસિક રોગના નિદાન માટે જરૂરત પ્રમાણે સાયકોલોજીલ ટેસ્ટ કરવામાં આવે છે.

ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં લઈ માનસિક રોગોનું નિદાન કરાય છે.

ઉપરોક્ત હિતેશના કિસ્સામાં આ મુદ્દાઓ ધ્યાનમાં લઈ ડિપ્રેશનની બીમારીનું નિદાન કરાયું. જેમાં શારીરિક લક્ષણો મુખ્ય હતા. પરંતુ જ્યારે માનસિક લક્ષણો વિશે ઉંડાણમાં જાણકારી મેળવી ત્યારે રોગનું નિદાન સરળ થઈ ગયું.

આ લેખમાં આગળ મહત્ત્વની મનોવૈજ્ઞાનિક જાણકારી મેળવીએ.

હિતેશની બીમારીનું નિદાન ડિપ્રેશનની બીમારી થયું. એ પ્રમાણે યોગ્ય સારવાર કરી.

## સારવાર (મનોચિકિત્સા)

### ૧. દવાઓ

ડિપ્રેશન પ્રતિરોધક દવાઓ (Anti depressant Medication) શરૂ કરી. આ દવાઓને લીધે મગજ (Brain)માં આવેલા મનના અવયવોમાં (Mind) થયેલા ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો નોર્મલ થાય છે. ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ થાય છે. મનના કાર્યો પૂર્વવત નોર્મલ થાય છે અને બીમારીના લક્ષણો પર કાબૂ મેળવાય છે.

છ અઠવાડિયાના ટૂંકા સમયમાં હિતેશના કેસમાં નોંધપાત્ર ફેરફારો થયા. પેટ હલકું થયું, ભૂખ લાગવા માંડી, ઊંઘ પૂર્વવત નોર્મલ થઈ, નબળાઈ ઓછી થઈ.

### ૨. કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (CBT) :

આ કાઉન્સેલિંગનો એક પ્રકાર છે. વલણ, વિચાર,

અપેક્ષાઓ બદલવા માટેની વૈજ્ઞાનિક પદ્ધતિ છે. પ્રસંગો વિશેનો પ્રતિભાવ - પ્રતિક્રિયા બદલવા માટે હિતેશ જોડે કાઉન્સેલિંગ કર્યું. નકારાત્મક પ્રતિક્રિયાને બદલે તટસ્થ પ્રતિક્રિયાથી પ્રસંગને સ્વીકારવા માટે ચર્ચા કરી. હિતેશે આ બાબતમાં સહકાર આપ્યો.

હિતેશની બધી તકલીફો દૂર થઈ.

**ડિપ્રેશનની બીમારીમાં શારીરિક ફરિયાદો - લક્ષણો :**

આપણા ભારતીય સમાજમાં (૧) શારીરિક લક્ષણોને (દુઃખાવો, નબળાઈ, ચક્કર આવવા, સરીરમાં બળતરા વગેરે) બીમારી તરીકે મહત્ત્વ આપવામાં આવે છે. (૨) શારીરિક લક્ષણો હોય તો વ્યક્તિ બીમાર છે. (૩) બીમાર વ્યક્તિ તરીકે કુટુંબીજનો તરફથી સહાનુભૂતિ મળે છે. (૪) ડૉક્ટરને બતાડી સારવાર કરાય છે.

વ્યક્તિ ફરિયાદ કરે કે "મને વધારે વિચારો આવે છે" : (૧) તો એ વ્યક્તિ બીમાર છે એ પ્રમાણે કુટુંબીજનો સમજતા નથી. (૨) બીમાર વ્યક્તિ તરીકેની સહાનુભૂતિ મળતી નથી. (૩) ડૉક્ટરને બતાડવાની જરૂર નથી. (૪) સલાહ મળે છે કે, 'વિચાર કરવાનું છોડી દો એટલે સારું થઈ જશે.'

આ જ વ્યક્તિ માથાના દુઃખાવાની ફરિયાદ કરે તો તરત જ બધું બદલાઈ જાય છે.

ડિપ્રેશનની બીમારીના લક્ષણોમાં શારીરિક લક્ષણો ભારતીય સમાજમાં મુખ્ય છે. શારીરિક લક્ષણોની ફરિયાદ કરનાર દર્દીના મનના લક્ષણો વિશે તથા મનની વૈદ્યકીય તપાસ (MSE) કરવી અગત્યનું છે.

દર્દી નીચે જણાવેલ ફરિયાદો કરે ત્યારે શારીરિક તપાસ જોડે મનની તપાસ કરવી ખૂબ જ અગત્યની છે :

૧. શરીરમાં નબળાઈ
૨. શરીરમાં કળતર
૩. પેટમાં દુઃખાવો
૪. પેટમાં બળતરા, એસિડિટી
૫. વારંવાર માથાનો દુઃખાવો
૬. વારંવાર છાતીમાં દુઃખાવો
૭. વારંવાર ગભરામણ થવી
૮. ચક્કર આવવા (વર્ટીગો)
૯. ગેસ થવો, અપચો
૧૦. ભૂખ ઓછી થવી
૧૧. વજન ઓછું થવું
૧૨. હાથ પગમાં ઝણઝણાટી
૧૩. હાથ પગ સૂઈ જવા
૧૪. ચામડી પર ખંજવાળ આવવી.

- **સારાંશ :**

૧. શારીરિક તકલીફ / લક્ષણો હોય
૨. વૈદ્યકીય તપાસ નોર્મલ હોય
૩. લેબોરેટરી તથા અન્ય તપાસ નોર્મલ હોય

મનોચિકિત્સકનો અભિપ્રાય લઈ, યોગ્ય નિદાન કરાવી, યોગ્ય સારવાર કરવી ખૂબ જ અગત્યનું છે.

***(સંપૂર્ણ)***


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

***અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ***

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.*

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ દંડ**
**પ્રમુખશ્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

તંદુરસ્તી

# શું માનસિક રોગ એટલે ગાંડપણ?

ડૉ. હર્ષિલ શાહ
MD (Psychiatrist)
*મનોચિકિત્સક, નશામુક્તિ નિષ્ણાત અને સેક્સોલોજીસ્ટ*

માનસિક બીમારી આપણા સમાજ દ્વારા ખૂબ જ કલંકિત છે. કોઈપણ વ્યક્તિ માનસિક બીમારીથી પીડાઈ શકે છે. પરંતુ ‘પાગલ’ તરીકે ઓળખાતા કલંકને કારણે લોકો ઘણીવાર મનોચિકિત્સકની સલાહ લેવાનું ટાળે છે.

***નીચે દર્શાવેલ કોઈપણ માનસિક બીમારીથી પીડાઈ શકે છે :-***

**ડિપ્રેશન (Depression) :-** ડિપ્રેશન એ મુડ ડિસઓર્ડર છે જે સતત ઉદાસી અને રસ ગુમાવવાની લાગણીનું કારણ બને છે. મેજર ડિપ્રેસિવ ડિસઓર્ડર અથવા ક્લિનિકલ ડિપ્રેશન પણ કહેવાય છે. તે તમને કેવું લાગે છે, વિચારે છે અને વર્તન કરે છે અને વિવિધ પ્રકારની ભાવનાત્મક અને શારીરિક સમસ્યાઓ તરફ દોરી શકે છે. તમને રોજબરોજની સામાન્ય પ્રવૃત્તિઓ કરવામાં મુશ્કેલી પડી શકે છે અને ક્યારેક તમને એવું લાગશે કે જીવન જીવવા યોગ્ય નથી.

**ચિંતા (Anxiety) :-** ચિંતા એ ભય, ડર અને અસ્વસ્થતાની લાગણી છે. તે તમને પરસેવો, બેચેની અને તણાવ અનુભવવા અને ધબકારા ઝડપી થવાનું કારણ બની શકે છે. તે તણાવની સામાન્ય પ્રતિક્રિયા હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, જ્યારે તમે કામ પર મુશ્કેલ સમસ્યાનો સામનો કરો છો ત્યારે, પરીક્ષા આપતા પહેલા અથવા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેતા પહેલા તમે ચિંતા અનુભવી શકો છો. તે તમને સામનો કરવામાં મદદ કરી શકે છે. ચિંતા તમને ઉર્જાનો વધારો આપી શકે છે અથવા તમને ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરી શકે છે. પરંતુ ગભરાટના વિકાર ધરાવતા લોકો માટે, ભય કામચલાઉ નથી અને તે જબરજસ્ત હોઈ શકે છે.

**અનિદ્રા (Insomnia) :-** અનિદ્રા એટલે ઊંઘની શરૂઆત અથવા ઊંઘની જાળવણીમાં મુશ્કેલી. જેના કારણે તમને એકાગ્રતા અને કામમાં મુશ્કેલી પડી શકે છે. વિશ્વની લગભગ ૧૦% વસ્તી અનિદ્રાનો અનુભવ કરે છે જે તબીબી સ્થિતિ તરીકે લાયક છે. તે સામાન્ય રીતે ખતરનાક હોતું નથી અને તેની સારવાર માટે દવાઓ અને માનસિક સ્વાસ્થ્ય વિકલ્પો સહિત ઘણી રીતો છે

**વ્યસન (Addiction) :-** વ્યસન એ એક લાંબી સમસ્યા છે જે તમારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય, સંબંધો અને કારકિર્દી સહિત તમારા જીવનના ઘણા પાસાઓને અસર કરી શકે છે. વ્યસનના બે મુખ્ય સ્વરૂપો છેઃ પદાર્થના ઉપયોગની વિકૃતિઓ અને વર્તણૂકીય વ્યસન. વ્યસન સારવાર યોગ્ય છે. શક્ય તેટલી વહેલી તકે મદદ લેવી મહત્ત્વપૂર્ણ છે. દારૂ, સિગારેટ, તમાકુ, ગાંજો, હેરોઈન, કોકેઈન જેવા વ્યસનના ઘણા પ્રકાર છે, જે કોઈને પણ થઈ શકે છે અને કોઈ પણ આ વ્યસનનો શિકાર બની શકે છે.

આના જેવી બીજી ઘણી માનસિક બીમારીઓ છે, જેના વિશે આપણે આપણા આગામી લેખોમાં વાત કરીશું.

તો તમે જ કહો, શું તમને લાગે છે કે ઉપરોક્ત સમસ્યાઓ ‘ગાંડપણ’ છે?? તે કોઈને પણ થઈ શકે છે અને એવા ઘણા લોકો છે જેમને આ સમસ્યાઓ થઈ રહી છે. પરંતુ તેમ છતાં તેઓ કલંકના કારણે મનોચિકિત્સકની સલાહ લેતા અચકાતા હોય છે. તેથી કૃપા કરીને ડરશો નહીં અને જ્યારે પણ નીચેની વિકૃતિઓમાંથી સારવાર લેવાની જરૂર હોય ત્યારે મનોચિકિત્સકની સલાહ લો.

તો મારો આખો લેખ વાંચ્યા પછી હું તમને ફરીથી આ પ્રશ્ન પૂછું છું : ***શું માનસિક બીમારીનો અર્થ “ગાંડપણ” થાય છે??*** ■

## ...નડતા હતા

એજ ફૂલો આજે એમના માથા પર શોભે છે
કોક દિ’ એ ઇશ્વરનાં ચરણે ચડતા હતા
‘વિધાઉટ પરમિશન નો એડમિશન’ વાંચી થયું
કે અહીં તો માણસ માણસને નડતા હતા.

***અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ***

તંદુરસ્તી

# Piles – મસા વિશે કેમ જાણવું જરૂરી છે?



ડૉ. તપન શાહ
MS, FMAS, FICS (USA)

ઝાડામાં લોહી પડવું, કબજિયાત, ખંજવાળ આવવી, ગાંઠ જેવું બહાર આવે, અસહ્ય દુઃખાવો થાય, બેસવામાં તકલીફ પડે – આ બધા લક્ષણોમાંથી કોઈ લક્ષણો છે?

તો પાઈલ્સ – મસા માટે તપાસ કરાવવી જરૂરી બને છે.

***ઝાડામાં લોહી પડવાના પ્રમુખ કારણોમાં –***

૧. વાઢિયા – Fissure

૨. મસા – Piles

૩. Rectum (આંતરડાનો છેલ્લો ભાગ) ચાંદી

૪. ગાંઠ – કેન્સર

૫. મોટા આંતરડાનું કેન્સર.

તેથી ઝાડામાં લોહી પડે તો મસા છે તેમ માનીને લોકલ ડૉક્ટરને બતાવીને દવા કરવા કરતાં સર્જનને બતાવવું જરૂરી છે. ડૉક્ટર તપાસ કરીને જરૂર લાગે તો એન્ડોસ્કોપી કરીને નિદાન કરે છે.

મસા – Piles એ દ્રાક્ષના ઝુમખા જેવી ગાંઠો ઝાડાની જગ્યાએ બહાર આવે છે.

સામાન્ય રીતે ઝાડાના ભાગ (Anal Canal)માં ૩ Veins (શિરા) આવેલી હોય છે, જે ઘણા કારણોથી ફૂલી જાય છે જેને મસા તરીકે ઓળખવામાં આવે છે. તેથી જેને પણ મસા થાય તો તે ૩ જ થાય છે અને તેની આજુબાજુ ક્યારેક નાના મસા (Secondary piles) થાય છે, જે ઘણા લેટ સ્ટેજમાં જોવા મળે છે.

મસા અથવા પાઈલ્સ મુખ્યત્વે ચાર પ્રકારના હોય છેઃ

૧. *ગ્રેડ-૧ :* જેમાં ફક્ત ભારેપણું અને ઝાડામાં લોહી પડવું જેવા લક્ષણો જોવા મળે છે.

૨. *ગ્રેડ-૨ :* જેમાં મસા બહાર આવે છે, લોહી પડે છે તથા મસા તેની જાતે જ અંદર જતા રહે છે.

૩. *ગ્રેડ-૩ :* જેમાં મસા બહાર આવે છે. હાથથી અંદર નાખવા પડે છે. ક્યારેક લોહી પડે છે તથા ઝાડાનો ભાગ નાનો થવાથી કબજિયાતની તકલીફ રહે છે.

૪. *ગ્રેડ-૪ :* જેમાં મસા ઘણા મોટા થઈને બહાર જ રહે છે. જે હાથથી કે તેની જાતે પણ અંદર જતા નથી અને ઝાડો કરવામાં તકલીફ પડે છે.

***મસા થવાના જવાબદાર કારણોમાં –***

૧. લાંબા સમયથી રહેતી કબજિયાત.

૨. ટોઈલેટમાં લાંબા સમય સુધી બેસી રહેવું.

૩. લીવરની તકલીફ જેના કારણે મસા ફૂલે છે (લોહીનું પ્રેશર વધવાથી)

૪. આંતરડાનું કેન્સર.

૫. અનિયમિત ખોરાક, ઊંઘ, સ્ટ્રેસ, જંક ફૂડ, વધુ તેલવાળો અને મસાલાવાળો ખોરાક.

એકવાર સર્જન ડૉક્ટર તપાસ કરીને નિદાન કરે પછી ઑપરેશન કરવું કે દવાથી ઇલાજ કરવો તે નક્કી કરે છે.

***મસામાં ૩ પ્રકારે ઓપરેશન કરવામાં આવે છે :***

૧. ટાંકાવાળું. જેમાં મસાને બાંધીને કાપવામાં આવે છે. જેમાં થોડું ડ્રેસીંગ કરવાની તથા થોડા સમય દુઃખાવો રહે છે.

૨. Staplner (MIH) જેમાં મસાનો લોહીની નળીવાળો ભાગ કાપીને ઓટોમેટીક ત્યાં Stapler લાગી જાય છે. જેમાં સામાન્ય દુઃખાવો રહે છે તથા કોઈ ડ્રેસીંગની જરૂર પડતી નથી.

૩. Laser (લેસર) જેમાં મસાની અંદર લેસર મશીનનો ફાઈબર (તાર) નાંખીને નસો (લોહીની નળી)ને એનર્જીથી બાળી નાખવામાં આવે છે. તેમાં કોઈ ડ્રેસીંગ કે દુઃખાવો થતો નથી. આ Day care પ્રોસીજર છે.

કયા પ્રકારનું ઓપરેશન કરવું એ પ્રકાર પ્રમાણે સર્જન નક્કી કરે છે.

***Take Home message:***

***હરસ, મસા અને ભગંદર એ બધા Life style disease છે. જેથી જીવનશૈલી બદલવાથી તકલીફમાં ફાયદો થાય છે.***

તંદુરસ્તી

# ચક્કર – Vertigo
# અંધારા – Giddiness



ડૉ. કમલેશ એન. શાહ
M.D., FICA USA

ચક્કર – અંધારા : એકાએક આસપાસની વસ્તુઓ કે વ્યક્તિ પોતે ગોળ ગોળ ભમે છે એવી ભ્રામક સંવેદના. હવે, અંધારા આવવા ને બધું ઘૂમવું – બંનેમાં ફરક છે. અંધારા આવવાને અંગ્રેજીમાં Giddiness કહેવામાં આવે છે.

**(૧) ચક્કર - Vertigo :** વ્યક્તિ પોતે અથવા તેની આસપાસનો વિસ્તાર પૃથ્વી ગોળ ગોળ ફરતી હોય તેવી તેને ભ્રમણા થાય છે.

**(૨) અંધારા આવવા – Giddiness :** વ્યક્તિ એક બાજુ ઢળી પડવાની સંવેદના થવી. અડબડિયા આવવા, માથું ખાલી થઈ જવું, ક્યારેક મૂર્છા આવી જવી (Syncope), જીવ ઉંડો ઉતરતો હોય વગેરે સંવેદનાઓને પણ વ્યક્તિ ચક્કર કહે છે. ખરેખર તે ચક્કર નથી જેને Pseudo Vertigo કે Giddiness કહે છે.

***તફાવત***

- **Vertigo સાચા ચક્કર :** જેમાં વ્યક્તિને ગોળ ગોળ ફરવાની ભ્રમણા થાય છે.
- **Giddiness :** જેમાં વ્યક્તિને ગોળ ગોળ ફરવાની ભ્રમણા થતી નથી.

હવે, ચક્કર માટે મેડિકલ ભાષામાં બીજા નામો પણ પ્રચલિત છે : Benign Positional Vertigo, BPPV Peripheral Vertigo, Central Vertigo.

આપણે ચક્કર વિશે જોયું તો તે આવવાના કારણો તપાસીએ.

**(૧) બહારના / કાનના કારણો (Peripheral Vertigo) :** (૧) કાનમાં પરૂ - સોજો (Lybrynthitis), (૨) Meniere disease, (૩) કાન - મગજને જોડતી નસ ઉપર સોજો (Vestibular nerve), (૪) કેટલીક દવાઓ, જે કાનના અંદરના ભાગને નુકસાન કરે Mikacin, Streptomycin, પેશાબની દવાઓ Salycylates વગેરે. (૫) કાન - મગજની નસ ઉપરનું દબાણ, (૬) માથામાં વાગવું (Head Injury).

**૨. મગજના કારણો (Central Vertigo) :** (૧) નાના મગજના રોગો (Cerebellum), (૨) નાના મગજમાં લોહી પહોંચાડતી નસોના રોગો (Posterior Cerebral artery), (૩) બ્રેઈન સ્ટ્રોક, (૪) મગજમાં ગાંઠો - કેન્સરવાળી, કેન્સર વગરની, (૫) એક પ્રકારનો માઈગ્રેન (Vestibular migrain).

- **કાનને કારણે ચક્કરના કારણે થતી આડઅસરો :**
  (૧) ઉબકા, ઉલટી સતત થવી. (૨) કાનમાં અવાજો આવવા. (૩) ઊભા ન રહી શકવું, બેલેન્સ જતું રહેવું. (૪) એક કે બંને કાનોમાં બહેરાશ આવવી. (૫) ફોકસ કરવામાં તકલીફ પડવી.

- **મગજના કારણે થતા ચક્કરોની આડઅસરો :**
  (૧) પાણી / અર્ધપ્રવાહી ગળવામાં તકલીફ થવી (Difficulty in swallowing) (૨) આંખની ફરિયાદો, બે દેખાય, Nystgmus થાય. (૩) બોલવામાં તકલીફ. (૪) હાથે પગે લકવાની અસર, મોઢા ઉપર લકવાની અસર.

- **ચક્કરના કારણો શોધવા માટેના ટેસ્ટ**
  (૧) લોહીની તપાસ, (૨) માથાની મુવમેન્ટ્સ, (૩) નાક - કાન - ગળાની તપાસ, (૪) ઓડિયોગ્રામ, (૫) ઈ.સી.જી., (૬) MRI Scan of Head & MRA of Brain, (૭) Walking gait testing.

- **સારવાર :**

૧. સમસ્યાના કારણ પ્રમાણે સારવાર.
૨. ઉપરના બધા જ ટેસ્ટ કરાવ્યા પછીના તારણની સારવાર.
૩. કાનના કારણોની સારવાર ગંભીર નથી.

***છતાં આટલી બાબતો ધ્યાનમાં રાખવી :***

૧. ઉબકા ઉલટી માટે ગોળી કે ઈન્જેક્શન કદાચ I.V. Fluid આપવું પડે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૫ ઉપર)

વિવિધ પ્રકારના ધાનો

# દ્વિદળ

• સંકલન •
પ્રભુલાલ કે. સંઘવી

- **દ્વિદળ એટલે શુ?**

જેમાં બે વિભાગ હોય તેવા ધાનને 'દ્વિદળ' કહેવાય છે. એટલે કે જેની દાળ બને તે બધા 'દ્વિદળ' કહેવાય છે. દા.ત. મગ, તુવેર, અડદ, ચણા, વાલ, વટાણાં વગેરે.

- **દ્વિદળની વ્યાખ્યા :**

૧. જે વૃક્ષોના ફળ રૂપે ન હોય.
૨. જેને પીલવાથી તેલ ન નીકળે...
૩. જેને ભરડવાથી દાળ બને...
૪. જેના બે ભાગ વચ્ચે પડ ન હોય...

ઉપરોક્ત ચાર લક્ષણો જેમાં ઘટતાં હોય, તેને 'દ્વિદળ' જાણવું. રાઈ, સરસવ, તલ અને મગફળીમાંથી તેલ નીકળે છે માટે તે દ્વિદળ ન ગણાય. સાંગરી તો ઝાડ સ્વરૂપે આવે છે માટે તે દ્વિદળ ન ગણાય. બાજરી - જુવાર વગેરે ઝાડના સ્વરૂપે પણ નથી અને તેમાંથી તેલ પણ નીકળતું નથી છતાંય તેની બે ફાડ થતી ન હોવાથી... તેને દ્વિદળ રૂપે ગણાય નહીં.

મગ, તુવેર, અડદ, ચણા, મઠ, વાલ, ચોળા, વટાણા, મેથી, મસૂર, કળથી, લોંગની, દાળ, લીલવા, કુમટીયા વગેરે કઠોળ દ્વિદળ કહેવાય... તેની કોઈપણ બનાવટો પણ દ્વિદળ જ ગણાય. ઉપર જણાવેલી વ્યાખ્યામાં આવતાં તમામ પ્રકારનાં કઠોળમાંથી બનતી કોઈપણ વાનગી, જો કાચાં- દહીં-છાશ-દૂધ સાથે મિક્સ કરવામાં આવે તો તેમા અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. પછી તેનું ભક્ષણ કરવાથી હિંસાનો દોષ લાગે છે. માટે કાચા ગોરસ સાથે ક્યારેય પણ કઠોળને મિક્સ કરવું નહીં. જો દહીં - છાશ - દૂધને બરાબર પાકી રીતે ગરમ કરી દેવામાં આવે તો પછી કઠોળ સાથે જમવામાં દોષ લાગતો નથી. આજે વર્તમાનમાં, સમજણના અભાવે અથવા બેદરકારીના લીધે, ઘણા શ્રાવકોના જીવનમાં, દ્વિદળના લીધે અસંખ્ય બેઈન્દ્રિય જીવોની વિરાધના થાય છે. આ વિરાધનાથી બચવા માટે ખૂબજ કાળજી રાખવી જરૂરી છે. દ્વિદળ દ્વારા થતી જીવોની વિરાધનાથી બચવા માટેના ઉપાયો – સૂચનો :

૧. ઘરમાં તથા જાહેરમાં દહીંવડાં પીરસાય છે. વડાં ચોળાના લોટમાંથી બનાવાય છે. તેના ઉપર ઠંડું દહીં નાખવામાં આવે છે. આ દહીં અને વડાંનો સંયોગ થવાથી તત્કાળ અસંખ્ય બેઈન્દ્રિય જીવો પેદા થઈ જાય છે. આ બેક્ટેરીયાના કીડાઓ જે ચીજમાં પેદા થાય છે, તે કલરના પેદા થાય છે. તે અતિ સૂક્ષ્મ હોવાથી નજરે જોઈ શકાતાં નથી.

કેવળજ્ઞાની જિનેશ્વર પરમાત્માએ જીવોત્પત્તિ નિહાળી છે. એટલે આપણે દલીલ કર્યા વગર તેની હકીકતનો સ્વીકાર કરી આ ચીજને સ્વીકારવી જોઈએ અને વિરાધનાથી બચવું જોઈએ. દહીંને સારી રીતે ઉકાળીને વાપરવાથી દોષ લાગતો નથી.

૨. આજ રીતે દહીંનું રાયતું બને ત્યારે તેમાં ચણાના લોટની બુંદી મિક્સ થાય છે ત્યારે દ્વિદળનો દોષ લાગે છે. એમાં પણ દહીંને સારી રીતે ગરમ કરીને વાપરવું.

૩. મેથી કઠોળ ગણાય છે. મેથીનાં થેપલા બનાવવા માટે છાસનો ઉપયોગ થાય છે. આવી છાસને પણ ગરમ કરીને વપરાય.

૪. જમણવારમાં શ્રીખંડનો ઉપયોગ થાય છે. શ્રીખંડની હાજરીમાં કઠોળના શાક, કેળાંવડા, ખમણ, મગની દાળ, પાપડ વગેરે કશુંજ વપરાય નહીં.

૫. મેથીના ઢેબરાં સાથે દહીં ખાઈએ છીએ. ઢેબરામાં મેથીની ભાજી નાખેલી હોય છે. દહીં સાથે મેથીનો સંયોગ થતા સંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. માટે આ ચીજ બનાવતાં દહીંને ગરમ કરીને વાપરવું.

૬. કેટલાક લોકો જમીને છાસ પીવે છે. જમવામાં કઠોળની વસ્તુઓ વાપરી હોય તો મોઢું ચોખું કરીને પાણી વાપરીને છાસનો ઉપયોગ કરવો જોઈએ. નહિંતર કાચી છાસ સાથે કઠોળનો સંયોગ થવાથી અસંખ્ય બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. માટે છાસ પણ ગરમ કર્યા પછી જ વાપરવી અને દોષથી બચવું.

૭. કાચા દૂધ સાથે કઠોળનો સમાગમ થતાં અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે.

૮. સેવ, ગાંઠિયા, ચણાની પુરી, ગવારફળી, તળેલી સીંગો વગેરે કઠોળમાંથી બનાવેલી ચીજો છે. તે કાચા દૂધ, દહીં, છાસ સાથે વપરાય નહીં. દ્વિદળનો દોષ લાગે.

૯. કેરીના રસમાં કાચું દૂધ ન ભેળવાય. આ મિશ્રણ કરવાથી દ્વિદળ થાય છે. આરોગ્યને પણ નુકસાનકારક છે.

૧૦. યુધિષ્ઠિરે એકવાર અર્જુનને કહ્યું કે : "હે કૌન્તેય! જે લોકો કાચા દૂધ, દહીં છાસ સાથે કઠોળને જમે છે, તે લોકો ખરેખર માંસનું ભક્ષણ કરી રહ્યા છે."

*(– જૈન 'મહાભારત'માંથી)*

૧૧. જ્યારે છાસની કઢી બનાવવાની હોય, ત્યારે બહેનો ચૂલા ઉપર તપેલીમાં છાસ ચઢાવીને, છાસ પૂરેપૂરી ગરમ થયા પૂર્વેજ ચણાનો લોટ તેમાં નાખે છે. કાચી છાસમાં ચણાનો લોટ ભળવાથી, તત્કાળ અસંખ્ય જીવો પેદા થાય છે અને કઢી ઉકળતાની સાથેજ તપેલીમાં તેવા જીવો સ્વાહા થઈ જાય છે. આમાં જીવોની ઉત્પત્તિનો અને સંહારનો ઉભય દોષ એક સાથે જ લાગી જાય છે.

૧૨. કઠોળમાં જીવોત્પત્તિની મોટી શક્તિ છે. માત્ર કાચા ગોરસની સંયોગની અપેક્ષા રહે છે. જો કાચા ગોરસનો સંયોગ ટાળી દેવાય, તો જીવોત્પત્તિની સંભાવના રહેતી નથી, દોષ લાગતો નથી. માટે કઠોળની સાથે કાચા દૂધ, દહીં, છાસ મિક્સ કરવાના પ્રસંગો ટાળવા. ■

## ઇશ - ઇન્સાનની ખીલી

પત્યું પાનખરનું, વસંતે વૃક્ષોની કુંજાર લીલી,
અષાઢી મેઘના આડંબરે, તરુ સંગ લતા ખીલી.

ખર ધરા પલળી, મહેક શું માટી માંહેથી ખીલી,
ગગન ગાજે જ્યમ, ખરપરશું તાંડવની રમત ઝીલી.

શ્યામઘટાએ વરસે વાદલડી, મચાવી શરારતી હેલી,
વર્ષાના વ્હાલપનાં નજારે, તન મન જાયે સદા ખીલી.

પર મર્કટ માનવના મગજમાં શું ઘૂસી છે ખીલી,
નિજાનંદ કાજ કંઈક નિર્દોષોની ઉડાવે છે ખીલી.

હવાએ ઊડતા પ્લેનનાં રનવેમાં લગાડશે ખીલી,
કરી અટકચાળો સુપરજેટની કરી પાડે ગતિ ઢીલી.

વદો ના વેણ કદી, સુણી મગજમાં લાગી જાય ખીલી,
ઉચ્ચારો વેણ ઉરના, તદા માનવ ચહેરો જાય ખીલી.

*ધીરજલાલ ડી. તન્ના - કેશોદ ● મો. ૯૭૩૭૭ ૧૨૯૯૯*

## ચક્કર – Vertigo ● અંધારા – Giddiness

(અનુસંધાન : પાના નં. – ૩૩ ઉપરથી ચાલુ)

૨. બેલેન્સ જળવાઈ રહે તે માટે માથાની હેરફેર ઉપર કાબૂ રાખવો. એકદમ માથું ન ફેરવવું. ધીમે ધીમે પ્રવૃત્તિઓ કરવી. ચક્કર સમયે વાંચવું નહીં. આ સમયે રૂમમાં વધારે પ્રકાશ રાખવો નહીં.

૩. જ્યાં સુધી પૂરેપૂરું નિદાન ન થાય ત્યાં સુધી મહેનતવાળી પ્રવૃત્તિઓ, ડ્રાઈવિંગ ૧ અઠવાડિયા સુધી મુલત્વી રાખવી.

૪. ચક્કરમાં વપરાતી દવાઓ જેવી કે Stemetil vertin ડૉક્ટરની સલાહ પ્રમાણે લેવી.

આંખે અંધારાવાળા ચક્કર – Dissiness, Giddiness, લોહી દબાણના ફેરફારના કારણે હોઈ શકે છે. જેમાં સૂઈ રહેવું હિતાવહ. નમકવાળું લીંબુ શરબત ગુણકારી છે. ડાયાબિટીસ ઘટી જવાના કારણો તપાસવા. લોહીની ઉણપ સ્ત્રીઓમાં, હેવી પીરીયડ અંધારા કારણભૂત હોઈ શકે, તો ડૉક્ટરની સલાહ પ્રમાણે ચેક-અપ કરાવી લેવું. કુદરત હંમેશાં નોટીસ આપે છે. જેને ગંભીરતાથી લેવાથી જીવન સારી રીતે જીવી શકાય છે.

**કેસ સ્ટડી :** ઉંમર વર્ષ ૭૨, ડાયાબિટીસ, બ્લડપ્રેશર – ૧૫ વર્ષથી. એક દિવસ સાંજે ચક્કર - અંધારાની ફરિયાદ ૩ થી ૪ વખત થઈ.

નિયમિત જીવન, રોજિંદુ ૩૦-૪૦ મિનિટ ચાલે. કોઈ તકલીફ નથી. સામાન્ય વજન, કોઈ તણાવ નથી. ડાયાબિટીસ, બ્લડપ્રેશર સામાન્ય કરતાં થોડું વધારે, કેરીની સીઝન આખી કેરી દવાઓ આ રોગની ચાલે.

દીકરાઓએ હેલ્થ ચેક-અપ કરાવવાનો આગ્રહ કરાવ્યો. હેલ્થ ચેક-અપમાં TMT +ve આવવાથી CAG કરાવી. ત્રણે નળીઓ બ્લોક. બાયપાસ (MICA) નક્કી થયું. ઓપરેશન પહેલા ગળામાંથી - મગજમાં લઈ જતી CAROTID DOPPLER માં ડાબી નળી ૯૯% બ્લોક આવી. પ્રથમ તેની સર્જરી અને ત્યારબાદ MICA સર્જરી થઈ. વાત અંધારામાંથી ૨ સર્જરી સફળતાપૂર્વક થઈ. સંપૂર્ણ તપાસ દ્વારા ભગવાને આપેલી નોટીસ સ્વિકારી, તો Brain stroke, Heart Attack થી બચ્યા.

*સમજી લઈએ આ પંક્તિઓને :*

***ચક્કરના વમળમાં, હવે ભમતું સઘળું દેખાય***
***કુદરતના ઈશારાને સમજી તબીબી સહાય લેવાય,***
***નહિંતર ન જાણે જાનકી નાથે કાલે શું થવાનું છે!***

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૫૮

### શ્રી જીરાવલા તીર્થ
### (શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન)



આબુ રોડથી ૫૮ કિ.મી. દૂર આવેલું શ્રી જીરાવલા તીર્થ અરવલ્લી પર્વતમાળાની જીરાપલ્લી નામના પહાડની ગોદમાં આવેલું છે. આ ભાવન જિનાલય મંદિરનું દૃશ્ય ભાવપૂર્ણ છે. અહીં મૂળનાયક શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની પદ્માસનસ્થ પ્રતિમા છે. જૈન શાસ્ત્રોમાં આ નગરનો ઉલ્લેખ જીરાવલ્લી, જીરાપલ્લી, જુરિકાવલ્લી અને જયરાજપલ્લી જેવાં નામોથી મળે છે. આ મંદિર વિ.સં. ૩૨૬માં કોડી નગરના શેઠ શ્રી અમરાસાએ બંધાવ્યું હતું. અમરાસાને પાર્શ્વનાથ ભગવાનના અધિષ્ઠાયક દેવના દર્શન થયાં અને ભૂગર્ભમાં રહેલી પાર્શ્વપ્રભુની પ્રતિમાનો સંકેત આપ્યો. આચાર્યશ્રી દેવસૂરિવરજી મ.ને પણ આવું જ સ્વપ્ન આવ્યું હતું. આચાર્યશ્રી અને અમરાસાએ સાંકેતિક સ્થાન પર શોધ કરીને પાર્શ્વપ્રભુની પ્રતિમા પ્રાપ્ત કરી. અધિષ્ઠાયક દેવોના આદેશ અનુસાર ત્યાં જ મંદિરનું નિર્માણ કરાવ્યું અને વિ.સં. ૩૩૧માં આ. શ્રી દેવસૂરિવરજી મ.ના હસ્તે તેની પ્રતિષ્ઠા સંપન્ન થઈ. એ પછી અનેક પ્રતિષ્ઠા કરવામાં આવી. છેલ્લી પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૨૦ના વૈશાખ સુદમાં શ્રી ત્રિલોકવિજયજીના હાથે સંપન્ન થઈ. અહીં મળતા શિલાલેખો, આચાર્ય ભગવંતોએ રચેલા સ્તોત્રો તેમ જ ચૈત્યપરીપાટીમાં જીરાવલા પાર્શ્વનાથ ભગવાનનું નામ વિ.સં. ૧૮૯૧ સુધી આવે છે, પરંતુ એ પછીનો ઇતિહાસ મળતો નથી. એનું એક કારણ મુસલમાનોનું આક્રમણ પણ ગણી શકાય. જૈન શાસ્ત્રોમાં શ્રી જીરાવાલા પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ નામની પ્રતિમાઓ વિભિન્ન બાવન દેરીઓમાં સ્થાપિત છે. અનેક આચાર્ય ભગવંતો અને સંઘો અહીં આવી ચૂકેલા છે. આ નગરમાં જીરાવલા ગચ્છની સ્થાપના થઈ છે. છેલ્લી પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૭૬માં થઈ હતી જેની કરોડોમાં બોલી બોલાઈ હતી. તીર્થમાં સુંદર ધર્મશાળા અને ભોજનશાળા છે.

## તીર્થ દર્શન-૫૯

### શ્રી બામણવાડા તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)



રાજસ્થાનના સિરોહી રોડથી ૭ કિ.મી. દૂર આવેલા વીરવાડાની પાસે જંગલમાં પહાડની ટેકરી પર આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રી મહાવીર ભગવાનની પ્રવાલ વર્ણની લગભગ ૭૬ સે.મી. ઊંચાઈની પદ્માસનસ્થ પ્રતિમા છે. પ્રભુપ્રતિમા અત્યંત સુંદર અને પ્રભાવશાળી છે. તેમજ એના દર્શનથી ભાવિક યાત્રાળુઓનું હૃદય ભક્તિભાવથી ઉભરાઈ જાય છે. આસપાસ જંગલ હોવાથી અહીં પ્રકૃતિ પણ એટલી જ આસાયેશ આપનારી છે. એમ કહેવાય છે કે આ સ્થળે ભગવાન મહાવીરના કાનમાં કાષ્ઠશૂળ લગાવવાનો ઉપસર્ગ થયો હતો. અત્રે એ ઉપસર્ગ સ્થળ પર ભગવાનની ચરણપાદુકા છે. આ સ્થળે આચાર્ય નાગાર્જુનસૂરિજી, શ્રી સ્કંદિલસૂરિજી, શ્રી પાદલિપ્તસૂરિજી તથા રાજા શ્રી સંપ્રતિ નિયમિતપણે દર્શનાર્થે આવતા હતા.

બામણવાડાજી તીર્થ જીવિત સ્વામીના નામથી પ્રસિદ્ધ છે. તપાગચ્છ પટ્ટાવલી પ્રમાણે સંપ્રતિ રાજાએ અહીં મંદિર બંધાવ્યું હતું. સંપ્રતિ રાજા પ્રતિ વર્ષ પાંચ તીર્થોની ચાર વાર યાત્રા કરવાનો નિયમ ધરાવતા હતા જેમાં બામણવાડાજી તીર્થનું નામ આવે છે. વિ.સં. ૮૨૧માં પોરવાલ મંત્રી શ્રી સામંતશાહે શ્રી જયાનંદસૂરિજીના ઉપદેશથી આ તીર્થનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. અનેક તીર્થસ્તોત્રોમાં અને ગ્રંથોમાં આ તીર્થનો મહિમા ગવાયેલો છે. આ પ્રાચીન તીર્થનો અનેકવાર જીર્ણોધ્ધાર થયો હશે. હાલમાં એનો પુનઃ જીર્ણોધ્ધાર ઈ.સ. ૧૯૭૯ની ૫મી મેના દિવસે આ. શ્રી સુશીલસૂરિવરજીના સુહસ્તે થયો હતો. મંદિરમાં આરસપહાણમાં આલેખાયેલો ભગવાન મહાવીરના ૨૭ ભવનો પટ્ટ આકર્ષક છે. અહિયા રહેવા માટે ધર્મશાળા અને ભોજનની વ્યવસ્થા છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### અમદાવાદના જોધપુર વિસ્તારમાં ગર્લ્સ હોસ્ટેલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અમદાવાદના જોધપુર વિસ્તારમાં ગર્લ્સ હોસ્ટેલનો પ્રારંભ કરવામાં આવેલ છે કે જેમાં કચ્છની કોઈપણ જ્ઞાતિની વિદ્યાર્થિનીને એડમિશન મળી શકશે. સાથે સાથે કચ્છની કોઈપણ જ્ઞાતિની બહેનો કે જેઓ અમદાવાદમાં રહી જોબ કરતી હશે તે વર્કિંગ વિમેન માટે પણ આ હોસ્ટેલમાં રહેવાની સુવિધા ઊભી કરવામાં આવેલ છે.

આ હોસ્ટેલના બધા રૂમ A.C. અને સેલ્ફ કન્ટેઈન્ડ છે. દરેક રૂમમાં ૩ વ્યક્તિ રહી શકે એ રીતે ફર્નીચર વગેરેની વ્યવસ્થા કરવામાં આવેલ છે. દરેકને ત્રણે ટાઈમ ચા-નાસ્તા-જમવાની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

આ હોસ્ટેલમાં એડમિશન મેળવવા નીચેમાંથી કોઈપણ એક વ્યક્તિનો સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

*ભરત ઓઝા : ૯૮૨૫૭ ૧૪૮૩૩*
*હિમાંશુ ઠક્કર : ૯૮૭૯૩ ૦૧૦૦૪*
*અશોક મહેતા : ૯૮૭૯૦ ૬૩૧૦૦*

***ભરત ઓઝા, કન્વીનર – હોસ્ટેલ સમિતિ***

### કચ્છી નૂતન વર્ષ કાર્યક્રમ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષ ઉજવણીનો કાર્યક્રમ રવિવાર, તા. ૭-૭-૨૦૨૪ના રોજ દિનેશ હોલમાં યોજવામાં આવેલ હતો કે જયારે સંપૂર્ણ હોલ અમદાવાદ સ્થિત વિવિધ જ્ઞાતિના કચ્છીઓની હાજરીથી ખીચોખીચ ભરાઈ ગયેલ હતો.

ઉજવણીના આ કાર્યક્રમમાં સ્પોન્સરર તથા શુભેચ્છકોનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ હતું.

“બા, તને હું ક્યાં રાખું?” – નામનો ગુજરાતી સામાજિક ડ્રામા બતાવવામાં આવેલ હતો કે જે પ્રેક્ષક વર્ગમાં એક અવાજે વખણાઈ ચૂકેલ હતો. આજની દરેક ઘરની સામાજિક પરીસ્થિતિના ભાગ રૂપે આ ડ્રામાની થીમ બનાવવામાં આવેલ હતી. હોલમાં ઉપસ્થિતોમાં ભાગ્યે જ કોઈ વ્યક્તિ એવી હશે કે જેની આ ડ્રામા જોતી વખતે આંખમાં પાણી ન આવ્યા હોય!

નાટકની પૂર્ણાહુતિ બાદ સહુએ સમૂહ ભોજનનો આનંદ લીધેલ હતો. દરેકે ભોજનના સ્વાદના અનહદ વખાણ કર્યા હતા.

સમૂહ ભોજનની પૂર્ણાહુતિ બાદ કાર્યક્રમને વાગોળતા સહુ છૂટા પડ્યા હતા.

***હિમાંશુ ઠક્કર, માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## ઍંકરવાલા હોસ્પિટલ - મસ્કા મધ્યે પલ્મોનોલોજિસ્ટ ડૉક્ટરશ્રીના નિઃશુલ્ક નિદાન મેડિકલ કેમ્પનું આયોજન

અનશનવ્રતધારી, જૈન સમાજરત્ન શ્રી તારાચંદભાઈ જગશીભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ દ્વારા માંડવી તાલુકાના મસ્કા મુકામ સંચાલિત ઍંકરવાલા જનરલ હોસ્પિટલ મધ્યે ડીવાઈન લાઈફ હોસ્પિટલ આદિપુરના સહયોગથી ટી.બી., શ્વાસ તથા ફેફસાનાં રોગના સુપર નિષ્ણાત ડૉ. આદિત્ય પંડ્યાના નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન તથા પ્રસંગ પરિચય આપતા હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડૉ. મૃગેશભાઈ બારડે જણાવ્યું કે સુપર નિષ્ણાત ડૉક્ટર્સશ્રીઓની સેવા સ્થાનિકે મળી રહે તે માટે અમારી સંસ્થા દ્વારા દર મહિને ઍંકરવાલા હોસ્પિટલ - મસ્કા મધ્યે સુપર નિષ્ણાત ડૉક્ટરશ્રીઓના કેમ્પનું નિઃશુલ્ક

આયોજન કરવામાં આવે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે હાલમાં ફેફસાની બીમારી ધરાવતા દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. જેથી ફેફસાની બીમારી ધરાવતા દર્દીઓને સુપર સ્પે. ડૉક્ટરશ્રીની સારવાર સ્થાનિકે મળી રહે તે માટે આ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત એંકરવાલા જનરલ હોસ્પિટલ મધ્યે વીરાયતન સંસ્થા તથા અદાણી ફાઉન્ડેશનના સહયોગથી ઓક્સિજન પ્લાન્ટનું નિર્માણ થયું છે. જેથી આજુબાજુના વિસ્તારના લોકોને વિના મૂલ્યે ઓક્સિજન પ્લાન્ટનો લાભ લેવા જણાવ્યું હતું.

આજના આ મેડિકલ કેમ્પમાં ડીવાઈન લાઈફ હોસ્પિટલ - આદિપુરના પલ્મોનોલોજિસ્ટ ડૉ. આદિત્ય પંડ્યાએ ટી.બી. ન્યુમોનિયાની અસર હોય, કેમેરા દ્વારા ફેફસા તપાસણીની (બ્રોકોસ્પી) જરૂર હોય, વારંવાર કફ-ઉધરસ કે ખાંસી થતી હોય, એલર્જી - અસ્થમાની બીમારી હોય, બીડી, ધૂમ્રપાન સંબંધિત બીમારી હોય, નિંદર દરમિયાન મોટેથી નસકોરા બોલવાની બીમારી હોય, ફેફસાના પડ - આવરણમાં પાણી ભરાતું હોય, કોરોના પછી ફેફસાને સંબંધિત બીમારી હોય વગેરે બીમારી ધરાવતા દર્દીઓની તપાસણી કરી તેમની બીમારીનું નિદાન કરી દર્દીઓને તેમની બીમારી અંગે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કેમ્પમાં દર્દીઓના એક્સ-રે મશીન દ્વારા ફેફસાની તપાસણી વગેરેની સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવી હતી.

આ પ્રસંગે મસ્કા ગામના પૂર્વ સરપંચ અને માંડવી તાલુકાના મંત્રી શ્રી કીર્તિભાઈ ગોર, ડીવાઈન લાઈફ હોસ્પિટલના હેડ શ્રી આલાપભાઈ જોબનપુત્રા, શ્રી પપીટકુમાર, માર્કેટિંગ મેનેજર શ્રી અશોક હિરાણી, શ્રી ફેનીલભાઈ ઠક્કર સહયોગી રહ્યા હતા. કેમ્પને સફળ બનાવવા હોસ્પિટલના સ્ટાફ અને મસ્કા ગામના યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

## શ્રી કચ્છી જૈન સમાજ - વાપી

દર વર્ષે ઉજવવામાં આવતો અષાઢી બીજ કચ્છી નવા વર્ષના કચ્છોત્સવ-૨૦૨૪ના કરવામાં આવેલ આયોજનમાં ''ઓર્ગન ડોનેશન''ના જાગૃતિકરણના કાર્યક્રમમાં હરીયા હોસ્પિટલના ડીન ડૉ. સિંઘ સાહેબ ઉપરાંત ગુજરાત રાજ્યના નાણાં અને ઉર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અતિથિ વિશેષ તરીકે પધાર્યા હતા. આ ઉપરાંત વાપી નગરપાલિકાના પ્રમુખ શ્રી પંકજભાઈ પટેલ, VIA ના પ્રમુખ શ્રી સતીષભાઈ પટેલ, ભીલાડવાળા બેંકને ડાયરેક્ટર શ્રી મિતેશભાઈ દેસાઈ, દક્ષિણ ગુજરાતના ક.વી.ઓ. જૈન સમાજના પ્રમુખ શ્રી પ્રફુલભાઈ (દહાણું), વાપી જે.જે.સી.ના પદાધિકારીઓ તથા વાપીના અન્ય સમાજના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઓર્ગન ડોનેશનના કાર્યક્રમ બાદ રાખવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાના મોટા ૮૦ જેટલા કલાકારોએ વિવિધ સ્પર્ધાઓ, રૂપક, ડ્રેસ કોમ્પિટીશન, ગરબા દ્વારા સરસ મનોરંજન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમ દરમિયાન કિડની ડોનેશન કરનાર શ્રીમતી ઝવેરબેન મહેન્દ્ર સાવલાનું બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય દાતા શ્રીમતી કસ્તુરબેન શાંતિલાલ ગાના (ટર્નિંગ પોઈન્ટવાળા), શ્રીમતી ચંદનબેન ધીરેનભાઈ લોડાયા, શ્રીમતી દમયંતીબેન લહેરચંદ છેડા (કીલર જીનવાળા)નું બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રીમતી ડીપલ સાવલા, શ્રીમતી નેહલ કારીયા અને શ્રી હાર્દિક મોરબીયાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમની સફળતાનો યશ સર્વશ્રી સિધ્ધાર્થ ખોના, શ્રી નિકુંજ રાંભિયા, શ્રી સમીર સાવલા અને શ્રી હેમીન ગડા, ભાવતા ભોજનીયા શ્રી સુનિલભાઈ લાલન, બેનર-કૂપન પ્રિન્ટ શ્રી દિલીપ મોતા, શ્રી કેની ગાલા અને પ્રોગ્રામને કચકડે મઢનાર શ્રી મિલન લોડાયાએ જવાબદારી સંભાળી હતી. આભારવિધિ શ્રીમતી ડીપલ સાવલાએ કરી હતી. પ્રોગ્રામમાં ભાગ લેનાર તમામને ગીફ્ટ આપી નવાજવામાં આવ્યા હતા.

## ડોણ પ્રાથમિક શાળા

શ્રી ડોણ પ્રાથમિક શાળામાં સ્વ. નેમચંદ દામજી મારૂના સ્મરણાર્થે 'એક પેડ માં કે નામ' અંતર્ગત ૧૦૦૮ વૃક્ષોનું વાવેતર સાથે જતન કરવાનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. શાળાના દરેક બાળકને એક એક વૃક્ષ અને વાડી વિસ્તારના ખેડૂત મિત્રોને વાડીમાં લગાવવા માટે જરૂરિયાત હોય તેટલા વૃક્ષો આપવામાં આવ્યા. કાર્યક્રમમાં દાતા પરિવાર સ્વ. નેમચંદભાઈના ધર્મપત્ની નવલબેન નેમચંદ મારૂ તેમજ તેમની દીકરી શીતલ અને ચેતનભાઈ ભેદાએ હાજરી આપી હતી. તદુપરાંત જીવદયા પ્રેમી બુધિયાબાપા તેમજ મુંબઈ જૈન મહાજનના ટ્રસ્ટી કિરણભાઈ વીરા, પ્રવીણભાઈ ગાલા, ગામના સરપંચ શ્રી




॥ શુભેચ્છા સહ... ॥

શ્રી જીતેન્દ્ર ઉમરશીભાઈ કુરૂવા



મંજુલાબેન મારૂ તેમજ ઉપ સરપંચશ્રી અમીનાબેન અભુભાઈ ચૌહાણ તથા પંચાયતના સભ્યો એસ.એમ.સી. સભ્યો, ગામના અગ્રણીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન શાળા પરિવારે કર્યું હતું. દાતા પરિવારનું સન્માન ગામના સરપંચ શ્રી, ઉપસરપંચશ્રી, શાળાના આચાર્યશ્રીએ કર્યું હતું. જીવદયા પ્રેમી બુધિયાબાપાનું સ્વાગત ડોણ જૈન મહાજનના ટ્રસ્ટી કિરણભાઈ વીરાએ કર્યું હતું. એન્કરીંગ જીજ્ઞેશભાઈ માતંગ, શાબ્દિક સ્વાગત મોહનભાઈ કટુઆ, આભારવિધિ સંધ્યાબેન ઠાકર, તમામ વ્યવસ્થા અલ્પાબેન પટેલ, મિતલબેન વ્યાસ, નીરૂબેન પટેલ, હિરેનભાઈ ગોસ્વામી, મયુરીબેન દરજીએ, શાળાના આચાર્યશ્રી હરીશભાઈ પટેલના નેજા હેઠળ સંભાળી હતી.

## કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા - ભુજ

★ કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે પ્રકૃતિ સૌંદર્ય વરસાદની ખુશાલીમાં વિવિધ વિષયની કાવ્ય રચના રજૂ કરેલ. જે બેઠક દિલીપ આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી. આ અંગે ગ્રુપ સભ્યો દ્વારા શ્રી ભારતી ભંડેરી, બીના પીઠડિયા, ઉષા દાવડા, ભરત ગોર એ વરસાદ મહિમા વર્ણવતી કેટલીક રચના રજૂ કરેલ હતી.

જેમાં પ્રારંભમાં નવોદિત કવયિત્રી સોનલ ભાટીયાએ કેટલીક વિવિધ કૃતિનું પઠન કરેલ. રમૂજ હાસ્યપ્રદ રચના અશ્વિન જાની, ચંદુલાલ ગોર, અમૃત શાહ, તુલસીદાસ બોરાએ શેર સાથે પઠન કરેલ હતું.

જ્યારે ગ્રુપ સભ્યોએ વિવિધ વિષયની રચના રજૂ કરેલ. જેમાં શૌમી ઓઝા, રેખા મહેતા, મીરા વ્યાસ, ખુશ્બુ સરવૈયા, નિકિતા પપાણીયા, મનીષા વીરા, ગીતા જોશી, રમેશ પટેલ, વિનોદ ગોર, કેતના છેડા, મદન ભટ્ટ, હરેશ ગડા, છાયા શાહ, વિનોદ ગોર, હરેશ દરજી વગેરે સહિતના ગ્રુપ સભ્યોનો સહકાર મળેલ હતો. તેમનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો. પછી રશ્મિબેન નવીનચંદ્ર ત્રિપાઠી પરિવાર દ્વારા ટુંક સમયમાં ગુજરાતી કાવ્ય સ્પર્ધા યોજવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી, જે સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું. સૌએ સર્વાનુમતે સૂચન વધાવી લીધું હતું.

★ સંસ્થા દ્વારા દિલીપ આચાર્યના પ્રમુખ સ્થાને યોજાયેલ સાહિત્ય ગોષ્ઠી મિલનમાં મુંબઈની કવયિત્રી મનીષાબેન એ. વીરા 'મન', દિવ્યાબેન દેઢિયા 'દિવ્ય' અતિથિ તરીકે પધારેલ. એ પ્રસંગે ગ્રુપ સભ્યોએ અભિવાદન સાથે સાહિત્ય મિલન યોજાયેલ. તે પ્રસંગે ઉપસ્થિત રવિ પેથાણી, સંજય ઠાકર, ચંદ્રકાંત ધલ, મદન ભટ્ટ, તુલસીદાસ બોરા, કનૈયાલાલ અબોટી, સોનલ ભાટીયા, હસમુખ અબોટી, રમેશ ભટ્ટ, મોહન જોશી વગેરે હાજર રહેલ હતા.

## દેશ - વિદેશ

**(અનુસંધાન : પાના નં. – ૪૯ ઉપરથી ચાલુ)**

નીકળ્યા છે. અનપેક્ષિત રીતે પહેલા ક્રમે આવેલી લેફ્ટ અને ત્રીજા ક્રમે સરકેલી દક્ષિણપંથી નેશનલ રેલીના સમર્થકો વચ્ચે અથડામણ થઈ હતી. વૈચારિક દૃષ્ટિએ વહેંચાયેલા ફ્રાંસમાં રાજકીય અવરોધની સ્થિતિ પેદા થઈ છે. ૪ લેફ્ટ પાર્ટીએ સાથે મળી ૧૦ જૂને એનપીએફ ગઠબંધન બનાવ્યું હતું. રાષ્ટ્રપતિ મેક્રોન દ્વારા ચૂંટણીની જાહેરાત બાદ પ્રથમવાર આ ચૂંટણીમાં ડાબેરીઓ એકજૂટ થયા હતા. ડાબેરી પાર્ટીઓએ ફ્રાંસમાં ન્યૂનતમ માસિક વેતન વધારવા, કાયદાકીય રીટાયર થવાની ઉંમર ૬૪થી ઘટાડી ૬૦ કરવા વગેરે વાયદા કર્યા હતા. દક્ષિણપંથી પાર્ટીઓએ ઈમિગ્રેશનમાં મોટા ઘટાડાનો વાયદો કર્યો હતો. *(તા. ૮-૭-૨૦૨૪)*

### IT કટોકટી : માઇક્રોસોફ્ટની સર્વિસ ઠપ્પ થઈ

***દુનિયાભરમાં ૧૪૦૦થી વધુ ફ્લાઇટ કેન્સલ. બેંક, સ્ટોક માર્કેટ અને ટી.વી. ચેનલ પર અસર... એન્ટી વાઈરસ સોફ્ટવેરનું સિક્યોરીટી અપડેટ. ક્રેશ થયેલી સિસ્ટમને રીસ્ટોર કરવી એ એક મોટો પડકાર...***

તા. ૧૯ જુલાઈ શુક્રવારે સવારે માઈક્રોસોફ્ટના સોફ્ટવેરમાં ખામી સર્જાયા બાદ સમગ્ર વિશ્વમાં ફ્લાઈટ કામગીરી ખોરવાઈ ગઈ હતી. સોફ્ટવેરની ખામીને કારણે વિશ્વભરના એરપોર્ટ પર ચેક-ઈન સિસ્ટમ અને માહિતી ડિસ્પ્લે બંધ થઈ ગઈ હતી. આ કારણે ફ્લાઈટ્સ માટે ચેક-ઈન અને ટિકિટ બુકિંગ વગેરે બંધ થયા હતા. *(તા. ૧૯-૭-૨૦૨૪)*

### બાંગ્લાદેશ : આખો દેશ ઘરમાં બંધ, રસ્તાઓ પર સેના

બાંગ્લાદેશમાં અનામતના વિરોધમાં હિંસા. ૧૦૫ના મોત, ૨૫૦૦ ઘાયલ થતાં ૪૦૫ ભારતીય વિદ્યાર્થીઓ બાંગ્લાદેશ છોડી ઘરે પરત આવ્યા. *(તા. ૧૯-૭-૨૦૨૪)*


॥ શુભેચ્છા સહ... ॥

**ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ**

**હ. જયંતીભાઈ નીસર**

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૧૯

**સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)**
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રૉ કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. "'મંગલ મંદિર' શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું અભિન્ન અંગ છે" – આવો અભિપ્રાય __________ __________ એ આપેલ છે. (ડૉ. તપન શાહ, કીર્તિ ખત્રી, ડૉ. મિહિર વોરા)

૨. નવનીત ડાયાલિસિસ સેન્ટર – બોપલમાં કુલ ________ વ્યક્તિઓએ લાભ લીધો. (૫૬૩, ૨૫૮, ૧૨૦)

૩. 'નમો લક્ષ્મી યોજના'નો લાભ ધોરણ __________ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને મળવાનો છે. (૫ થી ૭, ૭ થી ૧૦, ૯ થી ૧૨)

૪. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ત્રીજી વાર વડાપ્રધાન પદના શપથ __________ ના દિવસે લીધા હતા. (૧ જૂન, ૯ જૂન, ૧૨ જૂન)

૫. સમાજના ________ સભ્ય પરિવારના પોતાના સરનામા ફેરફારના સમાચાર જુલાઈ અંકમાં આપ્યા છે. (૫, ૬, ૭)

૬. શ્રી મૃદુલા સારાભાઈએ દુઃખી સ્ત્રીઓ માટે સહાયભૂત થવા __________ સંસ્થાની સ્થાપના કરી. (સેવા આશ્રમ, જ્યોતિસંઘ, કન્યા સંસ્કાર)

૭. નવી પેઢીને ત્રણ બાબતની જરૂરત છે : __________, __________, __________ (કારકિર્દી, પ્રોત્સાહન, શિક્ષણ, માર્ગદર્શન, સંશોધન, તાલીમ)

૮. આ વિશ્વમાં કોઈપણ બાળક એવું નહીં હોય જે ________ થી રમ્યું ન હોય. (મોબાઈલ, રમકડું, ક્રિકેટ)

૯. એપેન્ડિક્સ નાના આંતરડા અને મોટા આંતરડાની __________ આવેલું છે. (બાજુમાં, ઉપર, વચ્ચે)

૧૦. ભારતમાં __________ પોસ્ટ ઓફિસો છે. (૧,૩૨,૨૦૦ / ૧,૫૫,૦૧૫ / ૧,૬૮,૬૨૪)

## ● મણકા–૧૫ ના સવાલોના સાચા જવાબો ●

૧. એક લાખ કરોડથી વધારે વેલ્યુ ધરાવતી પ્રથમ નંબરે આવતી ગુજરાતી કંપની : **રીલાયન્સ.**

૨. એપ્રિલ-૨૦૨૪માં પાલડી મેડિકલ ચેક-અપ સેન્ટર દ્વારા **૬૨** પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતને લાભ આપવામાં આવ્યો.

૩. કંડલા મહાબંદરને વિકસાવીને **૧૯૫૫**માં મહાબંદર તરીકે જાહેર કરવામાં આવ્યું.

૪. કચ્છના સરહદી વિસ્તારમાં સ્થાનિક પ્રજાનો મુખ્ય વ્યવસાય **પશુપાલન**નો છે.

૫. શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારના બાળકોએ પોતાની છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામના ફોર્મ તા. **૨૦-૭** સુધીમાં ભરીને મોકલી આપવાના છે.

૬. પ્રથમ ગુજરાતી અખબાર : **મુંબઈ સમાચાર.**

૭. ગિરીરાજ શત્રુંજયની ઊંચાઈ આશરે **૫૦૫** મીટર જેટલી છે.

૮. જૈન સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈના જીવન કાર્યના વિવિધ પાસાંઓ વર્ણવતા ''શબ્દ અને શ્રુત''ના ગ્રંથનું વિમોચન **ગૂર્જર પ્રકાશન** દ્વારા કરવામાં આવેલ.

૯. હિમાચલ પ્રદેશનો યુવાન સુરેશકુમાર **૩** વર્ષે ઘરે પહોંચ્યા.

૧૦. ફૂલોમાં બીજો છોડ ઉત્પન્ન કરવા માટે **પરાગરજ** હોય છે.

***મણકા-૧૫ (મંગલ મંદિર જુલાઈ-૨૦૨૪ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. રોનકબેન આઈ. શેખ – અમદાવાદ
૨. પ્રો.ડૉ. લુબનાબેન આઈ. શેખ – અમદાવાદ
૩. અજય અશ્વિનભાઈ રાણા – અમદાવાદ
૪. સ્મિતાબેન શાહ – અમદાવાદ
૫. નવનીતભાઈ પટેલ – બોપલ, અમદાવાદ
૬. મીનાક્ષીબેન પારેખ – અમદાવાદ
૭. ઝરણા પારેખ – અમદાવાદ
૮. હસમુખ દામજી દેઢિયા – અડાલજ
૯. અશોક વી. શાહ – ગાંધીનગર
૧૦. મહેન્દ્ર ડી. પૂજ – પાલડી, અમદાવાદ
૧૧. વસંત 'કચ્છ કેસરી' – મુંબઈ
૧૨. નીલમ હિતેશ સંઘવી – શાહીબાગ, અમદાવાદ
૧૩. કિંજલ દિવ્યેશ શેઠ – અમદાવાદ
૧૪. મિત્તલ પટેલ – પાલડી, અમદાવાદ
૧૫. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૧૬. પીયુષ હરિલાલ મોરબીયા – પાલડી, અમદાવાદ
૧૭. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૧૮. રમણિકલાલ ગોસર – અમદાવાદ
૧૯. હેમાબેન જગતકુમાર શાહ – પાલડી, અમદાવાદ

***ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.***

| | | | |
|---|---|---|---|
| ૧. | **રોનકબેન આઈ. શેખ** | **– અમદાવાદ** | **મો. ૯૨૭૬૭ ૫૨૨૩૫** |
| ૨. | **ઝરણા પારેખ** | **– ચાંગોદર, અમદાવાદ** | **મો. ૯૨૨૭૭ ૫૫૪૯૯** |
| ૩. | **અશોક વી. શાહ** | **– ગાંધીનગર** | **મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯** |
| ૪. | **નીલમ હિતેશ સંઘવી** | **– અમદાવાદ** | **મો. ૭૩૮૩૩ ૭૩૯૯૫** |
| ૫. | **પીયુષ હરિલાલ મોરબીયા** | **– અમદાવાદ** | **મો. ૯૪૨૬૮ ૩૮૦૦૧** |

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.

**મારો સમાજ... મારું મુખપત્ર... મારો મનગમતો વિભાગ...**

**ઉડતી નજરે....** *માસ જૂન-૨૦૨૪ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .... ૬૪૧<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .... ૮૭<br>● બોડી ચેક-અપ .... ૩૫૬<br>● સોનોગ્રાફી .... ૧,૩૩૦<br>● ટી.એમ.ટી. .... ૪૪<br>● ઑપરેશન / ઈકો .... ૨<br>● ઈકો .... ૨૬૪<br>● અન્ય .... ૭,૬૦૯ | ૧૦,૩૩૩ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● લાભ લેનારી વ્યક્તિઓ .... ૫૭૮<br>● કેન્ટીન .... ૪,૧૯૦ | ૪,૭૬૮ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● પુરુષો .... ૭૭<br>● સ્ત્રીઓ .... ૩૦<br>● બાળકો .... ૩ | ૧૧૦ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... | ૧૬૬ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર .... ૧,૭૨૧<br>● મ્યુઝીયમ .... ૯૯૦<br>● કેન્ટીન .... ૪,૨૧૦<br>● જલારામ અન્નક્ષેત્ર .... ૪૪૫<br>● ડિસ્પેન્સરી .... ૭૫ | ૭,૭૪૧ |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... | ૫૨૦ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર** *તથા*<br>**દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● બોડી ચેક- અપ / સોનોગ્રાફી .... ૨૧૩<br>● સોનોગ્રાફી .... ૨૮૬<br>● ઑપરેશન / માઈનોર ઓ.ટી. .... ૧૩ / ૪<br>● ફિઝીયોથેરાપી .... ૧,૪૫૬<br>● અન્ય .... ૪,૮૬૫ | ૬,૮૩૭ |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... | ૨૩૯ |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● એક્સ-રે .... ૯૯<br>● સોનોગ્રાફી .... ૪૭<br>● બોડી ચેક-અપ .... ૧૭<br>● ઈકો .... ૮<br>● અન્ય .... ૬૫૫ | ૮૨૬ |
| | *માસ જૂન – ૨૦૨૪ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ....* | **૩૧,૨૪૦** |

## NanoNine® શબ્દ રમત-૨૦૯

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ■ | ૬ | ■ | ૭ | ૮ | ૯ |
| ૧૦ | | ■ | ૧૧ | | | ■ | ૧૨ | ૧૩ | ■ | ૧૪ | |
| | ■ | ૧૫ | | | ■ | ૧૬ | | | ■ | ૧૭ | |
| ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | | ■ | ૨૧ | | ૨૨ | ■ | ■ |
| ■ | ૨૩ | | ૨૪ | ■ | ■ | ૨૫ | ■ | ૨૬ | | | ■ |
| ૨૭ | | ■ | ૨૮ | ૨૯ | | | ■ | ■ | ■ | ૩૦ | ૩૧ |
| | ■ | ૩૨ | | | ■ | ૩૩ | | ૩૪ | ■ | ૩૫ | |
| ૩૬ | | | ■ | | ■ | | ■ | ૩૭ | | | |
| | ■ | ૩૮ | ૩૯ | ■ | ૪૦ | | ૪૧ | | ■ | | ■ |
| ■ | ૪૨ | ■ | ૪૩ | ૪૪ | | ■ | ■ | ■ | ■ | ■ | ૪૫ |
| ૪૬ | | ■ | ૪૭ | | | | | ■ | ૪૮ | ■ | |
| ૪૯ | | ■ | ૫૦ | | | ■ | ૫૧ | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૮-૨૦૨૪ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ભ્રમ, ખોટો દેખાવ (૩)
૪. એક અને પા (૨)
૭. સમત્વ, સરખાપણું (૩)
૧૦. જંગલ, અરણ્ય, કાનન (૨)
૧૧. નવું, નવીન (૩)
૧૨. છેતરપિંડી, ધાપ (૨)
૧૪. સેર, સાહેબ (ઈ), જીતાયેલું (૨)
૧૫. પૂજામાં વપરાતો સફેદ પાવડર, ______ ગુલાલ (૩)
૧૬. કુસ્તીની હરીફાઈ, અખાડો (૩)
૧૭. રામનો પુત્ર, પ્રેમ (ઈ) (૨)
૧૮. દૃષ્ટાંત, ઉદાહરણ (૩)
૨૦. પક્ષ, ભાગલો, બારીક તિરાડ (૨)
૨૧. પક્ષપાત રહિત, નિરપેક્ષ (૩)
૨૩. કંસાર, ઘઉંના લોટની એક મીઠી વાનગી (૩)
૨૬. પેટમાંનું મોટું આંતરડું, દમયંતીનો પતિ, વડાપ્રધાનની યોજના ______ સે જલ (૨)
૨૭. માની બહેન (૨)
૨૮. ગંગા નદીનું એક નામ, આકાશગંગા (૪)
૩૦. આબરૂ, પ્રતિષ્ઠા, આદર (૨)
૩૨. જુલ્મ, ત્રાસ કેર (૩)
૩૩. નાહવા ધોવાનો ઘાટ (૩)
૩૫. સહવર્તન, રાજનીતિ, દાર્શનિક (૨)
૩૬. બાધા, આખડી, મન્નત (૩)
૩૭. તપસ્વીનું નિવાસ સ્થાન (૪)
૩૮. અણુ, ધૂળનો કણ ધૂળ, કસ્તર (૨)
૪૦. કરતાળ, કાંસીજોડા, ઝાંઝ (૪)
૪૧. ગાયનના ઠોકનું માપ, તળાવ (૨)
૪૩. સાપણ, નાગણી (૩)
૪૬. પાણી, જળ, નૂર, તેજ (૨)
૪૭. વર્ષગાંઠ, જન્મદિવસ (૫)
૪૯. સાંકડી વાટ, શેરી (૨)
૫૦. ખેલવું, દાવ ખેલવો (૩)
૫૧. ગજગતિથી ચાલનારી ગજગામી (૫)

### ઊભી ચાવીઓ

૧. આયુષ્ય, જિંદગાની (૪)
૨. શુદ્ધિ, હોશ (૨)
૪. વ્યવસ્થા, સગવડ, ફેસિલિટી (૪)
૫. ત્રણ રતી જેટલું તોલ, એક કઠોળ (૨)
૬. પરમ પદે પહોંચેલું (૪)
૮. સ્નાયુ, માંસપેશી (૩)
૯. તારવવો તે (૪)
૧૧. પયગંબર, પેગંબર (૨)
૧૩. લશ્કરની ટુકડી (૪)
૧૫. અદૃશ્ય, લુપ્ત, ગાયબ (૩)
૧૯. હોડી ચલાવનાર, ખારવો (૩)
૨૨. જગા, સ્થાન (૨)
૨૪. સ્ત્રીની અધરણી, ગોદભરાઈ (૩)
૨૫. ટપાલ દ્વારા મોકલાતા નાણાં (૫)
૨૭. લડાઈ (૪)
૨૯. સ્ત્રીઓના કપાળનું એક ઘરેણું, દયામણું (૩)
૩૦. મનુષ્ય ઉપર પ્રેમ, માણસાઈ (૪)
૩૧. આંખ (૩)
૩૨. એક તંતુ વાદ્ય (૩)
૩૩. હુકમ, આદેશ (ઈ) (૩)
૩૪. ઝટ રડી પડે એવું (૩)
૩૭. એક તેલીબિયું (૨)
૩૯. પશુ, જાનવર (૪)
૪૦. દુઃખના કારણે ઉંહકાર કરવો (૪)
૪૨. દાબડી, ડબ્બી (૩)
૪૪. ગર્મ, ઊનું (૩)
૪૫. રાત્રી, નિશા (૩)
૪૬. અગ્નિ, દેવતા, લાય (૨)
૪૭. પતિ (૨)
૪૮. સ્થલ, સ્થાન (૨)

*શબ્દ રમત-૨૦૭નો ઉકેલ, સાચા જવાબ મોકલનાવનારના નામ તથા ઈનામી વિજેતા વાચકના નામ માટે*

*જુઓ પાના નંબર : ૪૭*

# પ્રતિભાવ

## 'મંગલ મંદિર' સમૃદ્ધ બને છે

જુલાઈ-૨૦૨૪નો 'મંગલ મંદિર'નો અંક વાંચન સામગ્રીથી સમૃદ્ધ જણાયો. સ્વાધીનતા સંગ્રામની શ્રેણીમાં નેતાજી સુભાષચંદ્ર બોઝ લંડનમાં આઈ.સી.એસ.ની પરીક્ષા ઉચ્ચ ક્રમાંકે પાસ કરવા છતાં ધન અને સત્તાની લાલસા રાખ્યા વિના દેશ માટે પોતાની જાતને ન્યોચ્છાવર કરી દેતી કથા રોમાંચક છે. ડૉ. પૂર્વી ગોસ્વામીના 'મહિલા સશક્તિકરણ' અંગેનો લેખ ખૂબ જ ઝીણવટપૂર્વક તથા ઊંડા અભ્યાસથી લખાયેલ છે. તેઓ અભિનંદનને પાત્ર છે. શ્રી નરેશ અંતાણીનો લેખ રાવ રાયધણજીના કલંકિત ઈતિહાસમાં સમાવેશ થતી ગાથા વાંચવાલાયક છે. એક જ બેઠકે વંચાય તેવો સરળ અને રસપ્રદ લેખ છે. ડૉ. મિહિર એમ. વોરાનો 'આવકવેરા દિવસ' લેખ ખૂબ જ માહિતીપ્રદ છે. મોઘલકાળથી અંગ્રેજોના કાર્યકાળ દરમિયાન કરવેરાનું સ્વરૂપ, તેનો હેતુ તથા ઈતિહાસ વાંચવાલાયક છે. દૃષ્ટિ મહેતા અને યેશા મહેતાનો 'જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો' લેખ સુંદર છે. બાળપણનાં ૫ વર્ષમાં રમકડાં દ્વારા બાળકો ૯૦% જેટલું સામાન્ય જ્ઞાન મેળવે છે તેવું આલેખન નોંધનીય છે. ચૌલા કુરૂવા દ્વારા 'દુનિયાના ડિગ્રી વગરના અમીરો' લેખ લોકોને પ્રેરણા આપનારો છે. 'જ્ઞાન-વિજ્ઞાન' વિભાગ પણ જ્ઞાનનું સુંદર ભાથું પીરસે છે. 'મંગલ મંદિર' માટે અથાગ મહેનત કરનાર તંત્રીમંડળ તથા અંકમાં રસપ્રદ સામગ્રી પીરસનાર સર્વે લેખકોને પણ અભિનંદન.

*અશોક વી. શાહ - ગાંધીનગર*

*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

★

*આદરણીય શ્રી અમરીશભાઈ તથા રોનકબહેન,*

આપની અત્યંત ઝડપી જવાબદારી સમજી મને રસીદ નં. P;-045242, તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૩ની તથા એપ્રિલ – મે - જૂનના 'મંગલ મંદિર'ના ત્રણ અંકો મળેલ છે તે બદલ આપ સૌનો આભાર.

કારણોવસાત મેં લવાજમ ભરેલ પણ અંકો ન આવતાં મેં ગોધરાવાસી રમણિકભાઈને પણ વાત કરેલ હતી. પણ મને મંગલ મંદિર વાંચ્યા વગર ચેન પડતું ન હતું. તેથી મેં બે-ત્રણ વખત ઓફિસે ફોન કરેલ અને જવાબ મળતો કે પોસ્ટ ઓફિસમાં તપાસ કરો. પણ કારણોસર બાબત ભૂલથી રહી ગયેલ હશે એમ હું માનું છું. પણ હવે મને શાંતિ થઈ અને જે બાકીના અંકો મળી શકે તો મોકલવા વિનંતી કરું છું. ભૂલચૂક ક્ષમા.

ફરી ફરી આપનો આભાર.

*તા.ક.* : 'મંગલ મંદિર'ના અંકો વોટ્સએપથી ઘણા ગ્રુપોમાં મોકલું છું તેમજ 'મંગલ મંદિર'ના લવાજમ માટે અને વાંચન માટે પ્રચાર કરું છું.

*હીરાલાલ વી. ઉનડોઠવાલા - ચેમ્બુર, મુંબઈ*

★

તંત્રી લેખમાં ખૂબ સરસ માહિતી આપવા બદલ આપશ્રીને ખૂબ ખૂબ અભિનંદન. દાતા પરિવાર શ્રી નવનીત પ્રકાશન અને અદાણી પરિવારને તેમના આર્થિક યોગદાન માટે ખૂબ ખૂબ અભિનંદન સહ આભાર.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સર્વે પદાધિકારી ગણ અને કાર્યકર સભ્યોને પોતાના તન-મન અને ધનથી સેવા કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

*પ્રભુલાલ માકાણી*

★

## 'મંગલ મંદિર' જૂન-૨૦૨૪ અંકનો પ્રતિભાવ

શાળા પ્રવેશોત્સવ અવસરે પ્રતીકાત્મક રીતે શિક્ષણના મુખપૃષ્ઠ ચિત્રથી ઓપતો અંક અને અંકનો તંત્રીલેખ સમાજોન્નયનમાં શિક્ષણની ભૂમિકા તથા શિક્ષણને ચારિત્ર્ય તથા મૂલ્યનિષ્ઠ બનાવવાની વાત કરતાં અંકની સામાજિક નિસ્બત તરફ ઈશારો કરે છે.

અનુભવ અને જ્ઞાનવૃદ્ધ લેખકો દ્વારા અપાયેલી સાહિત્ય સામગ્રી અવૈધિક શિક્ષણની પાઠશાળા બની રહી છે.

નવોદિતથી માંડીને નીવડેલા સર્જકોને સ્થાન પૂરું પાડીને તંત્રીશ્રી તેમજ સમગ્ર તંત્રીમંડળ, સમાજમાં શૈક્ષણિક, સાંસ્કૃતિક તેમજ સર્વાંગી વિકાસ માટે માહિતી, શિક્ષણ અને મનોરંજનના સમ્યક્ હસ્તાંતરણને સાકાર કરે છે.

કચ્છ તેમજ બૃહદ્ કચ્છમાં વસતા કચ્છીજનોને એક તાંતણે બાંધવાનો પ્રયાસ હૃદયંગમ છે. અહીં દર્શન થતી કચ્છીયતના ઓવારણા લેવાનું મન થાય છે.

સમગ્રતઃ દૃષ્ટિસંપન્ન તંત્રીએ પોતાની ટીમને સાથે રાખી આપેલો આ અનુપ ઉપહાર ચિરઃસ્મરણીય, પ્રેરક, પ્રોત્સાહક તથા હૃદયંગમ છે. સહુને વધાઈ.

*જયંતી જોશી 'શબાબ' - ભુજ, કચ્છ*

*શ્રદ્ધાનો હો વિષય ત્યાં પુરાવાની શી જરૂર?*
*કુરઆનમાં તો ક્યાંય પયગંબરની સહી નથી.*

*– જલન માતરી*

## NanoNine® Sudoku

**જૂન-૨૦૨૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૬૫ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. રોકનબેન શેખ – અમદાવાદ
૨. અવ્વાબરાજ શેખ – અમદાવાદ
૩. ઝરણા પારેખ – અમદાવાદ
૪. ચંદ્રા શાહ – અમદાવાદ
૫. સ્મિતા શાહ – અમદાવાદ
૬. અમન ગોસર – અમદાવાદ
૭. નયના કારાણી – અમદાવાદ
૮. કેશા મહેતા – અમદાવાદ
૯. યેશા મહેતા – અમદાવાદ
૧૦. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૧. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૧૨. નયના ગોગરી – અમદાવાદ
૧૩. ભાવના ગોગરી – અમદાવાદ
૧૪. રીષીત શાહ – અમદાવાદ
૧૫. મીના ખરીદીયા – અમદાવાદ
૧૬. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૭. કામિની શેઠ – અમદાવાદ
૧૮. અવંતિ દંડ – અમદાવાદ
૧૯. નિહાર મહેતા – અમદાવાદ
૨૦. મિતેષ દેઢિયા – અમદાવાદ
૨૧. પંકજ ગાંધી (જૈન) – અમદાવાદ
૨૨. ભૂપેન્દ્ર બાબરીયા – બોપલ, અમદાવાદ
૨૩. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૨૪. હેમલતા દેઢિયા – અડાલજ, અમદાવાદ
૨૫. રીપ્સી શાહ – બાવળા
૨૬. સરોજ ચંદુરા – સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

*__વિજેતા__* : રીપ્સી શાહ – બાવળા

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૬૭ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૮-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૬૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | 9 | | | 8 | | | 6 |
| | 6 | 4 | | | 9 | | 1 | |
| | 1 | | | 3 | | 2 | 9 | |
| 9 | 7 | | 1 | | 6 | | | 3 |
| | | | | 9 | | | | |
| 6 | | | 5 | | 2 | | 8 | 9 |
| | 5 | 1 | | 6 | | | 3 | |
| | 2 | | 9 | | | 7 | 6 | |
| 7 | | | 3 | | | 8 | | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | | | 6 | 8 | | | |
| | | 2 | 7 | | 9 | 5 | | 8 |
| 3 | 8 | 9 | | | 2 | | 6 | |
| 6 | | | | 8 | 5 | 3 | 4 | |
| | | | | | | | | |
| | 5 | 3 | 4 | 7 | | | | 2 |
| | 7 | | 5 | | | 9 | 1 | 4 |
| 5 | | 6 | 8 | | 4 | 2 | | |
| | | | 2 | 1 | | | 5 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | 2 | 9 | 4 | | | | 8 |
| | 6 | | 5 | | | 4 | 9 | 7 |
| | | 4 | | | | | | |
| | 4 | 3 | 1 | | 2 | 8 | | |
| 8 | | 7 | | 5 | | 1 | | 2 |
| | | | 7 | | 4 | 9 | 3 | |
| | | | | | | 7 | | |
| 7 | 3 | 8 | | | 9 | | 1 | |
| 2 | | | | 7 | 5 | 6 | 8 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | 4 | | 8 | 9 | | 1 | |
| | 8 | 5 | 1 | | | 9 | 2 | |
| | | | | | 2 | | | 5 |
| | 4 | 7 | 5 | | | | | |
| | 6 | 1 | | 5 | | 8 | 9 | |
| | | | | | 1 | 7 | 4 | |
| 7 | | | 4 | | | | | |
| | 1 | 2 | | | 3 | 4 | 7 | |
| | 3 | | 6 | 1 | | 2 | | 9 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૬૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 4 | 5 | 8 | 3 | 7 | 2 | 9 | 1 |
| 9 | 3 | 7 | 5 | 2 | 1 | 6 | 4 | 8 |
| 1 | 8 | 2 | 9 | 4 | 6 | 7 | 3 | 5 |
| 2 | 5 | 3 | 1 | 6 | 8 | 4 | 7 | 9 |
| 4 | 1 | 9 | 7 | 5 | 2 | 3 | 8 | 6 |
| 8 | 7 | 6 | 3 | 9 | 4 | 1 | 5 | 2 |
| 5 | 2 | 8 | 6 | 7 | 3 | 9 | 1 | 4 |
| 7 | 6 | 1 | 4 | 8 | 9 | 5 | 2 | 3 |
| 3 | 9 | 4 | 2 | 1 | 5 | 8 | 6 | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 3 | 6 | 5 | 1 | 7 | 4 | 9 | 2 |
| 1 | 5 | 2 | 4 | 3 | 9 | 8 | 7 | 6 |
| 7 | 4 | 9 | 8 | 2 | 6 | 1 | 5 | 3 |
| 9 | 2 | 7 | 1 | 6 | 4 | 3 | 8 | 5 |
| 3 | 6 | 4 | 9 | 8 | 5 | 7 | 2 | 1 |
| 5 | 1 | 8 | 2 | 7 | 3 | 6 | 4 | 9 |
| 2 | 8 | 3 | 7 | 5 | 1 | 9 | 6 | 4 |
| 6 | 9 | 5 | 3 | 4 | 8 | 2 | 1 | 7 |
| 4 | 7 | 1 | 6 | 9 | 2 | 5 | 3 | 8 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 9 | 6 | 3 | 7 | 1 | 5 | 4 | 8 |
| 1 | 3 | 5 | 4 | 2 | 8 | 6 | 9 | 7 |
| 8 | 4 | 7 | 9 | 5 | 6 | 3 | 2 | 1 |
| 5 | 7 | 3 | 8 | 1 | 9 | 4 | 6 | 2 |
| 4 | 2 | 9 | 7 | 6 | 5 | 1 | 8 | 3 |
| 6 | 8 | 1 | 2 | 3 | 4 | 9 | 7 | 5 |
| 7 | 5 | 4 | 1 | 9 | 2 | 8 | 3 | 6 |
| 9 | 1 | 2 | 6 | 8 | 3 | 7 | 5 | 4 |
| 3 | 6 | 8 | 5 | 4 | 7 | 2 | 1 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 3 | 4 | 9 | 5 | 6 | 7 | 2 | 8 |
| 9 | 6 | 5 | 8 | 7 | 2 | 4 | 3 | 1 |
| 7 | 2 | 8 | 1 | 4 | 3 | 5 | 9 | 6 |
| 5 | 1 | 9 | 2 | 3 | 8 | 6 | 4 | 7 |
| 3 | 4 | 7 | 6 | 1 | 5 | 9 | 8 | 2 |
| 6 | 8 | 2 | 7 | 9 | 4 | 1 | 5 | 3 |
| 8 | 7 | 6 | 4 | 2 | 9 | 3 | 1 | 5 |
| 2 | 9 | 3 | 5 | 6 | 1 | 8 | 7 | 4 |
| 4 | 5 | 1 | 3 | 8 | 7 | 2 | 6 | 9 |

Nano 9® kitchenware in new avatar

NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# આપણા ડૉક્ટર્સને પહેચાનો

(મણકો : ૧૩)

## ડૉ. ચાર્મી શાહ (BHMS, CFN, DNHE, DE)

**કન્સલ્ટીંગ હોમિયોપેથ, ડાયેટીશિયન અને ડાયાબિટીસ એજ્યુકેટર**



અશોક મહેતા



**ડૉ. ચાર્મી શાહ**
**(BHMS, CFN, DNHE, DE)**
**કન્સલ્ટીંગ હોમિયોપેથ, ડાયેટીશિયન અને ડાયાબિટીસ એજ્યુકેટર**

ડૉ. ચાર્મીબેન હોમિયોપેથીક ડૉક્ટર છે અને તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે વર્ષ ૨૦૦૬થી (૧૮ વર્ષથી) કાર્યરત છે. ડૉ. ચાર્મીબેન મૂળ અમદાવાદના વતની છે.

*જન્મ સ્થળ :* અમદાવાદ

*જન્મ તારીખ :* ૧૮-૬-૧૯૭૯

***શાળાનો અભ્યાસ :*** ધોરણ-૧ થી ૩ સ્વસ્તિક શિશુવિહાર. ધોરણ-૪ થી ૧૨ : શ્રી ન્યુ વિદ્યાવિહાર.

ત્યારબાદ BHMS નો અભ્યાસ શ્રીમતી એ.જે. સાવલા હોમિયોપેથીક મેડિકલ કોલેજ - મહેસાણાથી પૂર્ણ કરેલ છે (૨૦૦૩).

ત્યારબાદ તેમણે હોમિયોપેથીના નિષ્ણાત અને ડૉ. ભાસ્કર ભટ્ટ પાસેથી ઘનિષ્ઠ તાલીમ અને અનુભવ લીધો.

ત્યારબાદ પોતાની સ્વતંત્ર પ્રેક્ટીસની સાથે સાથે ડૉ. ફાલ્ગુનીબેન ભટ્ટ સાથે કામ કરીને બહોળો અનુભવ લીધો.

'સ્વસ્થ શરીર' – એ શરૂઆતથી જ રસનો વિષય હોવાથી એમણે Food અને Nutrition ના ફિલ્ડમાં આગળ અભ્યાસ કર્યો.

**CFN :** Certificate in Food & Nutrition (2007)

**DNHE :** Diploma in Nutrition & Health Education (2011)

'ડાયાબિટીસ' અને જાડાપણું એ સર્વ રોગોનું મૂળ છે. એ વાતને ધ્યાનમાં રાખીને આ વિષયમાં ઉંડા ઉતર્યા અને ડાયાબિટીસના દર્દીઓને વધારે મદદરૂપ થવા, રોગને આગળ વધતો અટકાવવા અને એનાથી (રોગ તથા દવાથી) થતી આડઅસર રોકવા ડાયાબિટીસ Educator નો કોર્સ કર્યો (૨૦૧૫).

***હાલમાં તેઓ :***

★ Dr. Charmy Shah's Homoeopathic Clinic & Diet Centre (Golden Icon, શ્યામલ ચાર રસ્તા પાસે) ખાતે હોમિયોપેથીક કન્સલ્ટન્ટ, ડાયેટીશિયન અને ડાયાબિટીસ એજ્યુકેટર તરીકે પ્રેક્ટીસ કરી રહ્યા છે.

★ ૨૦૧૬માં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા "Letter of Appreciation" મેળવેલ છે.

★ તેમના ભાઈ ડૉ. મૌલીન શાહ (M.S. Ortho) Pediatric Orthopedic Surgeon (બાળકોના હાડકાના રોગોના નિષ્ણાત) "Ortho Kids Clinic" – ખાતે પ્રેક્ટીસ કરી રહ્યા છે.

★ ભાભી ડૉ. શાલ્મી મહેતા (M.D. Pediatrics) Pediatric Endocrinologist (બાળકોના ગ્રંથિઓને લગતા રોગોના નિષ્ણાત) "Endokid Clinic" ખાતે પ્રેક્ટીસ કરી રહ્યા છે.

★ ડાયેટીશિયન તરીકે હાલમાં તેઓ Obesity (મેદસ્વીપણું), ડાયાબિટીસ અને બીજા ઘણા રોગોમાં કયો સમતોલ આહાર (Nutritious Food) લેવો, એ વિશે સલાહ આપે છે.

★ આટલા વર્ષોની પ્રેક્ટીસ દરમિયાન ૫,૦૦૦થી વધુ દર્દીઓને સારવાર આપી છે.

★ પ્રખ્યાત ડાયાબિટીસ એજ્યુકેટર તરીકે એમણે રેડિયો ઉપર "Role of Diet in Type 1 Diabetese & Type 2 Diabetes" વિશે માર્ગદર્શન આપેલ છે.

★ કોરોનાકાળ દરમિયાન તેમણે ટી.વી. ઉપર "Role of Diet in Covid-19" વિશે માહિતી આપેલ છે.

★ Juvenile Diabetes Foundation – રાજકોટ, ભાવનગર અને અમદાવાદ ખાતે તેઓ વારંવાર લેક્ચર

આપતા રહે છે.

★ આ ઉપરાંત IRF – Indian Renal Foundation માં પણ તેમણે "Role of diet in Kidney disease" વિશે લેક્ચર્સ આપેલ છે.

★ આ સાથે તેમણે હમણા જ તેમના રસના વિષયનું જ્ઞાન વધારે લોકો સુધી પહોંચી શકે એના માટે ૨ બુક્સ લખી છે : (1) Healthy, Quick & Easy Smoothies (1st Edition), Healthy, Quick & Easy Smoothies (2nd Edition), (2) Soup, Sprouts & Salad.

**પ્રશ્નો :**

૧. ***હોમિયોપેથી દવા હઠીલા રોગોમાં જ લઈ શકાય? લાંબા સમય સુધી લેવાથી એની આડઅસર થાય?***

હોમિયોપેથીક દવા એકદમ નિર્દોષ હોય છે. લાંબા સમય સુધી લેવાથી આડઅસર થતી નથી. તે રોગપ્રતિકારક શક્તિ વધારે છે. જેથી ભવિષ્યમાં થતા રોગો સામે રક્ષણ આપે છે. દર્દીના લક્ષણો જોઈને એને બંધબેસતી દવા આપવામાં આવે તો તે Acute conditions જેમકે શરદી, તાવ, ઝાડા વગેરેમાં પણ સારું પરિણામ આપે છે.

૨. ***મારું વજન ૧૧૦ કિલોગ્રામ છે. એકવાર ડાયેટથી વજન ઉતાર્યા પછી એ બમણા વેગે વધે, એ સાચી વાત છે?***

ના. પદ્ધતિસર અને સચોટ માર્ગદર્શન દ્વારા ઉતાર્યું હોય તો વજન વધતું નથી. એની સાથે આપણે વધુ વજનની સાથે જોડાયેલા બીજા પ્રશ્નો જેવા કે Pre-diabetese, Blood pressure, High Cholesterol – એમાં પણ કન્ટ્રોલ કરી શકીએ છીએ. કેટલાક કિસ્સાઓમાં તો દવાનો ડોઝ પણ ઘટાડી શકાય છે.

૩. ***મને પહેલીવાર ડાયાબિટીસ આવ્યો છે. મારું HbA1C ૭.૬ આવ્યું છે. શું ડાયેટથી મારી દવાના ડોઝ ઘટી શકે?***

પહેલીવાર HbA1C ૭.૬ આવ્યું હોય ત્યારે ૩ મહિના ડાયેટ અને કસરત કરવાથી જ આ રીડિંગ ઘણું ઓછું આવી જશે. ■

## NanoNine® શબ્દ રમત-૨૦૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પા | ય | લા | ગ | ણ | | શ | રા | ફ | | ગા | ઉ |
| | મ | લ | મ | | અ | રા | જ | ક | | | ના |
| દા | | ચો | | ત | લ | બ | | રો | ગ | ચા | ળો |
| વ | રા | ળ | | ર | મા | | સૂ | | મ | મ | |
| ત | જ | | શ | બ | રી | | ર | વ | | ડી | ન |
| | ન | જા | ક | ત | | મો | જ | ડી | | | ર |
| સં | ગ | મ | | ર | જ | ત | | લ | પ | ડા | ક |
| પ | ર | ગ | જુ | | મ્મ | | કાં | | રિ | | |
| તિ | | રી | મ | | ટી | | પ | ર | મ | પ | દ |
| | હા | | લો | | પ | દ | | જ | લ | | હીં |
| ર | જ | ત | | ફ | | ર | સિ | ક | | ના | વ |
| સ | ર | લ | | ના | ર | દ | | ણ | | ક | ડું |

*જૂન-૨૦૨૪ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૦૭ના*
*બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. દમયંતી દંડ – અમદાવાદ
૩. ચંદ્રા શાહ – અમદાવાદ
૪. સ્મિતા શાહ – અમદાવાદ
૫. સ્વાતિ ગાલા – અમદાવાદ
૬. ઝરણા પારેખ – અમદાવાદ
૭. યેશા મહેતા – અમદાવાદ
૮. મુકેશ શાહ – અમદાવાદ
૯. અલકા વોરા – અમદાવાદ
૧૦. મૈત્રી વોરા – અમદાવાદ
૧૧. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૨. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૩. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૧૪. મીના ખરીદીયા – અમદાવાદ
૧૫. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૬. કિંજલ શેઠ – અમદાવાદ
૧૭. કામિની શેઠ – અમદાવાદ
૧૮. નીતા મહેતા – અમદાવાદ
૧૯. ભૂપેન્દ્ર બાબરીયા – બોપલ, અમદાવાદ
૨૦. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૨૧. હસમુખ દેઢિયા – અડાલજ, અમદાવાદ
૨૨. ફાલ્ગુની ડુંગાણી – આદિપુર, કચ્છ
૨૩. કંચનબેન મોરબીયા – ભુજ, કચ્છ
૨૪. હંસકુમાર છેડા – મુંબઈ
૨૫. શાંતિલાલ લાલકા – હુબલી
૨૬. સરોજ ચંદુરા – સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** : સ્વાતિ ગાલા – અમદાવાદ

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### હાઈકોર્ટના આદેશ સામે સરકાર ઘૂંટણિયે

***અદાણી પાસેથી ૧૦૦ હેક્ટર જેટલી જમીન લઈ મુંદ્રાના નવીનાળ વાસીને આપવા સરકારનો ઠરાવ ★ મોદીના સમયમાં જમીન મુંદ્રા એસ.ઈ.ઝેડ.ને ફાળવાઈ હતી***

૨૦૧૧માં ગુજરાત હાઈકોર્ટમાં કચ્છના મુંદ્રા તાલુકાના નવીનાળ ગામના ૧૨ જેટલા અરજદારોએ જાહેર હિતની અરજી કરી હતી. ગૌચર માટે ૨૦૦થી ૩૦૦ એકરની જમીનની જરૂર હતી ત્યારે ફક્ત ૪૦ એકર જમીન જ ગ્રામજનો પાસે હતી. ત્યારે સરકારે ૨૦૧૩માં ૧૩૩૧ એકર આપવા નક્કી કરેલ. *(તા. ૪-૭-૨૦૨૪)*

### સુરત ડાયમંડ બુર્સમાં ૨૫૦ ઓફિસ શરૂ

***રાજ્યસભાના સાંસદ ગોવિંદ ધોળકિયાએ કહ્યું : સુરત સાથે વર્ષોથી અન્યાય થયો. ૩૦૦ના બદલે માત્ર ૩૦ જ ફ્લાઈટ***

ગુજરાતનો અને સુરત શહેરનો સૌથી મોટો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ પૈકીનો એક સુરત ડાયમંડ બુર્સ છે. તાજેતરમાં અષાઢી બીજના દિવસે ફરી એક વખત ૨૫૦ જેટલી ઓફિસો શરૂ કરવામાં આવી છે. ડાયમંડ ઉદ્યોગ માટે ખૂબ જ મહત્ત્વનો દિવસ માની શકાય. વારંવાર પ્રયાસ કરવા છતાં પણ ડાયમંડ બુર્સ શરૂ નહોતો થઈ શક્યો. *(તા. ૭-૭-૨૦૨૪)*

### અમદાવાદના પીરાણામાં પહેલા દરગાહ બની કે મંદિર?

***સતપંથે કહ્યું ૫૦૦ વર્ષથી થાય છે પૂજા. મુસ્લિમ ટ્રસ્ટી બોલ્યા : ૨૦૨૧માં જ ફેરફાર આવ્યો.***

અમદાવાદમાં આવેલું એક એવું ધાર્મિક સ્થળ જ્યાં બે કોમના લોકો પોતપોતાની માલિકીના દાવા કરી રહ્યા છે. એક પક્ષ કહે છે, અહિંયા વર્ષોથી દરગાહ છે. બીજો પક્ષ કહે છે, આ જગ્યા પર ૫૫૦ વર્ષથી પૂજાપાઠ થાય છે. એટલું જ નહીં, અહિંયા બેડી પહેરીને ત્રણ ડગલા ચાલવાની પરંપરા પણ છે. *(તા. ૨૮-૬-૨૦૨૪)*

### જગન્નાથ રથયાત્રાનો બીજો દિવસ

***સુભદ્રાજીનો રથ આગળ વધ્યો. હવે બલભદ્ર અને જગન્નાથજીનો રથ આગળ વધશે.***

આ વર્ષે ૫૩ વર્ષ બાદ પૂરીની રથયાત્રા બે દિવસની છે. યાત્રાના બીજા દિવસે ૮ જુલાઈને સોમવારે મંગળા આરતી અને ભોગ પછી સવારે ૯ કલાકે યાત્રા ફરી શરૂ થશે. ગઈકાલે યાત્રાનો પહેલો દિવસ હતો. સાંજે ૫ વાગ્યા બાદ શરૂ થયેલી રથયાત્રાને સૂર્યાસ્ત સાથે જ રોકી લેવાય છે. *(તા. ૭-૭-૨૦૨૪)*

### ભારત ૨૦૩૧ સુધીમાં વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની શકે

RBIના ડેપ્યુટી ગવર્નરે કહ્યું : ૨૦૬૦ સુધીમાં ભારત સૌથી મોટી અર્થવ્યવસ્થા પણ બનવાની ક્ષમતા છે. *(તા. ૧૪-૭-૨૦૨૪)*

### ગુજરાતમાં ૪૮ કલાકમાં ૫૬ની આત્મહત્યા

***દર કલાકે એક વ્યક્તિએ જિંદગી ટૂંકાવી. લગનના ત્રીજા દિવસે મોં પર ટેપ બાંધી યુવતીની મોતની છલાંગ. વેપારી પરિવારનો સામૂહિક આપઘાત.***

૨૧મી સદીમાં સુવિધાઓ ખૂબ વધી છે પણ સામે પડકારો પણ એટલા જ ઉભા થયા છે. ખાસ કરીને આર્થિક અને સામાજિક સમસ્યાઓ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. તેમાં પણ યુવાઓ સામે સૌથી વધુ બેરોજગારીની સમસ્યા મોં ફાડીને ઉભી છે. જેને પગલે છેલ્લા થોડા સમયથી આત્મહત્યાનું પ્રમાણ વધી ગયેલ છે. *(તા. ૧૨-૭-૨૦૨૪)*

### સુરતના દિવ્યાંગે મોઢા - પગથી ૨૦૦૦ પેઇન્ટીંગ બનાવ્યા

***PM મોદી પણ અચંબિત થયેલા... વિદેશમાં લાઇવ કોન્સર્ટ કરે છે.***

સુરતના દિવ્યાંગ મનોજ ભીંગારેએ સાબિત કર્યું છે કે, વ્યક્તિનું નસીબ હાથથી નહીં પણ મનોબળ, મહેનત અને સમર્પણ દ્વારા લખવામાં આવે છે. બંને હાથ ન હોવા છતાં મનોજ

સંપૂર્ણ છે. તેમણે માઉથ પેઇન્ટીંગ દ્વારા રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ઘણા એવોર્ડ જીત્યા છે. *(તા. ૧૫-૭-૨૦૨૪)*

## સુધા મૂર્તિએ ૩૦ વર્ષ પછી સાડી ખરીદી

***વિશ્વમાં મિનિમલિઝમનું ચલણ વધ્યું. ઓછા સામાનમાં સારું જીવન, મિનિમલિસ્ટ કેવી રીતે બનવું***

રાજ્યસભાના સાંસદ અને લેખિકા સુધા મૂર્તિ, જેઓ બે દાયકાથી વધુ સમયથી '૧૦૦% નો શોપિંગ પોલીસી' (100% No Shopping Policy) નું પાલન કરે છે, તેમણે ૩૦ વર્ષે પોતાના માટે સાડી ખરીદી છે. તમને આ જાણીને નવાઈ લાગશે. *(તા. ૧૫-૭-૨૦૨૪)*

## સિંહણ અને બે બાળસિંહના શંકાસ્પદ મોત

***કાલિન્દ્રી નજીકથી કોહવાયેલા મૃતદેહ મળ્યા. રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ૫૦૦થી વધુ સિંહના મોત.***

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતની શાન ગણાતા સિંહોના કુદરતી અને અકુદરતી મોતના બનાવો સામે આવતા રહે છે. ત્યારે જૂનાગઢ જિલ્લાના માળિયાહાટીના નજીક કાલિન્દ્રી નદી પાસેથી બે સિંહબાળ અને એક સિંહણનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળતાં વન વિભાગની ટીમો દોડતી થઈ છે. *(તા. ૧૭-૭-૨૦૨૪)*

## જગન્નાથ મંદિરનો રત્ન ભંડાર ૪ દિવસમાં ફરી ખૂલ્યો

***અત્યાર સુધીમાં ખજાનાના ૬ બોક્સ નીકળ્યા***

ઓડિશાના પુરીમાં સ્થિત જગન્નાથ મંદિરનો રત્ન ભંડાર (તિજોરી) ૧૮ જુલાઈ ગુરૂવારના રોજ ફરી એકવાર ખોલવામાં આવ્યો છે. આ સમય દરમિયાન આંતરિક રત્ન ભંડારમાં હાજર જ્વેલરી અને કિંમતી વસ્તુઓને કામચલાઉ સ્ટ્રોંગ રૂમમાં શિફ્ટ કરવામાં આવ્યા. *(તા. ૧૭-૭-૨૦૨૪)*

## યોગી સરકાર બનાવવા જઇ રહી છે વર્લ્ડ રેકોર્ડ : એક દિવસમાં ૩૬.૫ કરોડ રોપા

***૨૦ જુલાઈ, શનિવારે રાજ્યમાં ૩૬.૫ કરોડ રોપાઓ વાવવાની યોજના છે.***

જો આ યોજના સફળ થશે તો અત્યાર સુધી એક જ દિવસમાં સૌથી વધુ વૃક્ષો વાવવાનો વિશ્વ રેકોર્ડ બની જશે. હાલમાં, એક દિવસમાં સૌથી વધુ રોપાઓ વાવવાનો વિશ્વ રેકોર્ડ મધ્યપ્રદેશના નામે છે, જેણે આ મહિનાની ૧૪ તારીખે ઇંદોરમાં એક જ દિવસમાં ૧૨ લાખ રોપાઓ વાવવાની સિદ્ધિ સફળતાપૂર્વક હાંસલ કરી છે. મધ્યપ્રદેશ પહેલા આ વર્લ્ડ રેકોર્ડ આસામના નામે હતો. આસામે ૯.૨૬ લાખ રોપા વાવીને આ સિદ્ધિ મેળવી હતી. *(તા. ૧૮-૭-૨૦૨૪)*

# વિદેશના સમાચાર

## વોરન બફેટે તેમની વસિયતમાં બદલાવ કર્યો

***તેમના મૃત્યુ પછી બિલ ગેટ્સ ફાઉન્ડેશનને દાન નહીં મળે. બાળકો એક ટ્રસ્ટ બનાવશે.***

પીઢ અમેરિકન રોકાણકાર વોરન બફેટે પોતાની વસિયતમાં ફેરફાર કર્યા છે. હવે તેમના મૃત્યુ બાદ બિલ એન્ડ મેલીન્ડા ગેટ્સ ફાઉન્ડેશનને મળતું દાન બંધ થઈ જશે. તેના બદલે તેની સંપત્તિ તેના ત્રણ બાળકોની દેખરેખ હેઠળ ચેરિટેબલ ટ્રસ્ટને આપવામાં આવશે. *(તા. ૩૦-૬-૨૦૨૪)*

## સીંગાપોરના ધર્મગુરૂને સાડા દસ વર્ષની જેલ

***ભક્તો સાથે ૪૩ કરોડની છેતરપિંડી કરી. આદેશ ન માનતા દાંત કાઢી નાખ્યા, કાતરથી માર્યા.***

સીંગાપોરમાં ૫૪ વર્ષીય ધાર્મિક નેતા વુ મે હો ને સાડા દસ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે તેમને તેમના ભક્તોને છેતરવા અને તેમને ઇજા પહોંચાડવા સહિત ૫ આરોપોમાં દોષિત ઠેરવ્યા છે. વુ મે હો પર આરોપ છે કે તેમણે તેમના ભક્તોનું બ્રેઇનવોશ કર્યું હતું. *(તા. ૩૦-૬-૨૦૨૪)*

## સુનક... : હાર સ્વીકારી પાર્ટીને કહ્યું I am Sorry

***મારે હજુ ઘણું શીખવું પડશે. લેબર પાર્ટીની સીટ ૩૫૦ને પાર. સ્ટારમર બનશે આગામી વડાપ્રધાન.***

બ્રિટનમાં ૧૪ વર્ષ બાદ લેબર પાર્ટી ફરી સત્તા પર આવી છે. ૫ જુલાઈ (શુક્રવાર)ના રોજ જાહેર થયેલા પરિણામોમાં પાર્ટીએ બહુમતનો આંકડો પાર કરી લીધો છે. અત્યાર સુધીમાં તેને ૬૫૦માંથી ૩૯૨ બેઠકો મળી છે. બ્રિટનમાં સરકાર બનાવવા માટે ૩૨૬ બેઠકો જોઈએ. *(તા. ૫-૭-૨૦૨૪)*

## ફ્રાંસમાં ડાબેરી પાર્ટીને સૌથી વધુ સીટ

ફ્રાંસના ચૂંટણી પરિણામોમાં કોઈ પણ પક્ષને બહુમતી મળી નથી. ફ્રાંસના ઇતિહાસમાં ૬૬ વર્ષ પછી આવી સ્થિતિ સર્જાઈ છે. પરિણામ પછી પેરીસ સહિત ૧૦ શહેરમાં રમખાણો ફાટી

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૯ ઉપર)

# જ્ઞાન – વિજ્ઞાન

• સંકલન : રસીક ખીમજી મહેતા •

## વિશ્વના સૌથી મજબૂત સેફ ડિપોઝીટ વોલ્ટ

**(૧) ફોર્ટ નોક્સ :** અમેરિકાના લૂઈસવિલે ખાતે આવેલા સેનાના કેમ્પમાં અમેરિકાનું સમગ્ર સોનું સાચવવા માટે અતિ મજબૂત તિજોરી વિશ્વની સૌથી સલામત તિજોરી મનાય છે. ૭૫૦ ટન વજનની સ્ટીલની દીવાલોમાં તેનું બારણું ૨૨ ટન વજનનું છે. ભૂલ ભૂલામણી જેવા કોમ્બિનેશનવાળા ઉપરાંત સેનાના સશસ્ત્ર જવાનો તેનું રક્ષણ કરે છે. આ તિજોરીમાં ટનબંધ સોનું સચવાય છે.

**(૨) સ્વાલબાર્ડ ગ્લોબલ સીડ વોલ્ટ :** સ્પીટ બર્જનના ટાપુ પર આવેલી સ્વાલબાર્ડની વોલ્ટ પણ અતિ મજબૂત અને વિશાળ છે. આ વોલ્ટમાં વિશ્વભરના દેશોના વિવિધ અનાજ, કઠોળ વગેરેના બીયારણ સચવાયેલા છે. ઉત્તર ધ્રુવના બર્ફિલા પ્રદેશમાં આવેલી આ વોલ્ટ જમીનમાં ઊંડે હોવા છતાંય દરિયાની સપાટીથી ઊંચી છે. તેના પર અણુ હુમલો થઈ શકે નહીં અને હવામાનની અસર પણ થઈ શકે નહીં તેવી મજબૂત છે. તેમાં ૫૦૦૦ જેટલા બીયારણ સચવાયેલા છે. કોઈ પણ દેશ પોતાનું નષ્ટપ્રાય વનસ્પતિનું બીજ તેમાં સાચવવા માટે મૂકી શકે છે.

## ફટાકડા અને આતશબાજીમાં વિજ્ઞાન

ફટાકડાના ધૂમધડાકા અને રંગબેરંગી આતશબાજી, એ દિવાળીના ઉત્સવનું મુખ્ય આકર્ષણ છે. ફટાકડા અને આતશબાજીનો આનંદ અને રોમાંચ સૌ કોઈ માણે. બજારમાં જાતજાતના અને ભાતભાતના દારૂખાના જોવા મળે છે. બોમ્બ, તારામંડળ, કોઠી, જલેબી અને જાતજાતના રોકેટ મળે છે. દારૂખાનામાં વપરાતા મોટાભાગના પદાર્થો જ્વલનશીલ અને હળવા વિસ્ફોટકો હોય છે. નાના મોટા બોક્સ અને ફટાકડા મોટેભાગે કાગળ કે સુતળીના દડામાં ઠાંસી ઠાંસીને ભરેલા સૂરોખાર, કોલસાની ભૂકી અને ગંધક વડે તૈયાર થાય છે.

આકાશમાં જઈ ફૂટે અને રંગબેરંગી તારાઓ વિખરાય તેવા રોકેટનું વિજ્ઞાન જુદું છે. રોકેટ પુંઠાથી ભરેલી ભૂંગળી છે. તેની ટોચ શંકુ આકારની હોય છે. તળીયે છિદ્ર અને દીવેટ હોય છે. તેને સળગાવતા જ અંદર રહેલો વિસ્ફોટક પદાર્થ સળગે અને ગરમ થાય. ગરમ હવા તળીયાના છિદ્રની બહાર વછૂટે એટલે રોકેટને ધક્કો લાગે. તે સીધી લીટીમાં ગતિમાન થાય. રોકેટ જમીન પર કાટખૂણે રાખીને સળગાવવામાં આવે છે. એટલે તે ઉપરની તરફ ગતિ કરે છે અને આકાશમાં પહોંચે ત્યારે તેની ટોચમાં ભરેલો વિસ્ફોટક પદાર્થ સળગીને વિસ્ફોટ કરે છે.

રોકેટમાં વિવિધ ધાતુઓની કણીઓ ભરેલી હોય છે. વિવિધ ધાતુઓ ગરમ થાય ત્યારે જુદા જુદા રંગ ધારણ કરે છે. લોખંડ ઘસાવાથી પેદા થતા પીળા તણખા આપણે જોઈએ છીએ. એ જ રીતે લીથિયમ કાર્બોનેટ ગરમ થાય ત્યારે લાલ તણખા ઝરે છે. કેલ્શિયમ ક્લોરાઈડના ભૂરા એલ્યુમિનિયમ અને મેગ્નેશિયમના સૌથી તેજસ્વી તણખા બને છે. જસતનો પાવડર સળગવાથી રંગીન ધૂમાડા પેદા થાય છે. આ બધી કમાલનો યુક્તિપૂર્વક ઉપયોગ કરી રોકેટ, જલેબી કે ભોંય ચકરી, કોઠી, તારામંડળ વગેરે પ્રકારના દારૂખાના બને છે.

## આકર્ષક અને કિંમતી ધાતુ : સોનું

તેજસ્વી પીળા રંગનું સોનું માણસ માટે પ્રાચીનકાળથી આકર્ષણનું કેન્દ્ર છે. જમીનમાંથી ખાણ ખોદીને સોનું મેળવવાની પદ્ધતિ ઈ.સ. પૂર્વે ૩૫૦૦માં શરૂ થયેલી. વિશ્વની પ્રાચીન સંસ્કૃતિ – એ ઈજિપ્ત, સિંધુ, મેસોપોટેમિયા અને સુમેરિયનમાં આકર્ષક ઘરેણાં બનાવવા માટે સોનાનો ઉપયોગ થતો હતો. ભૌતિક ગુણવત્તા અને આકર્ષક રંગના કારણે સોનું આકર્ષક બન્યું છે. તે મહામૂલી સંપત્તિ ગણાય છે. સોના માટે ઈતિહાસમાં ઘણા યુધ્ધો પણ થયા છે. આજે પણ સોનું એટલું જ આકર્ષક અને કિંમતી છે.

વિશ્વમાં સૌથી વધુ સોનાનું ઉત્પાદન દક્ષિણ આફ્રિકામાં થાય છે. દક્ષિણ આફ્રિકાના પ્રિકેમ્બિયન વિટવોટર સ્ટ્રાન્ડ ખાતે સેંકડો કિલોમીટર વિસ્તારમાં ત્રણથી ચાર કિલોમીટરની ઊંડાઈ સુધી ખનીજ રૂપે પુષ્કળ સોનું મળે છે. સોનાના જથ્થાનો ૬૫ ટકા ભાગ ઘરેણા બનાવવામાં વપરાય છે. બાકીનું સોનું ઈલેક્ટ્રોનિક અને સીરામિક ઉદ્યોગોમાં વપરાય છે.

સોનું ગરમી અને વીજળીનું ઉત્તમ વાહક છે. તેને કાટ લાગતો નથી. તેને ટીપીને સૌથી પાતળા પડ બનાવી શકાય છે. કોઈપણ ધાતુ કરતાં સોનાના પાતળા તાર બનાવી શકાય છે. એટલે ઈલેક્ટ્રોનિક સાધનોની સર્કિટ બનાવવા ઉપયોગી

છે. સોનાનો એક જ દુર્ગુણ તે અતિ નરમ હોવાનો છે. ઉદ્યોગોમાં સોના સાથે અન્ય ધાતુ મેળવીને ઉપયોગ કરાય છે. સોનાને કેરેટથી મપાય છે. ૨૪ કેરેટ એટલે સંપૂર્ણ સોનું, ૧૮ કેરેટ એટલે ૧૮ કેરેટ સોનું અને ૬ ભાગ અન્ય ધાતુનું મિશ્રણ.

ખાણમાંથી સોનું મોટાભાગે શુદ્ધ સ્વરૂપે મળે છે. તેના બે પ્રકાર છે : લીડ અને પ્રેશર. લીડ પ્રકારમાં ખાણમાં સોનું પથ્થર કે સીલિકોનના ખડક સાથે મળી આવે છે. પ્રેશર પ્રકારમાં ખાણમાં મોટેભાગે સોનાની રજકણો અને ટુકડા મળી આવે છે. લીડ પ્રકારના ખડકોમાં પાણીના ઘસારાથી ધોવાઈને પ્રેશર પ્રકારનો જથ્થો બને છે. આ પ્રક્રિયા થતાં હજારો વર્ષ લાગે છે. ખાણમાંથી કાચા સ્વરૂપે નીકળેલા સોનાના જથ્થાને ચાળીને, દળીને, રાસાયણિક પ્રક્રિયાઓ કરી તે શુદ્ધ કરવામાં આવે છે. આ પ્રક્રિયા ઘણી લાંબી અને ખર્ચાળ પણ છે.

## પૃથ્વી ઉપર માણસ કેવી રીતે આવ્યો?

પૃથ્વી પર ડાયનોસોરનો નાશ થયા બાદ નાના સસ્તન પ્રાણીઓનું વર્ચસ્વ વધ્યું. તે સમયના પ્રાણીઓ માંસાહારી અને ચાર પગે ચાલનારા હતા. યુરેશિયામાં વિરાટ કદના હાથી અને આફ્રિકન વિસ્તારમાં વાનરો બન્યા. માણસની ઉત્પત્તિ વાનરમાંથી થઈ હતી તે સર્વ સ્વીકૃત સિદ્ધાંત છે. પૃથ્વી પર જળવાયુ પરિવર્તનથી વાનરો ઝાડ ઉપરથી જમીન પર વસવા લાગ્યા અને પર્યાવરણને અનુકૂળ થવા લાગ્યા.

પૃથ્વી પરના વાતાવરણને અનુકૂળ થવા માટે તેમના શરીરમાં ફેરફાર થવા લાગ્યા. આ ફેરફાર ચહેરા અને માથામાં થયા. ચહેરા ચપટા થયા. દાંતની શ્રેણી બની. તેથી ખોરાકની પસંદગી કરવા લાગ્યા. **કેટલાક વાનરો બે પગે ચાલતા થયા અને હાથનો ઉપયોગ કરવા લાગ્યા. તેમના મગજ શક્તિશાળી બનતા ગયા. તેઓ ગુફામાં રહેતા થયા અને ખોરાક શોધવા, શરીરનું રક્ષણ કરવાના ઉપાયો કરવા લાગ્યા. આ પ્રથમ માનવ હોમો હેબીલસ કહેવાય છે.** ત્યારબાદ હોમો ઈરેક્ટસ, નિઅનડર્થલ બન્યા. આજનો માણસ હોમોસેપિયન્સનો વંશજ છે. આરંભકાળનો માણસ માંસાહારી હતો. શરીરને ચામડાથી ઢાંકતો. કાળક્રમે બુદ્ધિનો વિકાસ થયો અને તે સામાજિક બનવા લાગ્યો. લગભગ ૧૦ હજાર વર્ષ પહેલા પૃથ્વી પર વિવિધ સંસ્કૃતિઓનો વિકાસ થયો. સંસ્કૃતિની શરૂઆત માનવ જીવન માટે ક્રાંતિકારી હતી. માણસ ખેતી કરતાં શીખ્યો અને ત્યારબાદ વિકાસની વાત જાણીતી છે.

## એશિયા ખંડ વિશે આટલું જાણો

- એશિયા પૃથ્વી પરનો સૌથી મોટો, સૌથી વધુ વસતિ ધરાવતો ખંડ છે. તે પૃથ્વીના જમીન વિસ્તારનો ૩૦ ટકા ભાગ રોકે છે.
- વિશ્વના મોટાભાગના ધર્મોનું મૂળ એશિયામાં છે. જેમ કે હિંદુ, ઈસ્લામ, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ, જરથોસ્ત, યહુદી, શીખ વગેરે.
- જંગલી વાઘ માત્ર એશિયામાં જ જોવા મળે છે. આફ્રિકામાં પણ નહીં.
- પાલતુ બિલાડીની જાત એશિયામાં ઈ.સ. પૂર્વે ૮૦૦માં પેદા થઈ હતી.
- એશિયા ખંડમાં ૪૮ દેશો છે. જેમાં સૌથી નાનો દેશ માલદીવ્સ છે.
- વિશ્વના સૌથી વધુ વસતિ ધરાવતા મોટા ૧૦ શહેરોમાંથી ૭ શહેરો એશિયામાં છે.
- વિશ્વનું સૌથી ઊંચું શિખર માઉન્ટ એવરેસ્ટ અને સૌથી નીચું સ્થળ ડેડ સી એશિયામાં છે.
- વિશ્વના સૌથી ઊંચા ૧૦ બિલ્ડિંગોમાંથી ૯ એશિયામાં છે.
- વિશ્વમાં પ્રથમ ખેતી અને વેપાર એશિયામાં શરૂ થયેલા.
- વિશ્વનું સૌથી મોટું મંદિર અંગકોરવાટ એશિયામાં છે.

## ખૂબ જરૂરી ગુણ : સહિષ્ણુતા

જો સાંસારીક જીવન – ખાસ કરીને કૌટુંબિક જીવન શાંત અને સ્વર્ગીય બનાવવું હોય તો ડગલે ને પગલે સહન કરતાં શીખી જવું પડશે.

જે સહન કરે છે, સદા સહે છે અને જે મૂંગો રહે છે – પ્રતિકાર કરતો જ નથી એ દુ:ખી થતો નથી.

એને તો એનાં બહુ મોટા અને ખૂબ મીઠા ફળો આરોગવા મળે છે.

હા... તે માટે ધીરજ ધરવી પડે ખરી.

પરીક્ષા પણ થાય ખરી.

સહવાથી સાહુ (સાધુ) બનાય,<br>
મૂંગા રહેવાથી મુનિ બનાય.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) – અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ૭૮મો સ્વાતંત્ર્ય દિન – ધ્વજ વંદન કાર્યક્રમ

### જાહેર આમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવા જઈ રહ્યો છે. તે નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પટાંગણમાં તા. ૧૫-૦૮-૨૦૨૪ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ધ્વજવંદન કરવામાં આવનાર છે.

*આથી સમાજના દરેક સભ્ય પરિવારને ઉપરોક્ત કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## સંસ્થા વિભાગ

**સોમવાર, તા. ૨૪-૬-૨૦૨૪**

- આજ રોજ કેન્ટીન સમિતિની મીટિંગ મળેલ હતી અને તેમાં શાહીબાગ કેન્ટીનનો કોન્ટ્રાક્ટ તા. ૩૧-૩-૨૦૨૫ સુધી રીન્યુ કરવામાં આવ્યો હતો.

**મંગળવાર, તા. ૨૫-૦૬-૨૦૨૪**

- અઆજ રોજ શૈક્ષણિક લોન (સહાય) સમિતિની મીટિંગ મળેલ હતી. તેમાં વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે સહાય ફાળવવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

**શુક્રવાર, તા. ૨૮-૬-૨૦૨૪**

- આજ રોજ ભવન સમિતિની મીટિંગ મળેલ હતી. તેમાં નીચે પ્રમાણેના નિર્ણયો લેવામાં આવ્યા હતા.
  (૧) શાહીબાગ ભવન ખાતે નવી લીફ્ટ લેવા અંગે, ફાયર સેફ્ટી માટે બીજી સીડી લગાવવા અંગે, પહેલા માળના અને ગ્રાઉન્ડ ફ્લોરના ટોઈલેટ રીપેર કરવા અંગે તથા બીજા અને ત્રીજા માળે કલરકામ કરવા અંગે.
  (૨) પાલડી ભવન ખાતે કેન્ટીન અને અન્ય રૂમોના પાણીના લીકેજ બંધ કરવા અંગે. પહેલા માળના સાંસ્કૃતિક હોલના એ.સી. બદલવા અંગે, તથા બીજા ત્રીજા અને ચોથા માળના જે જે કોલાઓ ખાલી પડેલા છે તેનો સ્ટોર તરીકે ઉપયોગ કરવા માટે વિવિધ કબાટો બનાવવા અંગે.
  (૩) એસ.ટી. ભવન ખાતે ડાયાલિસિસ સેન્ટરના દરવાજાની સેફ્ટી માટે આગળ કોલેપ્સ ગ્રીલ બનાવવા અંગે.

**રવિવાર, તા. ૩૦-૬-૨૦૨૪**

- આજ રોજ ટ્રસ્ટ મંડળની મીટિંગ મળેલ હતી. તેમાં ૧૭ વ્યક્તિઓ હાજર હતા. આ મીટિંગમાં વિવિધ વિષયો પર છણાવટ કરીને નિર્ણયો લેવામાં આવ્યા હતા.

**સોમવાર, તા. ૧-૭-૨૦૨૪**

- આજ રોજ સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રીઓ અને કારોબારી મેમ્બરોએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત ''નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર''ની મુલાકાત લીધી હતી.
  આ મેડિકલ સેન્ટરની શુભ શરૂઆત નિમિત્તે તા. ૧-૭-૨૦૨૪થી તા. ૧૩-૭-૨૦૨૪ સુધી તમામ ડૉક્ટરોના કન્સલ્ટેશન તદ્દન ફ્રી કરી આપવા નિર્ણય લેવાયેલ હતો.
- આજ રોજ શ્રી અનિલભાઈ સથવારા - કોન્ટ્રાક્ટરને પાલડી ભવન ખાતે કેન્ટીનના લીકેજ અંગેની કામગીરી સોંપવામાં આવેલ હતી.

**મંગળવાર, તા. ૨-૭-૨૦૨૪**

- આજ રોજ શ્રી રાજુભાઈ ફેબ્રિકેશનવાળા સાથે વાતચીત

કરીને શાહીબાગ અને એસ.ટી. ભવન ખાતે ગ્રીલની કામગીરી શરૂ કરવા અંગે સૂચના આપવામાં આવી હતી.

**બુધવાર, તા. ૩-૭-૨૦૨૪**

- આજ રોજ કાકા ફર્નીચર (યુપીવીસી)ના શ્રી મયુરભાઈ સાથે વાતચીત કરી પાલડી ભવન ખાતે સ્ટોરેજ અને કબાટ બનાવવા માટે ઓર્ડર આપવામાં આવેલ હતો.

**ગુરૂવાર, તા. ૪-૭-૨૦૨૪**

- આજ રોજ નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર ખાતેના મેડિકલ સેન્ટરના MOU માટે વકીલશ્રી સાથે વાતચીત કરીને MOU ફાઈનલ કરવામાં આવેલ હતા.

**શુક્રવાર, તા. ૫-૭-૨૦૨૪**

- આજ રોજ નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર માટે જે MOU વકીલશ્રી તરફથી મળેલ હતા તે MOU મકાન માલીક શ્રી ધનજીભાઈને મોકલવામાં આવેલ હતા. તેમણે સૂચવેલ ફેરફાર સાથે આજે નવા MOU તૈયાર કરાવવામાં આવેલ હતા.

**શનિવાર, તા. ૬-૭-૨૦૨૪**

- આજ રોજ નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર ખાતે સોનોગ્રાફીના મશીનને શરૂ કરવા માટે જરૂરી કાર્યવાહી AMC તરફથી ઝડપથી થાય તે માટે AMC ના અધિકારીને મળીને તા. ૮-૭-૨૦૨૪ના રોજ જશોદાનગર ખાતે ઈન્સ્પેક્શન ગોઠવવામાં આવેલ હતું.
- આજ રોજ નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર ખાતેના મેડિકલ સ્ટોર અંગે બનાવેલ MOU સહી સિક્કા કરીને ગાંધી એન્ડ કંપનીને સોંપવામાં આવેલ હતા.

**સોમવાર, તા. ૮-૭-૨૦૨૪**

- આજ રોજ નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર ખાતે AMC માંથી ઈન્સ્પેક્શન આવવાનું હોવાથી શ્રી કિશોરભાઈ ઠક્કર અને શ્રી રજનીકાંત પારેખે જશોદાનગરની મુલાકાત લીધેલ હતી. પરંતુ કામની વ્યસ્તતાના લીધે ઈન્સ્પેક્શન માટે AMC માંથી કોઈપણ વ્યક્તિ આવેલ ન હતી.

**મંગળવાર, તા. ૯-૭-૨૦૨૪**

- આજ રોજ વયસ્ક સમિતિના સભ્યોએ આગામી પિકનીક માટે સ્થળ તપાસણી માટે રાજકોટ નજીક પાઈલોટ ટુરનું આયોજન કર્યું હતું.

**બુધવાર, તા. ૧૭-૭-૨૦૨૪**

- આજ રોજ શ્રી વિમેશ શાહ, શ્રી નરેન્દ્ર કોઠારી અને શ્રી કે.ડી. શાહે ઓડિટ થઈને આવેલ ઓડિટેડ હિસાબો અંગે ચર્ચા કરી.

**ગુરૂવાર, તા. ૧૮-૭-૨૦૨૪**

- મુંબઈ અતિથિ ભવન અંગે ચર્ચા કરવાની એક મીટિંગ આજે સાંજે ૪ થી ૫ વાગ્યા સુધી પાલડી ખાતે રાખી હતી. જેમાં પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન શાહ અને શ્રી હસમુખ ગઢેચા ઉપસ્થિત હતા અને વિગતે ચર્ચા કરી હતી.

**શુક્રવાર, તા. ૧૯-૭-૨૦૨૪**

- આજ રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજના ઉપપ્રમુખ શ્રી હિરેન શાહ, સહમંત્રી શ્રી વિશાલ શાહ, અદાણી સ્કીલ ડેવલપમેન્ટની ટીમ અને શ્રી સંદીપ ગાલાની એક મીટિંગ નવા સ્કીલ ડેવલપમેન્ટના કોર્સીસ માટે નવનીત ફાઉન્ડેશનની પ્રહલાદનગર ઓફિસમાં મળેલ હતી.
- શ્રી વિમેશ શાહ, શ્રી દેવેન છેડા, શ્રી કે.ડી. શાહ તથા શ્રી નરેન્દ્ર કોઠારીએ હિસાબનીશ તરીકે નિયુક્ત થયેલ શ્રી કુણાલ પટેલને શ્રી કચ્છી જૈન સેવા સમાજના હિસાબો અંગે માહિતગાર કર્યા.

**શનિવાર, તા. ૨૦-૭-૨૦૨૪**

- આજ રોજ નવનીત ફાઉન્ડેશનના શ્રી સંદીપભાઈ ગાલા જશોદાનગર ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટરની મુલાકાતે આવેલ. શ્રી કચ્છી જૈન સેવા સમાજના શ્રી હિરેન શાહ, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી ગિરીશ દેઢિયા, શ્રી ચેતન ધરોડ વગેરેએ મેડિકલ સેન્ટરથી શ્રી સંદીપભાઈ ગાલાને વાકેફ કર્યા.
- આજ રોજ બોપલ ખાતે સવારે બોપલ અને ચાંગોદર મેડિકલ સેન્ટરના રીવ્યુ માટે એક મીટિંગ મળી હતી. જેમાં ડૉ. હિતેન્દ્ર શાહ, પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, ઉપપ્રમુખ શ્રી હિરેન શાહ, કન્વીનર શ્રી અશ્વિન સાવલા અને શ્રી મનીષ ગોસર સાથે ડૉ. રીધ્ધિ જોશી ઉપસ્થિત હતા અને પ્રોગ્રેસ રીપોર્ટ, નવા મશીનોની જરૂરિયાત વગેરે ઉપર ચર્ચા કરેલ હતી.

**રવિવાર, તા. ૨૧-૭-૨૦૨૪**

- આજ રોજ સવારે ૯ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ

મળેલ હતી. જેમાં કચ્છી જૈન સેવા સમાજના વાર્ષિક હિસાબ તથા વાર્ષિક સામાન્ય સભા અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવેલ હતા.

- આજ રોજ સવારે ૧૧ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ સંચાલિત ક્રેડિટ સોસાયટીની મીટિંગ મળેલ હતી.
- શ્રી અશ્વિન સાવલા, શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી કે.ડી. શાહ, શ્રી હિરેન શાહ તથા શ્રી વિશાલ શાહે શ્રી ચિરાગ ગાલા દ્વારા બનાવેલ ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીનનું નિદર્શન કર્યું.

**સોમવાર, તા. ૨૨-૭-૨૦૨૪**

- જશોદાનગરના નવા મેડિકલના Software eclinic works સાથે આજ રોજ એક મીટિંગ થઈ હતી. જેમાં ડાયાલિસિસ સેન્ટરને સોફ્ટવેરમાં આવરી લેવા અંગે ચર્ચા થઈ હતી. શ્રી દેવેન છેડા, શ્રી કે.ડી. શાહ, શ્રી વિમેશ શાહ, શ્રી વિશાલ શાહ, શ્રી હિરેન શાહ તથા શ્રી કૃષ્ણકાંત મોદીએ તે મીટિંગ એટેન્ડ કરી હતી.

## બોપલ મેડિકલ સેન્ટર

**સોમવાર, તા. ૧૦-૬-૨૦૨૪**

- એક્સ-રે મશીનના લીડ ગ્લાસને બદલવા માટેનું ક્વોટેશન ડૉ. હિતેન્દ્રભાઈને રજૂ કરેલ હતું અને તેનું એપ્રુવલ મેળવેલ હતું.

**મંગળવાર, તા. ૧૧-૬-૨૦૨૪**

- આજ રોજ ડેન્ટીસ્ટ, ઓર્થોપેડિક વગેરે વિવિધ વિભાગના ડૉક્ટર સાથે જશોદાનગર માટે ડૉ. હિતેન્દ્રભાઈએ મીટિંગ કરેલ હતી.

**ગુરૂવાર, તા. ૧૩-૬-૨૦૨૪**

- બોપલ મેડિકલ સેન્ટર ખાતે ડૉ. મિત પટેલ દ્વારા શ્રી ભરતકુમાર તારાચંદ શાહનું મોતિયાનું સફળ ઑપરેશન તા. ૨૫-૫-૨૦૨૪ના રોજ થયેલ હતું અને ત્યારબાદ તેમણે મેડિક્લેઇમની ફાઈલ મૂકેલ હતી. જેમાં તેમને રૂા. ૨૫,૦૦૦/- મળેલ હતા. તેઓ પોતે કચ્છી જૈન હોવાથી તથા બોપલ મેડિકલ સેન્ટરની કામગીરીથી ખુશ થઈને તેમણે રૂા. ૨૫,૦૦૦/-નો ચેક ડોનેશન પેટે ડૉ. રીધ્ધિ પાસે જમા કરાવેલ હતો.
- આજ રોજ જશોદાનગર મેડિકલ સેન્ટરની સ્ટેશનરી અંગે ડૉ. રીધ્ધિએ ડૉ. હિતેન્દ્રભાઈ શાહ અને શ્રી હિરેનભાઈ શાહની એપ્રુવલ લીધેલ હતી.

**શનિવાર, તા. ૧૫-૬-૨૦૨૪**

- આજ રોજ ડૉ. રીધ્ધિએ ચાંગોદર મેડિકલ સેન્ટરની મુલાકાત લીધેલ હતી કે જ્યાં શ્રી ગિરીશભાઈ પોલડિયા, તમામ સ્ટાફ અને ડૉ. કડિયાવાલાને મળીને ત્યાંની કામગીરી અંગે ચર્ચા કરેલ હતી.

**શનિવાર, તા. ૨૨-૬-૨૦૨૪**

- આજ રોજ ડૉ. રીધ્ધિએ પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે જઈને તમામ હાજર ડૉક્ટરને મળીને કામગીરી અંગે ચર્ચા કરેલ હતી.

  બુધવારે કોઈ ઑપ્થેલ્મોલોજિસ્ટ આવતા ન હોવાથી ડૉ. પ્રકૃતિ ખેતાન સાથે વાતચીત કરી તેની ઓ.પી.ડી. ગોઠવેલ હતી.

  ડૉ. કડિયાવાલાના સૂચન પ્રમાણે એક ઓ.પી.ડી.માં માઈનોર પ્રોસીજર કરી શકે તે અંગે ડૉ. રીધ્ધિએ નર્સિંગ સ્ટાફને જરૂરી સૂચન કરી ગોઠવણ કરી આપેલ હતી.

  ત્યાંના દરેક ઓ.પી.ડી. વિભાગના સ્ટાફને ઓ.પી.ડી.માં આવતા તમામ દર્દીને સમજણ આપવા અને રેકોર્ડ લખવા માટે સૂચન આપેલ હતું.

**સોમવાર, તા. ૨૪-૬-૨૦૨૪**

- આજ રોજથી ડૉ. ઉર્વિલ શાહ (ઓર્થોપેડિક) સર્જનની ઓ.પી.ડી. સોમવાર અને શુક્રવાર સવારે ૮.૦૦થી ૯.૩૦ દરમિયાન શરૂ કરેલ છે.

**ગુરૂવાર, તા. ૨૭-૬-૨૦૨૪**

- લેબોરેટરી માટે AMC અંગે ચર્ચા થયેલ હતી.

**શુક્રવાર, તા. ૨૮-૬-૨૦૨૪**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા આંખના બે સફળ ઓપરેશન થયેલ છે. ડૉ. પ્રકૃતિ ખેતાન દ્વારા આંખના બે ઓપરેશન થયેલ છે.

**શુક્રવાર, તા. ૨૮-૬-૨૦૨૪**

- આજ રોજ શ્રીમતી કિંજલ હર્ષિલ દફતરી દ્વારા બોપલ મેડિકલ સેન્ટર માટે રૂા. ૫,૦૦૦/-નું ડોનેશન મળેલ છે.

**શનિવાર, તા. ૨૯-૬-૨૦૨૪**

- આજ રોજ ડૉ. રીધ્ધિએ પરમકૃપા મેડિકલ સેન્ટરની મુલાકાત

લીધેલ હતી. જ્યાં ડૉ. પાર્થ પટેલ (જનરલ સર્જન) સાથે જરૂરી વાત કરીને સોમ-મંગળ-બુધ-ગુરૂ રોજ સાંજે ૫.૩૦થી ૭.૦૦ વાગ્યાની ઓ.પી.ડી. શરૂ કરાવેલ હતી. દરેક સ્ટાફ સાથે ચર્ચા કરીને જુદા જુદા વિભાગમાં આવતી ઈન્ક્વાયરી માટે લીસ્ટ બનાવવા માટે સૂચન આપેલ હતું. શ્રી પ્રતીકભાઈ વ્યાસ સાથે ચર્ચા કરી ડૉ. ધરાબેન (ગાયનેકોલોજિસ્ટ)નું PNDT રજિસ્ટ્રેશન કરવા માટે વાતચીત થયેલ હતી.

ડૉ. હિતેન્દ્રભાઈને વિગતવાર રીપોર્ટ આપવામાં આવેલ હતા.

**સોમવાર, તા. ૧-૭-૨૦૨૪**

- આજ રોજ જૂન-૨૦૨૪નો વિગતવાર રીપોર્ટ ડૉ. હિતેન્દ્રભાઈ શાહને રજૂ કરેલ હતો. જેમાં ટોટલ ૬૮૩૭ દર્દીઓએ બોપલ મેડિકલ સેન્ટરનો લાભ લીધેલ હતો. જેમાં ૨૧૩ હેલ્થ ચેક-અપ, ૨૩૯ ડાયાલિસિસ અને સોનોગ્રાફી થયેલ હતા.

**શુક્રવાર, તા. ૫-૭-૨૦૨૪**

- આજ રોજ ડૉ. દેવલ પંચોલી (ચાંગોદરના ઓર્થોપેડિક સર્જન) સાથે ડૉ. રીધ્ધિએ વાત કરી સોમથી શનિ રોજ સવારે ઓ.પી.ડી. શરૂ કરવા વાતચીત કરેલ હતી. જેમાં પહેલા અઠવાડિયામાં ત્રણ દિવસ ઓ.પી.ડી. માટે આવતા હતા.

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

### PRO શ્રી પ્રતીક વ્યાસ દ્વારા વિવિધ કંપનીઓની મુલાકાત

| | |
|---|---|
| તા. ૧૭-૬-૨૦૨૪ } | આજ રોજ ૪ કંપનીની મુલાકાત લઈ જે તે જવાબદાર વ્યક્તિને મળી, મેડિકલ સેન્ટરમાં થતી સારવારની માહિતી આપી તેમજ મેડિકલ સારવાર માટે પેશન્ટ મોકલવા વિનંતી કરી. |
| તા. ૨૦-૬-૨૦૨૪ | આજ રોજ ચાંગોદર ખાતેના બે નાના ઈન્ડ. એસ્ટેટમાં જઈને સેન્ટરમાં થતી સારવારની માહિતી આપી અને પેમ્ફલેટ આપ્યા. |
| તા. ૨૧-૬-૨૦૨૪ | આજ રોજ ૪ કંપનીઓની મુલાકાત લેવામાં આવી. |
| તા. ૨૨-૬-૨૦૨૪ | આજ રોજ ટાઈ-અપ કરેલ ૩ કંપનીઓની મુલાકાત લીધી અને પેશન્ટ બાબતે ચર્ચા કરી. |
| તા. ૨૫-૬-૨૦૨૪ | આજ રોજ મોરૈયા ખાતે સિલીકોન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની મુલાકાત લીધી અને નાના મોટા કારખાનામાં જઇને, મળીને સેન્ટરમાં થતી સારવારની માહિતી આપી અને પેમ્ફલેટ વિતરણ કર્યા. |
| તા. ૨/૩-૭-૨૦૨૪ | બે દિવસ દરમિયાન વિવિધ ૧૪ કંપનીઓને જૂન-૨૦૨૪ના મેડિકલ સેન્ટર અને ફાર્મસીના બીલ આપવાનું કામ પૂર્ણ કર્યું. |
| તા. ૪-૭-૨૦૨૪ | આજ રોજ ૧ કંપનીની મુલાકાત લીધી. |
| તા. ૫-૭-૨૦૨૪ | આજ રોજ ૧ કંપનીની મુલાકાત લીધી. |

**સોમવાર, તા. ૧૭-૬-૨૦૨૪**

- આજ રોજ યુનિસન ફાર્માસ્યુટીકલ કંપનીમાં આપણા સેન્ટરના સ્ટાફે વિઝીટ કરી, તે કંપનીના વર્કરને T.T. ના ઇંજેક્શન કંપનીના કહેવાથી આપવાનું કાર્ય પૂર્ણ કર્યું.
- હેમટેક કંપનીમાં વર્કરનો મેડિકલ ફિટનેસ રીપોર્ટ આપ્યો.

**મંગળવાર, તા. ૧૮-૬-૨૦૨૪**

- આજ રોજ મોરૈયા ગામનાં ૯ ડૉક્ટરને ફરીવાર મળીને મેડિકલ સારવાર, સોનોગ્રાફી, ઈકો, બ્લડ રીપોર્ટ, પી.એફ.ટી. રીપોર્ટવાળા પેશન્ટ આવે તો પરમકૃપા મેડિકલ સેન્ટર પર મોકલી શકાશે એ વિષયે તેમની સાથે ચર્ચા કરેલ હતી.

**બુધવાર, તા. ૧૯-૬-૨૦૨૪**

- આજ રોજ પાર્શ્વમ ફિલ્ટ્રેશન - મોરૈયા ખાતે કંપની જોડે ટાઈ-અપ કર્યું. તેમની કંપનીના ૫૦ કારીગરોની સારવાર સેન્ટરમાં કરાવશે તેનો ટાઈ-અપ લેટર લીધો.

**શનિવાર, તા. ૨૨-૬-૨૦૨૪**

- આજ રોજ ડૉ. રીધ્ધિબેન જોશી સેન્ટરની મુલાકાતે આવ્યા અને શ્રી ગિરીશભાઈ પોલડિયા, ડૉ. એ.એ. કડિયાવાલા અને નર્સિંગ સ્ટાફ સાથે મીટિંગ કરી અને જરૂરી માર્ગદર્શન આપ્યું.

**મંગળવાર, તા. ૨૫-૬-૨૦૨૪**

- આજ રોજ MBR Flexible કંપની – જેની સાથે ટાઈ-અપ કરેલ છે, તેમના નવા HR શ્રી મયુરભાઈ ડોડિયાને મળીને પેશન્ટ બાબતે ચર્ચા કરી તેમજ સેન્ટરની માહિતી આપી.

**બુધવાર, તા. ૨૬-૬-૨૦૨૪**

- આજ રોજ શ્રી પ્રતીક વ્યાસે પાલડી ભવન ખાતે મુલાકાત લીધી અને ત્યાં ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી વિશાલ શાહ તેમજ HR ડિપાર્ટમેન્ટમાં શ્રી ખુશબુબેનને મળ્યા અને મેનેજમેન્ટના કામ બાબતે મીટિંગ કરી.
- આજ રોજ સલામતી સિક્યોરીટી કંપનીના સુપરવાઈઝર શ્રી સંજયભાઈ રાઠોડને મળીને તેમના નવા વર્કરનું મેડિકલ ફિટનેસ કરાવવા બાબતે ચર્ચા કરી અને તેમના કહેવા મુજબ રીપોર્ટનું ક્વોટેશન આપ્યું.

**ગુરૂવાર, તા. ૨૭-૬-૨૦૨૪**

- આજ રોજ ડૉ. હિતેન્દ્રભાઈ શાહે સેન્ટરની મુલાકાત લીધી અને શ્રી ગિરીશભાઈ પોલડિયા અને પ્રતીક વ્યાસ સાથે સેન્ટરના મેનેજમેન્ટ તેમજ પેશન્ટ બાબતે ચર્ચા કરી અને ડૉ. એ.એ. કડિયાવાલા સાથે મીટિંગ કરી.
- આજ રોજ એમનીલ ફાર્મા કંપનીના ૭ વર્કરની મેડિકલ ફિટનેસની ફાઈલ આપવાનું કાર્ય કર્યું.

**શુક્રવાર, તા. ૨૮-૬-૨૦૨૪**

- આજ રોજ તા. ૨૬-૬-૨૦૨૪ના રોજ સલામતી સિક્યોરીટી કંપનીના નવા વર્કરનું મેડિકલ ફિટનેસનું કામ શરૂ થયું.
- આજ રોજ શ્રી ગિરીશભાઈ પોલડિયાને મળીને સેન્ટરમાં મેનેજમેન્ટના કામ બાબતે ચર્ચા કરી.
- ઝાયડસ બાયોટેક કંપનીમાં વર્કરની ફાઈલ આપવાનું કામ કર્યું.

**શનિવાર, તા. ૨૯-૬-૨૦૨૪**

- આજ રોજ ડૉ. રીધ્ધિબેને સેન્ટરની મુલાકાત લીધી. ડૉ. પાર્થ પટેલ - જનરલ સર્જન, શ્રી ગિરીશભાઈ પોલડિયા, નર્સિંગ સ્ટાફ અને પ્રતીક વ્યાસ સાથે જનરલ સર્જનના પેશન્ટ બાબતે ચર્ચા કરી.
- આજ રોજ શ્રી ગિરીશભાઈ પોલડિયાનો સેન્ટરમાં છેલ્લો દિવસ હોવાથી સેન્ટરના લેબોરેટરી, ડેન્ટલ, સ્ટેશનરી, મેડિકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, જરૂરી ફાઈલો વગેરે સ્ટોકનું કામ પૂર્ણ કર્યું અને શ્રી ગિરીશભાઈ પોલડિયાની વિદાય શુભેચ્છાનું આયોજન કરી શુભેચ્છાઓ આપી.

**સોમવાર, તા. ૧-૭-૨૦૨૪**

- આજથી શ્રી પ્રતીક વ્યાસે મેનેજમેન્ટનું કામ સંભાળ્યું અને ડૉક્ટરની સેલેરી અને સ્ટાફની સેલેરી અને કંપનીના બીલો બનાવવાનું કામ પૂર્ણ કર્યું.

**ગુરૂવાર, તા. ૪-૭-૨૦૨૪**

- આજ રોજ હેમા રેમેડાઈઝ કંપનીના નવા વર્કરનું મેડિકલ ફિટનેસનું કામ સેન્ટરમાં શરૂ કરાવ્યું.
- આજ રોજ વિમલ કંપનીમાંથી શ્રી સચીનભાઈ અરોરા (HR Head) અને શ્રી શશીકાંતભાઈ તિવારી (પ્રોડક્શન ઈન્ચાર્જ) એ બ્લડ રીપોર્ટ કરાવવા સેન્ટરની મુલાકાત લીધી.
- આજ રોજ ક્લાઉડ ઈન્ટરનેશનલ કંપનીમાં મુલાકાત લીધી અને ત્યાં શ્રી નીતિનભાઈને મળીને સેન્ટરમાં થતી સારવાર વિશે માહિતી આપી અને મેડિકલ સારવાર માટે પેશન્ટ સેન્ટર ઉપર મોકલવા વિનંતી કરી.

**શુક્રવાર, તા. ૫-૭-૨૦૨૪**

- આજ રોજ યુફોરિયા કંપનીમાં મુલાકાત લીધી અને ત્યાં શ્રી નરેન્દ્રભાઈ (HR)ને મળીને સેન્ટર સાથે ટાઈ-અપ બાબતે ચર્ચા કરી અને જરૂરી ડોક્યુમેન્ટ્સ આપ્યા.
- આજ રોજ ડૉ. દેવલ પંચોલી (ઓર્થોપેડિક) સાથે મીટિંગ કરી અને ડૉ. રીધ્ધિબેન સાથે ટેલીફોનમાં વાત કરાવી અઠવાડિયામાં ૩ દિવસની જગ્યાએ સોમવારથી શનિવાર સુધી સવારની ઓ.પી.ડી. શરૂ કરી.

**શનિવાર, તા. ૬-૭-૨૦૨૪**

- આજ રોજ હેમા રેમેડાઈઝ કંપનીનું મે-૨૦૨૪ના બીલનું પેમેન્ટ લીધું.
- હેમસ્ટાર કંપનીમાં મેડિકલ ફિટનેસ આપવાનું કામ પૂર્ણ કર્યું.

● આજ રોજ ડૉ. રીધ્ધિબેને સેન્ટરની મુલાકાત લીધી. ડૉ. એ.એ. કડિયાવાલા, શ્રી પ્રતીક વ્યાસ તથા સેન્ટરના તમામ સ્ટાફ સાથે કામ બાબતે, શિસ્ત બાબતે તેમજ પેશન્ટ બાબતે માર્ગદર્શન આપ્યું.

**સોમવાર, તા. ૮-૭-૨૦૨૪**

● આજ રોજ શ્રી પ્રતીક વ્યાસે પાલડી ભવન ખાતે મુલાકાત લીધી અને જરૂરી બીલો આપ્યા.

**શનિવાર, તા. ૧૩-૭-૨૦૨૪**

● આજ રોજ ડૉ. રીધ્ધિબેને સેન્ટરની મુલાકાત લીધી. ડૉ. કડિયાવાલા, પ્રતીક વ્યાસ તેમજ સ્ટાફ સાથે કામ બાબતે તથા પેશન્ટ બાબતે માર્ગદર્શન આપ્યું.

● હેમટેક કંપનીમાં ૩ વર્કરના મેડિકલ ફિટનેસ રીપોર્ટ આપ્યા.

**રવિવાર, તા. ૧૪-૭-૨૦૨૪**

● આજ રોજ રવિવારના દિવસે ડેન્ટલ ઓ.પી.ડી.માં કોમ્પ્રેસરની મોટર બગડી ગયેલ હતી. જે એન્જિનિયર સાથે રહીને નવી મોટર નાંખીને કામ પૂર્ણ કર્યું.

**સોમવાર, તા. ૧૫-૭-૨૦૨૪**

● આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહ સેન્ટરની મુલાકાતે આવ્યા અને ડૉ. કડિયાવાલા, પ્રતીક વ્યાસ તેમજ અન્ય સ્ટાફ સાથે મીટિંગ કરી. પ્રતીક વ્યાસને સેન્ટરમાં કામ બાબતે ચર્ચા કરી અને જરૂરી માર્ગદર્શન આપ્યું.

**મંગળવાર, તા. ૧૬-૭-૨૦૨૪**

● આજ રોજ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી હિરેન શાહના મામા શ્રી મહેન્દ્રભાઈ શાહે (ભાવનગર રહેવાસી) પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે મુલાકાત લીધી અને પ્રતીક વ્યાસ સાથે સેન્ટરની વિઝીટ કરી અને સેન્ટરના જરૂરી ફોટા પાડ્યા. સેન્ટરના તમામ સ્ટાફને મળ્યા. ■

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**તા. ૧૬-૦૫-૨૦૨૪થી તા. ૧૬-૦૬-૨૦૨૪ સુધી**
**'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી**

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | શાંતિલાલ રામજી લાલકા | હુબલી | ૨૧-૦૬-૨૪ |
| ૨. | તલકચંદ મોરારજી દેઢિયા | અમદાવાદ | ૦૮-૦૭-૨૪ |
| ૩. | તેજસ હસમુખ બાબુભાઈ શાહ | અમદાવાદ | ૦૯-૦૭-૨૪ |
| ૪. | પ્રફુલ અરવિંદ શાહ | અમદાવાદ | ૧૧-૦૭-૨૪ |
| **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | સુરેન્દ્ર મૂલચંદ રાજગોર | મુંબઈ | ૨૫-૦૬-૨૪ |
| **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | સંજય ભાઈચંદ બાબરીયા | અમદાવાદ | ૧૬-૦૬-૨૪ |
| ૨. | રેણુકાબેન રતિલાલ લાલકા | આદિપુર | ૦૨-૦૭-૨૪ |
| **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | મિલન મહેન્દ્રભાઈ મહેતા | અમદાવાદ | ૨૪-૦૬-૨૪ |
| ૨. | રાહુલ નવીનચંદ્ર સંઘવી | અમદાવાદ | ૨૭-૦૬-૨૪ |
| **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | ગુણવંતીબેન ગુલાબચંદ ડાઘા | અમદાવાદ | ૦૮-૦૭-૨૪ |

*તફાવત એ જ છે તારા અને મારા વિશે, જાહિદ!*
*વિચારીને તું જીવે છે, હું જીવીને વિચારું છું.*
*– અમૃત ઘાયલ*



## શ્રી કચ્છી જૈન સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ. – અમદાવાદ

આ ક્રેડિટ સોસાયટી છેલ્લા ૧૦થી વધુ વર્ષોથી કચ્છ જૈન સેવા સમાજના પાલડી ભવન ખાતે કાર્યરત છે.

ક્રેડિટ સોસાયટીમાં અમદાવાદમાં વસવાટ કરતા કોઈપણ કચ્છી જૈન વ્યક્તિ રૂા. ૧૦૦૦/-નાં શેર ખરીદી સભ્યપદ મેળવી શકે છે.

ક્રેડિટ સોસાયટીમાં બચત ખાતા તેમજ બાંધી મુદતની થાપણ પર આકર્ષક વ્યાજ આપવામાં આવે છે.

ક્રેડિટ સોસાયટી દ્વારા જરૂરિયાતમંદ સભ્યને રૂા. બે લાખ સુધીની લોન ખૂબજ ઓછા વ્યાજ દરે આપવામાં આવે છે.

***સભ્ય બનવા માટે કે લોન સંબંધિત માહિતી મેળવવા માટે સંપર્ક કરો : દેવેશ દંડ : મો. ૮૯૮૦૪ ૬૦૮૨૦.***

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **મોનિષ ભૂપેન્દ્રભાઈ શાંતિદાસ વોરા**
  એચ-૮૨, મેનેજમેન્ટ એન્કલેવ, 'એચ' ટાવર,
  હીરા પન્ના એપાર્ટમેન્ટની સામે,
  નીલગગન ટાવર પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૨૭૭૯ ૫૭૩૮૫
- **રાજેશ લક્ષ્મીચંદ જીવરાજ મોતા**
  ૩૦૩, ગિરીરાજ એપાર્ટમેન્ટ,
  હીરાભાઈ ટાવર પાછળ, ઉત્તમનગર,
  મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
  મો. ૮૪૮૮૮ ૮૧૩૪૪, ૬૩૫૫૭ ૪૯૫૧૦
- **જયંતીલાલ જગજીવનદાસ કાલીદાસ સંઘવી**
  બી-૧૮૦૩, ૧૮મા માળે, તક્ષશિલા એર,
  ટાઉનહોલની પાછળ, એલિસબ્રિજ,
  અમદાવાદ-૩૮૦ ૦૦૬.
  મો. ૯૮૨૫૩ ૩૬૪૫૨, ૭૦૬૯૦ ૩૬૪૫૨
- **જયંતીલાલ રતનશી ખેરાજ વીરા**
  એ-૬, કીર્તિ એપાર્ટમેન્ટ,
  સિવિલ હોસ્પિટલ ગેટ નં.-૨ની સામે,
  શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
  મો. ૯૩૭૫૫ ૮૮૮૬૬, ૮૪૬૦૬ ૮૨૪૪૦

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર - ગીતામંદિર

રૂા. ૩,૦૦,૦૦૦/- શ્રીમતી ભારતીબેન સી. ત્રિવેદી - અમદાવાદ

### પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

રૂા. ૩,૦૦,૦૦૦/- શ્રીમતી ભારતીબેન સી. ત્રિવેદી - અમદાવાદ

### સરસ્વતી સન્માન (વિદ્યાર્થી પુરસ્કાર) સમિતિ

રૂા. ૩૦,૦૦૦/- દીપ ફાઉન્ડેશન - અમદાવાદ

રૂા. ૩૦,૦૦૦/- શ્રી ઉલ્લાસ મનુભાઈ શાહ - અમદાવાદ

### જનરલ ડોનેશન

રૂા. ૨૫,૦૦૦/- શ્રીમતી રેખાબેન રાજેન્દ્રપ્રસાદ શાહ - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- શ્રીમતી કિંજલ હર્ષિત દફતરી - અમદાવાદ

### વયસ્ક સમિતિ

રૂા. ૧૫,૦૦૦/- શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહ - અમદાવાદ

રૂા. ૧૧,૧૧૧/- શ્રી હસમુખ ડી. શાહ (દેઢિયા) - અમદાવાદ

### મેડિકલ જનરલ ડોનેશન

રૂા. ૧,૦૦૦/- શ્રી દેવેન વી. શાહ - અમદાવાદ

### મંગલ મંદિર ડોનેશન

રૂા. ૫૦૦/- શ્રી રાજેશ માયાચંદ ધનજી સંઘવી તરફથી તેમનો દીકરો કીર્તિ સંઘવી ૯૧.૫૦% માર્કસ મેળવીને બોર્ડમાં ઉત્તીર્ણ થયો તેની ખુશાલી નિમિત્તે - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

# સમાજનું ગૌરવ



**કીર્તિ રાજેશભાઈ સંઘવી**

કચ્છ વાગડ વિસ્તારના આદિસરના સ્વ. માયાચંદ ધનજી સંઘવીના પુત્ર રાજેશભાઈ માયાચંદ સંઘવી જેઓ અમદાવાદમાં રહે છે.

શ્રી રાજેશભાઈ સંઘવીના પુત્ર ચિ. કીર્તિ સંઘવીએ ચાલુ વર્ષે શ્રી કચ્છ કેસરી જૈનાચાર્ય પૂનમચંદ્રજી હાઈસ્કૂલ - સોનગઢ – ભાવનગર, SSC માં ગુજરાતી મીડિયમની પરીક્ષા આપી સફળતાપૂર્વક ૯૧.૫૦% માર્કસ મેળવેલ છે. પર્સન્ટાઇલની ભાષામાં ૯૭.૫૧ મેળવેલ છે. સ્કૂલમાં દ્વિતીય ક્રમાંકે આવેલ છે.

ચિ. કીર્તિને જ્વલંત સિદ્ધિ મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

તેઓશ્રી પોતાની સફળતા બદલ સ્કૂલ મેનેજમેન્ટ, સ્કૂલના શિક્ષકો, માતા-પિતા-ભાઈના આશિર્વાદને અગ્રીમતા આપે છે.

***આપણે ઈચ્છીએ કે ચિ. કીર્તિ જ્વલંત કારકિર્દીને પામી પોતાને, પરિવારને, સમાજને અને રાષ્ટ્રને તેનો લાભ આપે.***

With Best Compliments From
Sathwara Construction
C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

INDOTEX
PAINTS
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦
શાંતિનાથ ડેકોરેટર્સ
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.




Book Shelf
English & Gujarati books
For New Books Pl Check Our WhatsApp Status No : 9099000362
e-mail : bookshelfa@gmail.com | Visit us: www.gujaratibookshelf.com
16,City Center, Opp.Dominoz Pizza
Nr. Swastik Chaar Rasta, C.G.Road,Navrangpura, Ahmedabad.380 009
Like Us On | Book Shelf | Help Line No. 90990 00362 | Phone : 079 - 2644 1826



ચાહે કોઈ પણ યુગ હોય,
વિજય હંમેશાં સત્યનો જ થયો છે.
બસ થોડી ધીરજ અને ધૈર્યની જરૂરત છે.
બાકી આથમેલો સૂરજ સવારે ઉગવાનો જ છે.



સમય, તબિયત અને સંબંધ -
આ ત્રણેય ઉપર કિંમતનું લેબલ નથી હોતું
પણ જ્યારે એમને ગુમાવી દઈએ છીએ
ત્યારે તેની સાચી કિંમત સમજાય છે.



સમયની સાથે ચાલવું જરૂરી નથી, સત્યની સાથે ચાલો.
એક દિવસ સમય આપની સાથે ચાલવા લાગશે.

R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

BMCB BANK
ESTD 1995
Multi-State Bank

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.
Tel. : 26400969 ● www.bhujbank.com

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : ● વર્ષ ૨૦૨૨ : ૧૦% ● વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો
  સમય : સવારે ૧૦ થી સાંજે ૫

Speed up ur Business

* Conditions apply

SKYBLUE
STATIONERY MART
EVERY THING THAT YOU THINK

South Bopal : 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
Krutika Haria : 9099047163

Surdhara : GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
Piyush Salva : 9879568027

ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

Bharat B. Gala
M. : 93270 05460

SHREE Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

● શુભેચ્છા સહ ●

પ્રભુલાલ એમ. સંઘવી
ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬


**દૂધ, દહીં, છાશ, માખણ, ઘી વગેરે એક જ કુળના હોવા છતાં બધાની કિંમત એક સરખી નથી હોતી,**
**કેમ કે શ્રેષ્ઠતા જન્મથી નહીં પરંતુ કર્મથી પ્રાપ્ત થાય છે.**

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**